૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 89 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૧૬ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## સોનિયા, રાહુલ, પિત્રોડા સામે ચાર્જશીટ

**અદાલતે ઈડીને સરખી વાંચી શકાય એવા દસ્તાવેજોની નકલ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસના અમુક આરોપી સાંસદો હોવાથી આ કેસ દિલ્હીની રાઉઝ એવેન્યૂ કોર્ટ એસીજેએમ-૦૩ની અદાલતમાં ચલાવાશે**

▸ નેશનલ હેરલ્ડના મની લૉન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહી ▸ કોર્ટમાં પચીસમીએ સુનાવણી
▸ મુંબઈના બાન્દ્રાની પ્રોપર્ટીના સંબંધે નોટિસ ▸ ₹ ૭૦૦ કરોડથી વધુની મિલકત જપ્ત કરવા પગલાં

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ નેશનલ હેરલ્ડ અંગેના મની લૉન્ડરિંગ (કાળાં નાણાં ધોળાં કરવાના) કેસમાં અહીંની અદાલતમાં દાખલ કરેલી પ્રૉસિક્યૂશન કમ્પ્લેન્ટ (ચાર્જશીટ - તહોમતનામા)માં કૉંગ્રેસનાં અગ્રણી નેતાઓ - સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા, સુમાન દુબે સહિત અનેકના નામ છે.

દિલ્હીના રાઉઝ એવેન્યૂ કોર્ટમાં કરાયેલા આ કેસની આગામી સુનાવણી પચીસમી એપ્રિલે થશે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે આ કેસમાં અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી અને મુંબઈના બાન્દ્રા પૂર્વ (પ્લોટ નંબર બે, સર્વે નંબર ૩૪૧), દિલ્હીના હેરલ્ડ હાઉસમાંની કેટલીક જગ્યા અને ઉત્તર પ્રદેશના લખનઊમાંની એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડની ઇમારતમાંની ભાડાંની રકમ ઇડીના ડિરેક્ટર પાસે જમા કરાવવા નોટિસ અપાઇ હોવાનું કહેવાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે આ પ્રકરણમાં સોનિયા અને રાહુલ ગાંધીના નિયંત્રણ હેઠળ હોવાનું કહેવાતા એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડની રૂપિયા ૭૦૦ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

ઇડીએ આ પ્રકરણમાં કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિ-

(જુઓ પાનું ૨) ▸▸

## આ વર્ષે સરેરાશ કરતાં વધુ વરસાદની આગાહી

નવી દિલ્હીઃ આ વરસે ચોમાસામાં સરેરાશ કરતાં વધુ વરસાદ થશે એવી આગાહી હવામાન ખાતાએ કરી છે. સમગ્ર ચોમાસા દરમિયાન અલ નીનોની પરિસ્થિતિ નિર્માણ પામવાની શક્યતાને હવામાન ખાતાએ મંગળવારે ભારપૂર્વક નકારી કાઢી હતી.

ભારતીય ઉપખંડમાં અલ નીનોની પરિસ્થિતિ સામાન્ય કરતાં ઓછાં વરસાદ સાથે સંકળાયેલી છે. જોકે આ વરસે ભારતમાં અલ નીનોની પરિસ્થિતિ નિર્માણ પામવાની શક્યતાને તેમણે નકારી કાઢી હતી.

જૂનથી સપ્ટેમ્બરના ચાર મહિનાની ચોમાસાની સિઝન દરમિયાન દેશમાં સરેરાશ કરતાં વધુ એટલે કે ૧૦૫ ટકા વરસાદ થશે જે લાંબા સમયની વાર્ષિક સરેરાશ ૮૭ સે.મી. કરતાં વધુ હશે, એમ હવામાન ખાતાના વડા મૃત્યુંજય મોહાપાત્રાએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

હવામાન ખાતાના જણાવ્યાનુસાર પચાસ વર્ષની ૮૭ સે.મી. વરસાદની સરેરાશ જોતાં ૯૬થી ૧૦૪ ટકા સુધીના વરસાદને સામાન્ય લેખવામાં આવે છે. લાંબાગાળાના ૯૦ ટકા કરતાં ઓછાં વરસાદને વરસાદની ખાધ તેમ જ ૯૦થી ૯૫ ટકા વચ્ચેના વરસાદને સામાન્ય કરતાં ઓછો, ૧૦૫થી ૧૧૦ ટકા વચ્ચેના વરસાદને સામાન્ય કરતાં વધુ અને ૧૧૦ ટકાથી વધુ વરસાદને વધારેપડતો લેખવામાં આવે છે. આ વરસે ચોમાસા દરમિયાન જમ્મુ-કાશ્મીરના અમુક હિસ્સા, લદાખ, તમિળનાડુ, બિહાર અને ઈશાનના રાજ્યમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડે તેવી શક્યતા છે.

દેશના અનેક વિસ્તારો હાલ કાળઝાળ ગરમીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે અને એપ્રિલથી જૂનના સમયગાળામાં હિટવેવના દિવસોની સંખ્યાનું પ્રમાણ વધુ રહે તેવી શક્યતા છે જેને કારણે પાવરગ્રીડ પર અસર પડવાની અને પાણીની અછત સર્જાવાની શક્યતા છે.

આ વર્ષનું ચોમાસું દેશના કૃષિક્ષેત્ર માટે મહત્ત્વનું છે. કૃષિક્ષેત્ર દેશના ૪૨.૩ ટકા લોકોના જીવનનિર્વાહને ટેકો આપે છે અને દેશના કુલ જીડીપીમાં તેનું યોગદાન ૧૮.૨ ટકા જેટલું છે.

ખેતીવાડીની બાવન ટકા જમીન પ્રાથમિક રીતે વરસાદ પર આધાર રાખે છે. દેશભરમાં વીજળીના ઉત્પાદન ઉપરાંત પીવાના પાણીનો સંગ્રહ કરતાં જળાશયો માટે પણ વરસાદ મહત્ત્વનો છે.

સિઝન દરમિયાન વરસાદ સામાન્ય કરતાં વધુ રહેશે તેવી આગાહી દેશ માટે મોટી રાહત સમાન છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વરસાદના દિવસોની સંખ્યા ઘટી રહી છે અને ટૂંકા સમયમાં વધુ વરસાદની ઘટનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આ કારણે અવારનવાર દુષ્કાળ અને ભારે પૂર જેવી પરિસ્થિતિ નિર્માણ થતી જોવા મળી રહી છે. (એજન્સી) ■

## સહારા ગ્રૂપ સામેના કેસમાં ઈડીએ લોનાવલામાં એમ્બી વેલી પર ટાંચ મારી

નવી દિલ્હીઃ સહારા ગ્રૂપ વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે મહારાષ્ટ્રના લોનાવાલામાં ૭૦૭ એકરના ૧૪૬૦ કરોડના વૈભવી એમ્બી વેલી સિટી અને તેના રમણીય આસપાસના વિસ્તાર પર ટાંચ મારી હોવાનું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે જણાવ્યું હતું.

પુણે જિલ્લામાં સહ્યાદ્રી પર્વતમાળામાં વસેલા રહેણાંક અને મનોરંજન માટે જાણીતું શહેર એક સમયે ''ભારતનું પ્રથમ પર્વતીય શહેર'' તરીકે ઓળખાવાયું હતું. આ વૈભવી શહેરમાં ઉચ્ચ પ્રકારની જીવનશૈલી અનુસાર મોટા ગોલ્ફ કોર્સ, તળાવો, વિલા, લાકડાના ઘર અને કોટેજનો સમાવેશ થતો હતો.

એમ્બી વેલી સિટી પર ટાંચ મારવા માટે

(જુઓ પાનું ૨) ▸▸

## શૅરબજારમાં તેજીનો ઉછાળોઃ ટેરિફના ટેન્શનને ફગાવી આખલો ગેલમાં આવ્યો

**સેન્સેક્સે લગાવી ૧૫૭૮ પોઈન્ટની છલાંગ, માર્કેટ કેપમાં ₹ ૧૦.૫૭ લાખ કરોડનો ઉમેરો**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ ટ્રમ્પે ઇલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ પરની ટેરિફ સ્થગિત રાખવાની જાહેરાત કરી ત્યારબાદ વિશ્વબજારમાં આવેલા તેજીના ઉછાળાને ઝીલતાં સ્થાનિક બજારે પણ સપ્તાહની શરૂઆત જોરદાર ઉછાળા સાથે કરી છે. ટેરિફના ફટકાને ફગાવીને સેન્સેક્સે ૧૫૭૮ પોઇન્ટની છલાંગ લગાવી છે, તો નિફ્ટીએ ૨૩,૩૦૦ની સપાટી વટાવી નાખી છે.

આ ઉછાળા સાથે બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧૦.૫૭ લાખ કરોડના ઉછાળા સાથે રૂ. ૪૦૧.૬૭ લાખ કરોડથી વધીને રૂ. ૪૧૨.૨૪

(જુઓ પાનું ૨) ▸▸

## રમખાણ કરનારાઓનો એક જ ઈલાજ ‘દંડો’ છેઃ યોગી

**‘બંગાળ સળગી રહ્યું છે, પણ મમતા ચુપકીદી સેવી રહ્યાં છે’**

હરદોઇ (ઉત્તર પ્રદેશ)ઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સુધારિત વક્ફ કાયદાના સંદર્ભે પશ્ચિમ બંગાળમાં ફાટી નીકળેલી હિંસાની મંગળવારે કડક શબ્દોમાં ટીકા કરતા જણાવ્યું હતું કે બંગાળ સળગી રહ્યું છે, પરંતુ તેનાં મુખ્ય પ્રધાન (મમતા બેનરજી) ચુપકીદી સેવી રહ્યાં છે અને રમખાણ કરનારા લોકોને ‘શાંતિના દૂત’ સાથે સરખાવે છે. તોફાનીઓનો એક માત્ર ઇલાજ ‘દંડો’ (લાકડી) જ છે.

યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે ‘લાતોં કે ભૂત બાતોં સે નહિ માનતે.’ રમખાણ કરનારા લોકોની સામે કડક પગલાં લેવા જોઇએ. ઉત્તર પ્રદેશના મુખ્ય

(જુઓ પાનું ૨) ▸▸

## મુર્શિદાબાદમાં હિંસા દરમિયાન પિતા-પુત્રની હત્યાના આરોપમાં બે ભાઇઓની ધરપકડ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ પોલીસે મંગળવારે મુર્શિદાબાદ જિલ્લામાં સાંપ્રદાયિક હિંસા દરમિયાન પિતા-પુત્રની ક્રૂર હત્યામાં કથિત સંડોવણી બદલ બે ભાઈઓની ધરપકડ કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ માહિતી આપી હતી. આ સાથે વક્ફ (સંશોધન) કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન મુસ્લિમ બહુમતીવાળા જિલ્લામાં તાજેતરમાં થયેલી હિંસાના સંબંધમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે બંને આરોપીઓની ઓળખ કાલુ નાદર અને દિલદાર નાદર તરીકે થઈ છે. બંને આરોપીઓ જાફરાબાદ વિસ્તારના રહેવાસી છે જ્યાં પિતા અને પુત્ર રહેતા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનમાં માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત

પેશાવરઃ ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં મંગળવારે એક ટ્રક અને પેસેન્જર કોચ વચ્ચે સામસામે ટક્કરમાં ઓછામાં ઓછા દસ લોકોનાં મોત થયાં હતાં અને આઠ ઘાયલ થયા હતા.

ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કરક જિલ્લામાં મુખ્ય સિંધુ હાઇવે પર લક્કી ઘુંડા ખેલ નજીક આ અકસ્માત થયો હતો, એમ ૧૧૨૨ રેસ્ક્યુના પ્રવક્તાએ અહીં જણાવ્યું હતું.



**રાહત કામગીરીઃ** મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં મંગળવારે ખામગાંવ-નંદૂરા રોડ પર બસ અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માત બાદ રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. (એજન્સી)

## મોદી શનિવારે કટરા-શ્રીનગર રૂટ પર ચાલનારી વંદેભારતનું ઉદ્‌ઘાટન કરશે

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : કાશ્મીરને રેલ વડે આખા ભારત સાથે જોડવાની કવાયત વચ્ચે એવા નિરાશાજનક સમાચાર આવ્યા છે કે શરૂઆતમાં કટરા-શ્રીનગર રૂટ પર એક જ ટ્રેન ચાલશે જેનું વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૯ એપ્રિલે શનિવારે ઉદ્‌ઘાટન કરશે. હાલમાં જે રૂટ પૂરો કરવામાં છ-સાત કલાક લાગે છે એ રૂટ હવે ત્રણ કલાકમાં પૂરો થશે. મોદીના કટરાના આગમનને ધ્યાનમાં રાખીને રિયાસી, માહૌર, કટરા અને બનિહાલના વિવિધ ભાગોમાં સુરક્ષા વધારવામાં આવી છે. કટરાથી બનિહાલ સુધીની રેલવે લાઈનમાં સુરક્ષા દળોની હાજરી વધારવામાં આવી છે અને ડ્રોન અને સીસીટીવી કેમેરા વડે આખા રૂટ પર નજર રાખવામાં આવી છે.પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાતે સોમવારે ઉચ્ચસ્તરીય બેઠકમાં વડા પ્રધાનની મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ રેલમાર્ગ પર હાલમાં સેમી હાઈસ્પીડ ટ્રેન ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિન્કથી પસાર થશે. ઉત્તર રેલવે ઝોન દ્વારા સંચાલિત અને જાળવણી થનારી આ ટ્રેન એક એવા રૂટને આવરી લશે જે અતિશય સુંદર છે. જેમાં ટનલ અને પુલ છે જે પહાડી વિસ્તારમાંથી પસાર થાય છે. ૨૭૨ કિલોમીટરના આ રૂટમાં ૩૬ મુખ્ય ટનલ છે જે સુમારે ૧૧૯ કિલોમીટર સુધી ફેલાયેલી છે. આમાં અમુક અગત્યની ટનલ પણ છે. જેમાં ટનલ ટી-૨૦ (૧૨.૭૭ કિલોમીટર) ભારતની સૌથી લાંબી પરિવહન ટનલ છે. જે સુંબર અને ખારીને જોડે છે. ટનલ બનાવાની નવી ટેકિનકનો ઉપયોગ કરીને ટનલને વિકટ પર્વતની અંદરથી પસાર કરવામાં આવે છે. આમાં કટોકટીના સમયે એક સમાંતર એસ્કેપ ટનલ પણ છે અને આના ખોદકામમાં ઝડપ લાવવા તેને ત્રણ એકસેસ પોઈન્ટ (એડિટ)થી બનાવવામાં આવી છે. સુરંગ ટી-૮૦(૧૧.૨ કિલોમીટર) બનિહાલ અને કાજીગુંડ વચ્ચે પીર પંજાલ રેન્જની નીચે બનાવવામાં આવી છે. આ ટનલ હિમથી ઢંકાયેલા પહાડના સાંકડા રસ્તામાંથી પસાર થાય છે. જ્યારે ટનલ ૨૩ (૩.૧૫ કિલમીટર) અને ટનલ ટી-૧ (૩.૨૦૯ કિલોમીટર) અસ્થિર ખડક અને ઉચ્ચ જલ પ્રવેશને નેવિગેટ કરવા ઉચ્ચ હસ્તક્ષેપની જરૂર હતી. એ જ રીતે ટનલ ટી-૨૫ (ત્રણ કિલોમીટર)ને ભૂમિગત જલધારાની શોધને લીધે બનાવામાં છ વર્ષ લાગી ગયા. આ માટે ટનલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

છેલ્લાં બે વર્ષમાં આ રૂટના વિવિધ ખંડ પર ટ્રાયલ લેવામાં આવી હતી. આમાં ચિનાબ અને અંજી પુલ જેવા પ્રતિષ્ઠિત નિર્માણો પણ છે. કાશ્મીરને રેલવે વડે જોડવાની યોજના ૧૯૯૭માં શરૂ થઈ. આમાં અનેક ભૂવૈજ્ઞાનિક, સ્થળ તથા હવામાન સંબંધી અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આને લીધે ઘણી વાર ડેડલાઈન ચુકી જવાઈ.

એન્જિનિયરિંગ સિદ્ધિમાં ચિનાબ પુલના નિર્માણનો સમાવેશ થાય છે. આ દુનિયાનો સૌથી ઊંચો રેલવે આર્ચ બ્રિજ છે જેની ઊંચાઈ ૩૫૯ મીટર છે . આ પુલ એફિલ ટાવરથી ૩૫ મીટર ઊંચો છે. અહીં ભૂકંપ આવવાનુ જોખમ હોવાથી પુલનો પાયો નાખવો એક મોટો પડકાર હતો. આ પુલ આઠની તીવ્રતાવાળા ભૂકંપનો પણ સામનો કરી શકે એવો બનાવ્યો છે. આને મજબૂતી દેવા રોક બોલ્ટિંગ વિધિ અને ૩૦,૦૦૦ ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### કાશ્મીરમાં ચાલનારી વંદેભારત ખાસ છે

જમ્મુથી કાશ્મીર સુધીની યાત્રા રેલવેથી કરવા ઈચ્છુક લોકો માટે આ અગત્યની માહિતી છે કે આ અઠવાડિયે શરૂ થનારી વંદેભારત ખાસ પ્રકારની છે. મોદી વંદે ભારત ચેર કારનું ઉદ્‌ઘાટન કરશે જે કટરા અને શ્રીનગર વચ્ચેનું અંતર ફક્ત ત્રણ કલાકમાં પૂરું કરશે.

રેલવે અધિકારીએ માહિતી આપી હતી કે કટડાથી શ્રીનગર રોડ માર્ગે જવામાં છ-સાત કલાક લાગે છે. જ્યારે ઉડાણમાં એક કલાકનો સમય લાગે છે.

રેલ અધિકારીઓએ આ ગાડીની વિશેષતાઓ જણાવતા કહ્યું હતું કે આમાં વિન્ડશિલ્ડમાં હીટિંગ એલીમેન્ટ, પાણી અને બાયો-ટોયલેટમાં સિલિકોન હીટિંગ પેડ, ગરમ પાઈપલાઈન અને દેશી સ્ટાઈલના ટોયલેટમાં હીટરનો સમાવેશ થાય છે.

ટ્રેનમાં એ અપગ્રેડેશનને લીધે આ ગાડી બારે મહિના ચાલુ રહેશે. કાશ્મીરની કાતિલ ઠંડીમાં આ ટ્રેન ચાલુ રહેશે. આ ટ્રેનમાં બે ક્લાસ છે-એક એક્ઝિક્યુટિવ ક્લાસ અને સાત એસી ચેર કાર કોચ હશે.

કાશ્મીરમાં તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે ઊતરી જાય છે. આથી ટ્રેનમાં ઘણા અનુકૂલન કરવા પડ્યા છે. આ ખાસ ટ્રેન ખરાબ હવામાનમાં પણ ચાલુ રહેશે.

હવે સત્તાવાર જાહેરાત થઈ ગઈ છે. શરૂઆતમાં ટ્રેન દરરોજ એક જ વાર ચાલશે અને જરૂરિયાતો અને ડિમાન્ડના આધારે એની ફ્રીકવન્સી વધારી શકાય. ડિમાન્ડ પ્રમાણે રેલરૂટને વિસ્તારી પણ શકાય.




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘જય શ્રી રામ’ ના નારાના વિવાદ સાથે ભાજપને શું લેવાદેવા?

**તમિલનાડુ** વિધાનસભાએ પસાર કરેલાં બિલોને અટકાવી રાખવા બદલ સુપ્રીમ કોર્ટની અડફેટે ચડી ગયેલા તમિલનાડુના રાજ્યપાલ આર. એન. રવિ નવા વિવાદમાં ફસાયા છે. રવિ શનિવારે મદુરાઈની એક ખાનગી એન્જિનિયરિંગ કૉલેજના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન બન્યા હતા. કાર્યક્રમમાં રવિએ વિદ્યાર્થીઓને તેમના ભાષણના અંતે ઉત્સાહિત થવા કહ્યું અને વિદ્યાર્થીઓને ‘જય શ્રી રામ’ ના નારા લગાવવાનું કહ્યું તેમાં બખેડો ઊભો થઈ ગયો છે. રવિ વિદ્યાર્થીઓને ‘જય શ્રી રામ’ ના નારા લગાવવાનું કહેતા હોય એવો વીડિયો બહાર આવ્યો પછી ભાજપ સહિતના તમામ પક્ષોએ રવિને ઝાટકી કાઢ્યા છે.

તમિલનાડુમાં ડીએમકે-કૉંગ્રેસ સહિતના કહેવાતા સેક્યુલર પક્ષોની સરકાર છે ને રવિ સાથે તેમને પહેલેથી છત્રીસનો આંકડો છે એટલે તક મળતાં જ બધા તૂટી પડ્યા છે. કૉંગ્રેસ સહિતના પક્ષોનું કહેવું છે કે આર.એન. રવિ બંધારણીય હોદ્દા પર બેઠા છે ત્યારે ‘જય શ્રી રામ’ ના નારા લગાવવાનું વિદ્યાર્થીઓને કહેવા જેવાં કૃત્ય તેમને શોભતાં નથી. રવિ એક ધાર્મિક નેતાની જેમ બોલી રહ્યા છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપના પ્રચાર માસ્ટર બની ગયા છે.

તમિલનાડુના કહેવાતા શિક્ષણ વિશેની બનેલી સંસ્થા તમિલનાડુ સ્ટેટ કોમન સ્કૂલ સિસ્ટમ ફોરમ (એસપીસીએસએસ) એ પણ રવિ સામે વાંધો લીધો છે. ફોરમે રવિ સામે બંધારણીય શપથનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ કરીને તેમને તાત્કાલિક રાજ્યપાલપદ પરથી દૂર કરવાની માગ કરી છે. તમિલનાડુ સ્ટેટ યુનિફોર્મ સ્કૂલ સિસ્ટમ ફોરમનું કહેવું છે કે, રાજ્યપાલ રવિ તમિલનાડુના શૈક્ષણિક માળખા અને સાંસ્કૃતિક બાબતોથી અજાણ છે અને તમિલનાડુની શાળાઓ અને કૉલેજોમાં અનુસરવામાં આવતા અભ્યાસક્રમથી પણ અજાણ છે. અજ્ઞાન અને ઘમંડને કારણે રાજ્યપાલ શાંતિમાં ખલેલ પહોંચાડી રહ્યા છે.

ફોરમનો મત છે કે રાજ્યપાલ એક સમુદાયને બીજા સમુદાય સામે ઉશ્કેરવાના ઉદ્દેશ્યથી ખોટા વિચારો ફેલાવી રહ્યા છે. ફોરમે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પત્ર લખીને ભારતીય બંધારણની કલમ ૧૫૯નું ઉલ્લંઘન કરવા બદલ રવિને પદ પરથી દૂર કરવા વિનંતી કરી છે. બંધારણની કલમ ૧૫૯ રાજ્યપાલો દ્વારા લેવામાં આવતા શપથ સાથે સંબંધિત છે. આ કલમ હેઠળ રાજ્યપાલે બિનસાંપ્રદાયિક બનીને વર્તવું ફરજિયાત છે અને રાજ્યપાલ કોઈ ચોક્કસ ધર્મનો પ્રચાર નથી કરી શકતા. બીજાં ઘણાંએ પણ રવિની ટીકા કરી છે અને તેમનો મત પણ એ જ છે કે, રાજ્યપાલે ‘જય શ્રી રામ’ નારા બોલાવડાવીને પોતાના બંધારણીય હોદ્દાને લાંછન લગાડ્યું છે.

રાજ્યપાલ રવિએ ‘જય શ્રી રામ’ના નારા લગાવડાવીને બંધારણીય ગરિમાનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં એ રાષ્ટ્રપતિ નક્કી કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પણ ભાજપનાં છે એ જોતાં એ કદાચ રવિની તરફદારી કરે તો મામલો સુપ્રીમ કોર્ટમાં પણ જઈ શકે છે. મામલો સુપ્રીમ કોર્ટમાં જાય એ સંજોગોમાં સુપ્રીમ કોર્ટ શું કરશે એ ખબર નથી પણ રાજ્યપાલ રવિએ પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે તેમાં શંકા નથી. ભારતમાં હિંદુઓની બહુમતી છે તેથી રાજ્યપાલે ‘જય શ્રી રામ’ ના નારા લગાવડાવ્યા તેમાં શું આભ તૂટી પડ્યું એવો પણ ઘણાંનો મત હોઈ શકે. બલકે બહુમતી લોકોને મત એવો હોઈ શકે પણ આ મત બંધારણની જોગવાઈઓને અનુરૂપ નથી. રાજ્યપાલ તરીકે કોઈ ધર્મના નારા લગાવડાવવા એ ખોટું જ છે.

જેમને લાગતું હોય કે, રાજ્યપાલે કોલેજના વિદ્યાર્થીઓને ‘જય શ્રી રામ’ના નારા લગાવડાવ્યા તેમાં કશું ખોટું નથી તેમણે એક વાતનો વિચાર કરવો જોઈએ કે કોઈ મુસ્લિમ રાજ્યપાલ હોત ને તેણે અલ્લાહુ અકબર કે બીજો કોઈ નારો વિદ્યાર્થીઓ પાસે લગાવડાવ્યો હોત તો હિંદુઓ એ સહન કરી શકે? બિલકુલ ના કરી શકે. એ હરકત બંધારણીય જોગવાઈની વિરુદ્ધ જ કહેવાય અને આવી હરકતને બિલકુલ ના પોષાય.

મિશનરી સ્કૂલોમાં આપણાં બાળકોને ખ્રિસ્તી પ્રાર્થના કરાવાય તેની સામે આપણને વાંધો હોય જ છે તો આ ઘટના સામે વાંધો લેવાય તેમાં કશું ખોટું નથી. વ્યક્તિગત રીતે પણ રાજ્યપાલ રવિની ધાર્મિક માન્યતા ગમે તે હોય, વિદ્યાર્થીઓને એ નારા લગાવવાની ફરજ બિલકુલ ના પાડી શકાય. રવિને આ દેશના નાગરિક તરીકે પોતાની ધાર્મિક માન્યતાઓ રાખવાનો અધિકાર છે પણ બંધારણીય હોદ્દા પર બેઠા પછી તેમણે આ માન્યતાઓને બાજુ પર મૂકવી જ પડે, એક હિંદુ તરીકે નહીં પણ એક સેક્યુલર તરીકે જ વર્તવું પડે કેમ કે આ દેશનું બંધારણ ભારતને સેક્યુલર માને છે. ભારત હિંદુ રાષ્ટ્ર બને ત્યારે જે નારા લગાવવા હોય એ લગાવજો, એ વખતે કોઈ નહીં રોકે.

રવિએ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ ભરવા માટે ‘જય શ્રી રામ’ ના નારા લગાવડાવ્યા એવી દલીલ થાય છે. રાજ્યપાલ વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા જ માગતા હતા તો દેશનો જયજયકાર કરતા નારા પણ લગાવડાવી શક્યા હોત પણ તેના બદલે તેમણે ધર્મના નારા લગાવડાવ્યા. રાષ્ટ્ર ધર્મ કરતાં મહાન છે અને તેનાથી ઉપર કશું ના આવે એવું આપણે કહીએ છીએ. ધર્મને રાષ્ટ્રથી ઉપર ગણનારાંને આપણે ઝાટકીએ છીએ ત્યારે બંધારણીય હોદ્દા પર બેઠેલાં લોકોની તો એ ફરજ બને છે.

જો કે આ ઘટનાને ભાજપ અને સંઘ સાથે જોડી દેવાય છે એ રાજકીય ફાયદા માટેની હલકી હરકત છે. રાજ્યપાલે ‘જય શ્રી રામ’ ના નારા લગાવડાવ્યા એ તેમની અંગત પસંદગી છે ને તેને ભાજપ સાથે કંઈ લેવાદેવા નથી. નરેન્દ્ર મોદી હોય, અમિત શાહ હોય કે ભાજપના બંધારણીય હોદ્દા પર બેઠેલા બીજા કોઈ નેતા હોય, કોઈએ પોતે હોદ્દાની રૂએ હાજર રહ્યા હોય એવા કાર્યક્રમમાં હજુ સુધી આ રીતે ધર્મના નારા લગાવડાવ્યા હોય એવું નથી બન્યું. તો પછી આ ભાજપની વિચારધારા હોવાનું કઈ રીતે કહી શકાય?

આર.એન. રવિ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)માં સેવા આપી ચૂકેલા પૂર્વ આઈપીએસ અધિકારી છે. આરએન રવિએ ૨૦૨૧માં તમિલનાડુના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો એ પહેલાં કે પછી તેમને ભાજપ સાથે કંઈ લેવાદેવા નથી. આ સંજોગોમાં તેમની હરકતને ભાજપની હરકત કે વિચારધારા ના ગણાવી શકાય.

જે લોકો આ ઘટનાને ભાજપ કે સંઘ સાથે જોડી રહ્યા છે તેમના પોતાના રાજકીય સ્વાર્થ છે. ભાજપ હિંદુત્વને થોપીને આ દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવા માગે છે એવો ડર પેદા કરવાની મલિન માનસિકતા સાથે એ લોકો વર્તી રહ્યા છે. આ ડર પેદા કરીને ચોક્કસ સમુદાયની મતબેંકને પોતાની તરફ વાળવાના તેમના બદઈરાદા છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૬-૪-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી, દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે-દાપોલી, રત્નાગિરી)

- ભારતીય દિનાંક ૨૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૪ સુધી (તા. ૧૭મી), પછી જ્યેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૪-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૭ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૭-૧૫, રાત્રે ક. ૧૯-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – તૃતીયા. તૃતીયા. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૫૧. દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે-દાપોલી-રત્નાગિરી), વિંછુડો. અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૯-૫૬, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૧૮,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સંકષ્ટી ઉપવાસ, શ્રી ગણેશ પૂજા, જાપ, હવન, ચંદ્રદર્શન, શ્રી ગણેશને ચૂરમાના લાડુનું નૈવેદ્ય અર્પણ કરવું, શ્રી ગણેશ મંદિર દર્શન, યાત્રા, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિ દેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહીં. પ્રયાણ શુભ, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી, વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન, સ્થાવર લેવડદેવડ, બી વાવવું, ધાન્ય ભરવું નામકરણ, દેવદર્શન, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, શ્રી ગણેશ યાગ.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ પરિવારમાં દરેક સાથે સંપ જાળવે, ચંદ્ર-બુધ ત્રિકોણ પર્યટનનો શોખ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ કલ્પનાશીલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ટ્રમ્પની રાજકીય હરીફોને સાણસામાં લેવાની તૈયારી

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ડેમોક્રેટિક પાર્ટીની કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિઓ સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરે એવી શક્યતા છે.

ડેમોક્રેટ્સનું અગ્રણી ફંડરેઇઝિંગ પ્લેટફોર્મ ‘એક્ટબ્લૂ’ અને પક્ષનું સૌથી મોટું પ્રોટેસ્ટ ગ્રૂપ ‘ઇન્ડિવિઝિબલ’ પોતાના એટર્નીઓની સાથે મળીને ભાવિ કાનૂની-જંગ માટે તૈયારી કરી રહ્યા છે.

ડેમોક્રેટિક ગ્રૂપ્સનું પ્રતિનિધિત્વ કરતા ‘એલિયાસ લૉ ગ્રૂપ’નાં ‘પોલિટિકલ લૉ ચેર’ એઝરા રીસે જણાવ્યું હતું કે અમારા મોટા ભાગના અસીલોને ટ્રમ્પના વહીવટીતંત્રના લક્ષ્ય કે શિકાર બનવાનો ભય છે. અમે અમારા અસીલોને અદાલતોમાં બચાવ કરવા બનતા દરેક પ્રયાસ કરીશું.

એફબીઆઇના એક પ્રવક્તાને ‘એક્ટબ્લૂ’ અને ‘ઇન્ડિવિઝિબલ’ સામેની તપાસની શક્યતા અંગે પુછાયેલા સવાલનો જવાબ આપવાનું ટાળ્યું હતું.

વાઇટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું હતું કે જે કોઇ લોકોએ કાયદાનો ભંગ કર્યો છે, તેને સંભવિત કાર્યવાહીનો ભય રાખવો જોઇએ.

ટ્રમ્પે ગયા મહિને ન્યાય મંત્રાલયના એક કાર્યક્રમમાં પોતાની ‘ચીફ લૉ એન્ફોર્સમેન્ટ ઑફિસર’ ગણાવ્યા હતા. સામાન્ય રીતે આ હોદ્દો એટર્ની જનરલ સંભાળતા હોય છે.

ટ્રમ્પે ગયા બુધવારે એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરીને હૉમલૅન્ડ સિક્યોરિટીના ભૂતપૂર્વ અધિકારી માઇલ્સ ટેલરની તપાસ કરવા ન્યાય મંત્રાલયને આદેશ આપ્યો હતો. (એજન્સી)

# ગોવામાં ૪૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું

પણજી : ગોવાના ઈતિહાસમાં સૌથી મોટા પ્રમાણમાં કેફીદ્રવ્યો પકડવાના કિસ્સામાં પોલીસે ૪૩ કરોડ રૂપિયાની કિંમતનું ચાર કિલો કોકેન જપ્ત કર્યું હતું. આ કોકેન ચોકલેટ અને કોફી પેકેટમાં સંતાડવામાં આવ્યું હતું. પોલીસે આ સંબંધમાં ત્રણ ઈસમની ધરપકડ કરી હતી અને તેમની આંતરરાષ્ટ્રીય કડીની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના સુપરિન્ટેન્ડન્ટ રાહુલ ગુપ્તાએ મંગળવારે પત્રકારોને કહ્યું હતું કે પતિ-પત્નીની જોડી તથા બીજા એક ઈસમની દક્ષિણ ગોવાના ચિકલિમ ગામમાં કોકેન ધરાવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે ચોકલેટ અને કોફીના ૩૨ પેકેટમાં ૪.૩૨ કિલો કોકેન સંતાડવામાં આવ્યું હતું. પોલીસે નિબુ વિનસેન્ટ અને દંપતીની ધરપકડ કરી છે.

પોલીસે ઘટસ્ફોટ કર્યો છે કે આરોપી મહિલાએ તેના પતિ અને વિનસેન્ટની મદદથી એક સોર્સ પાસેથી ડ્રગ્સના પેકેટ મેળવ્યા હતા.

ગુપ્તાએ કહ્યું હતું કે અમે આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ આ ત્રિપુટીને કોણે આપ્યા એની તપાસ કરી રહ્યા છીએ. મહિલા તાજેતરમાં થાઈલૅન્ડ જઈ આવી હોવાથી પોલીસ આમાં આંતરરાષ્ટ્રીય એન્ગલ પણ તપાસી રહી છે.

પોલીસ અધિકારીએ વધુમાં કહ્યું હતું કે મહિલાએ વેશ્યાવૃત્તિ કરવા બદલ ત્રણ મહિના જેલની સજા કાપી હતી. તેનો પતિ પણ ફોજદારી રેકોર્ડ ધરાવે છે. મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે એક્સ પર લખ્યું હતું કે રાજ્યમાં સૌથી મોટા પ્રમાણમાં ડ્રગ્સની જપ્તી બદલ ગોવા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચને અભિનંદન.

તેમણે કહ્યું હતું કે ખાસ બાતમીના આધારે ત્રણ ઈસમને પકડવામાં આવ્યા છે અને તેમની પાસેથી ૪૩.૨ કરોડ રૂપિયાનું કેફી દ્રવ્ય જપ્ત કરવામાં આવ્યું છે. ધરપકડ ગોવાના રિબાન્ડરની ક્રાઈમ બ્રાન્ચ ઓફિસે ટેક્નિકલ નિગરાણી કરીને સફળ ઓપરેશન વડે કરી હતી. આ ઓપરેશન ડ્રગ્સની દાણચોરી રોકવાની સરકારની પ્રતિબદ્ધતા તથા અમારી કાયદાનો અમલ કરતી એજન્સીની ચકોર નજર અને વ્યવસાયિક ઉત્કૃષ્ટતા દાખવે છે. (એજન્સી)

## સિંગાપોરમાં ત્રીજી મેએ ચૂંટણીઃ સંસદનું વિસર્જન કરાયું

સિંગાપોરઃ અહીંની સંસદનું મંગળવારે વિસર્જન કરીને સામાન્ય ચૂંટણી યોજવાનો માર્ગ મોકળો કરાયો હતો. સિંગાપોરમાં ત્રીજી મેએ સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત ચૂંટણી વિભાગે કરી હતી.

દરમિયાન, સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગના નેતૃત્વ હેઠળની શાસક પીપલ્સ એક્શન પાર્ટી રાજકારણમાં પોતાની પકડ વધુ મજબૂત બનાવવા સતત પ્રયાસ કરી રહી છે.

સિંગાપોરને ૧૯૬૫માં સ્વતંત્રતા મળી ત્યારથી દેશમાં શાસન કરી રહેલી પીપલ્સ એક્શન પાર્ટીનો સામાન્ય ચૂંટણીમાં વિજય થવાની પૂરી શક્યતા છે.

ગયા વર્ષે મેમાં સિંગાપોરના ચોથા વડા બનેલા વોંગને અગાઉ ૨૦૨૦ની ચૂંટણીમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બે દાયકા સુધી શાસન કરનારા લી હસિયન લૂંગના અનુગામી તરીકે વોંગ ચૂંટાયા હતા. લીએ હોદ્દો છોડતા પારિવારિક શાસનનો અંત આવ્યો હતો. તેમના પિતા લી કુઆન યેવ સિંગાપોરના પ્રથમ વડા હતા અને તેમણે ૩૧ વર્ષના શાસન દરમિયાન સિંગાપોરને સમૃદ્ધ દેશ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

સિંગાપોરમાં ૨૦૨૦માં કોવિડ-૧૯ના રોગચાળા વખતે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં શાસક પક્ષને ૯૩માંથી ૮૩ બેઠક મળી હતી, પરંતુ વિપક્ષોની બેઠકોની સંખ્યા અગાઉની છ બેઠકથી વધીને દસ થઇ હતી. (એજન્સી)

## કેરળમાં જંગલી હાથીઓનું તાંડવઃ બે આદિવાસીઓને ઉતાર્યા મોતને ઘાટ

ત્રિશુર (કેરળ)ઃ કેરળના ત્રિશુર જિલ્લાના અથિરાપિલ્લી જંગલમાં વન પેદાશો એકત્ર કરવા ગયેલા બે આદિવાસી વ્યક્તિઓ પર એક જંગલી હાથીએ હુમલો કર્યો હતો જેમાં બન્નેનાં મોત થયાં હતાં. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. પોલીસને આશંકા છે કે આ ઘટના સોમવારે સાંજે લગભગ સાડા સાત વાગ્યે બની હોઇ શકે છે. મૃતકોના મૃતદેહો મંગળવારે સવારે નજીકની એક સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

બન્ને મૃતકોની ઓળખ અંબિકા અને સતીશ તરીકે થઈ હતી, જેઓ નજીકના વાઝાચલના આદિવાસી ગામમાં રહેતા હતા. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, અંબિકા અને સતીશ બે અલગ-અલગ આદિવાસી પરિવારોના હતા અને તેમણે વન પેદાશો એકત્રિત કરવા માટે એક ખડક પર કામચલાઉ ટેન્ટ લગાવ્યો હતો. અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી હતી કે રાત્રે જંગલી હાથીઓના ટોળાએ તેમના પર હુમલો કર્યો હશે.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે એ પણ તપાસ કરવામાં આવી રહી છે કે ત્યાં અન્ય લોકો હતા કે કેમ અને તેઓ હાથીઓને જોઈને ભાગી ગયા અને જંગલ વિસ્તારમાં ફસાઈ ગયા હતા.

## બંગાળની હિંસાની કોર્ટના નિરીક્ષણ હેઠળ તપાસ યોજવા બે અરજી

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં સુધારિત વક્ફ કાયદાને મુદ્દે ફેલાયેલી હિંસાની તપાસ અદાલતના નિરીક્ષણ હેઠળ યોજવાની દાદ ચાહતી બે અરજી સર્વોચ્ચ અદાલતમાં કરાઇ હતી.

વક્ફ કાયદાના વિરોધમાં પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા અને અન્ય જિલ્લામાં હિંસા ફેલાઇ હતી. મુર્શિદાબાદમાં અનેક હિંદુઓને લક્ષ્ય બનાવીને હુમલા કરાયા હતા. સ્થાનિક પોલીસ હવે પરિસ્થિતિ થાળે પડી હોવાનો દાવો કરે છે.

વકીલ શશાંક શંકર ઝાએ કરેલી એક અરજીમાં પશ્ચિમ બંગાળની હિંસાની તપાસ માટે ખાસ ટુકડી રચવાની વિનંતિ કરાઇ હતી. બીજી અરજી વકીલ વિશાલ તિવારીએ કરી હતી અને તેમણે પશ્ચિમ બંગાળની હિંસાની તપાસ સર્વોચ્ચ અદાલતના એક નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં ન્યાયતંત્રના પાંચ જણનું તપાસ પંચ રચવાની અરજ કરી હતી. એક અરજીમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે હિંદુઓ સામેની આ હિંસાની તપાસ કરાવીને તેનો અહેવાલ સર્વોચ્ચ અદાલતને સુપરત કરવો જોઇએ. અગાઉ, મુર્શિદાબાદ જિલ્લામાંની હિંસાને રોકવા માટે કલકત્તા વડી અદાલતે કેન્દ્રીય સલામતી દળો ગોઠવવાનો આદેશ આપ્યો હતો. મુર્શિદાબાદમાંની હિંસામાં ઓછામાં ઓછા ત્રણ જણ માર્યા ગયા હતા અને સેંકડો લોકો બેઘર બની ગયા છે. અસંખ્ય લોકોના ઘર અને દુકાન પર હુમલા કરીને તેને સળગાવાયાં હતાં અથવા લૂંટવામાં આવ્યા હતા. અનેક મહિલાનો વિનયભંગ કરાયો હતો. ઘણાં હિંદુઓ મુર્શિદાબાદ અને અન્ય હિંસાગ્રસ્ત વિસ્તારોમાંથી નાસી ગયા હતા. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### શૅરબજારમાં

લાખ કરોડની સપાટીએ પહોંચ્યું છે. ટેક્નિકલ એનાલિસ્ટ આગામી ચાલ અંગે હજુ અવઢવમાં છે, પરંતુ બજારનો અંડરટોન મજબૂત જણાઇ રહ્યો છે.

સત્ર દરમિયાન ૭૬,૯૦૮ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૧૫૭૭.૬૩ પોઇન્ટ અથવા તો ૨.૦૯ ટકાના ઉછાળા સાથે ૭૬,૭૩૪.૮૯ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૩,૩૬૮.૩૫ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયા બાદ અંતે ૫૦૦ પોઇન્ટ અથવા તો ૨.૧૯ ટકાના ઉછાળા સાથે ૨૩,૩૨૮.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ટ્રમ્પે ઓટો ઉદ્યોગ અને ઇલેક્ટ્રોનિક્સ આઇટમોને ટેરિફમાંથી કામચલાઉ ધોરણે મુક્તિ જાહેર કર્યા બાદ અમેરિકન બજારોમાં ઉછાળો આવ્યો હતો અને તેને પગલે એશિયા અને યુરોપનાં બજારોમાં પણ તેજી જોવા મળી હતી.

સ્થાનિક બજારમાં સાર્વત્રિક તેજી અને લેવાલીના માહોલમાં ઓટો અને રિઅલ્ટી શેરોમાં ખાસ લાવલાવ જોવા મળી હતી. ઘણાં સત્ર બાદ નાના શેરોમાં પણ લેવાલી વધી હતી. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૩૩ પૈસા ઊછળ્યો છે. આ ઉપરાંત હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ છ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે.

બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ ત્રણેક ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ઇન્ડેક્સમાં પાંચેક ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો અને તમામ સેકટરલ ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. નિફ્ટીમાં ઇન્ડસઇન્ડ બેંક, શ્રીરામ ફાઇનાન્સ, એલ એન્ડ ટી, ટાટા મોટર્સ, એક્સિસ બેંક ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે એચયુએલ અને આઈટીસીના શેરોમાં ઘટાડો રહ્યો હતો.

દરમિયાન, ભારત બીજી એપ્રિલથી લાગુ થયેલી ટેરિફને કારણે નોંધાયેલા નુકસાનને ભૂંસી નાખનાર પ્રથમ શેરબજાર બન્યું છે. આંબેડકર જયંતી નિમિત્તે બંધ રહ્યાં બાદ મંગળવારે શરૂ થયેલા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી અને બેન્ચમાર્ક ઇન્ડેક્સોએ, આ મહિનાની શરૂઆતમાં યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફના પ્રહારથી થયેલા તમામ નુકસાનને સરભર કરી લીધું હતું. મંગળવારના સત્રમાં એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ લગભગ અઢી ટકા ઊછળીને તેના બીજી એપ્રિલના બંધ સ્તરની નજીક પહોંચ્યો હતો.

નોંધવું રહ્યું કે, અમેરિકન ટેરિફના કમઠાણમાં ભારતીય રોકાણકારોના રૂ. ૧૧.૩૦ લાખ કરોડનું ધોવાણ અને સેન્સેક્સમાં ૧,૪૬૦.૧૮ પોઈન્ટ અથવા તો બે ટકાનો કડાકો નોંધાયો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલી રેસિપ્રોકલ ટેરિફ અમલી બનવાની તારીખ બીજી એપ્રિલથી, બીએસઈ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૧,૪૬૦.૧૮ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકા તૂટ્યો હતો અને આ સમયગાળા દરમિયાન બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂડીકરણ ૧૧,૩૦,૬૨૭.૦૯ કરોડ રૂપિયા ઘટીને ૪,૦૧,૬૭,૪૬૮.૫૧ કરોડ (૪.૬૬ ટ્રિલિયન ડોલર)ની સપાટીએ પહોંચ્યું હતું.

### મુર્શિદાબાદમાં

હત્યાઓની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (સીટ)ની રચના કરવામાં આવી છે.

આઇપીએસ અધિકારીએ જણાવ્યું હતું કે, કાલુ નાદરની બીરભૂમ જિલ્લાના મુરારઈથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેના ભાઈ દિલદારની મુર્શિદાબાદ જિલ્લાના સુતીમાં ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે અમે વિસ્તારના સીસીટીવી ફૂટેજ એકત્રિત કર્યા છે અને ઘટનામાં સામેલ ઘણા લોકોની ઓળખ કરી છે. તેમાંથી અમે બે લોકોની ધરપકડ કરી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લામાં સાંપ્રદાયિક હિંસાના સંબંધમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હરગોવિંદ દાસ અને ચંદન દાસ તરીકે ઓળખ કરવામાં આવેલા પિતા પુત્રના મૃતદેહ હિંસા પ્રભાવિત શમશેરગંજના જાફરાબાદ વિસ્તારમાં તેમના ઘરમાંથી મળી આવ્યા હતા. બંનેના શરીર પર છરીના અનેક ઘા હતા.

આ બે મૃત્યુ ઉપરાંત શુક્રવારે સુતીના સજુર ચોક પર થયેલી અથડામણ દરમિયાન થયેલી ફાયરિંગની ઘટનામાં ઘાયલ થયેલા ૨૧ વર્ષીય અજાઝ મોમિનનું બીજા દિવસે હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

વક્ફ (સંશોધન) કાયદાના વિરોધમાં મુર્શિદાબાદના અનેક વિસ્તારોમાં થયેલી અથડામણમાં લગભગ ૧૮ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. અથડામણ બાદ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો અને ઇન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી.

### સોનિયા, રાહુલ

વિરોધી ધારાની કલમ ૪૪ અને ૪૫ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

અદાલતે ઇડીને સરખી વાંચી શકાય એવા દસ્તાવેજોની નકલ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસના અમુક આરોપી સાંસદો હોવાથી આ કેસ દિલ્હીની રાઉઝ એવેન્યૂ કોર્ટ એસીજેએમ-૦૩ની અદાલતમાં ચલાવાશે.

દરમિયાન, કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ડરાવવા-ધમકાવવાવાળા કિન્નાખોરીભર્યા રાજકારણના ભાગરૂપે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કૉંગ્રેસના અન્ય નેતાઓની સામે ઇડી દ્વારા તહોમતનામું નોંધાવ્યું છે.

કૉંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે કૉંગ્રેસ અને પક્ષના નેતાઓ આ કિસ્સામાં ચૂપ થઇને બેઠા નહિ રહે.

નેશનલ હેરલ્ડ મની લૉન્ડરિંગ કેસ યંગ ઇન્ડિયન લિમિટેડ, એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ અને નેશનલ હેરલ્ડ અખબાર વચ્ચેની કહેવાતી લેવડદેવડને લગતો છે. આ પ્રકરણમાં પક્ષના ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ પણ છે.

નેશનલ હેરલ્ડની સ્થાપના ૧૯૩૭-૧૯૩૮માં જવાહરલાલ નહેરુ અને અન્ય સ્વાતંત્ર્યસેનાનીઓએ કરી હતી. (એજન્સી)

### રમખાણ કરનારાઓનો

પ્રધાને રૂપિયા ૬૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનારી ૭૨૯ વિકાસ યોજનાનો શિલાન્યાસ કર્યા બાદ હરદોઇ ખાતે જણાવ્યું હતું કે તમે બધા જુઓ છો કે બંગાળ કઇ રીતે સળગી રહ્યું છે, પરંતુ તેના મુખ્ય પ્રધાન ચુપકીદી સેવી રહ્યાં છે. મમતા બેનરજી હિંસા ફેલાવનારા લોકોને ‘શાંતિના દૂત’ કહે છે અને બિનસાંપ્રદાયિકતાની આડમાં તોફાન કરવાની છૂટ આપે છે. આ પ્રકારની અંધાધૂંધીને અંકુશમાં લેવી જોઇએ.

યોગીએ જણાવ્યું હતું કે મુર્શિદાબાદ છેલ્લા અઠવાડિયાથી સળગી રહ્યું છે. આખરે અદાલતે હિંદુઓની સલામતી માટે કેન્દ્રીય દળો ગોઠવવા આદેશ આપવો પડ્યો હતો.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે અમે સુધારિત વક્ફ કાયદાનો અમલ કરાવવામાં સફળ થયા, તેનો શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહને જાય છે.

આ કાયદાથી ગરીબોની સંપત્તિ, ખાસ કરીને જમીન છીનવવાની ઘટના અટકશે. આવી જમીનો પર હવે હૉસ્પિટલો, શાળાઓ અને યુનિવર્સિટીઓ બનશે. ગુંડાઓ દ્વારા કરાતી લૂંટફાટ રોકી શકાશે. (એજન્સી)

### સહારા ગ્રૂપ

તેની કોલકાતા ઓફિસ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ એક કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હોવાનું ઈડીએ નિવેદનમાં જણાવ્યું છે. આ જમીન સહારા જૂથની કંપનીઓ પાસેથી ઓળવી લેવામાં આવેલા ભંડોળનો ઉપયોગ કરી ‘‘બેનામી’’ નામોમાં ખરીદવામાં આવી હોવાનું તેમાં જણાવાયું હતું. મની લોન્ડરિંગનો કેસ રાજ્યના વિવિધ પોલીસ વિભાગો દ્વારા દાખલ કરવામાં આવેલી ૫૦૦થી વધુ એફઆઈઆરને પગલે બહાર આવ્યો છે.

ઓડિશા, બિહાર અને રાજસ્થાન પોલીસ દ્વારા હમારા ઇન્ડિયા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડ (એચઆઇસીસીએસએલ) અને અન્ય સામે નોંધાયેલી ત્રણ એફઆઈઆર ઉપરાંત સહારા જૂથની કંપનીઓ અને સંબંધિત વ્યક્તિઓ વિરુદ્ધ નોંધાયેલી આવી ૫૦૦ થી વધુ ફરિયાદોનું ઇડી દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાંથી પીએમએલએ હેઠળ નિર્ધારિત ગુનાઓ માટે ૩૦૦થી વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી એમ તેમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

# છેલ્લા બે દાયકામાં રાજ્યના ૧૫.૭૬ લાખથી વધુ ખેડૂતોએ ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને વધુ નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફુવારા, રેનગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. વર્ષ મે-૨૦૦૫ થી માર્ચ-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૫.૭૬ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. આ ૧૫.૭૬ લાખ જેટલા ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ. ૮,૮૬૪.૨૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારનો ફાળો રૂ. ૫૫૩૮.૭૮ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૩૩૨૫.૪૭ કરોડ છે.

ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ જેવી અદ્યતન પદ્ધતિ અપનાવવાની દિશામાં ગુજરાતે હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૧.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં પણ આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો. આ માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫.૪૨ કરોડની સહાય આપવામાં આવી છે, જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯.૪૨ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરેલ વિસ્તારની દૃષ્ટિએ ૪.૭૭ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને, ૧.૮૧ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થાને તેમજ ૧.૩૨ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે. આ ઉપરાંત ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં રાજ્યના મધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૮,૬૧,૮૩૩ મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. જ્યારે, રાજ્યના ૪,૮૩,૯૨૨ નાના ખેડૂતોએ ૫.૭૫ લાખ હેક્ટર વિસ્તારમાં, ૧,૭૬,૬૩૯ સીમાંત ખેડૂતોએ ૧.૧૯ લાખ હેક્ટર વિસ્તારમાં અને ૫૩,૬૨૨ મોટા ખેડૂતોએ ૧.૪૫ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને જળ સંચય અભિયાનને પણ વેગ આપ્યો છે.

# ગુજરાતનાં ૨૦૭ જળાશયોમાં પાણીના સ્તરમાં ઘટાડો, ઉત્તર ગુજરાતમાં સ્થિતિ ચિંતાજનક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થતાં જ રાજ્યનાં જળાશયોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટવા માંડ્યું છે. રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં હાલ માત્ર ૫૬.૫૦ ટકા પાણીનો સંગ્રહ બાકી છે. જે આગામી દિવસોમાં પાણીની અછતનો સંકેત આપે છે. વિવિધ વિસ્તારોમાં જળસંગ્રહની સ્થિતિ અલગ-અલગ છે, પરંતુ એકંદરે ચિત્ર ચિંતાજનક છે. ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયોમાં માત્ર ૩૪.૫૫ ટકા પાણી બાકી છે. જે રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીએ સૌથી ઓછું છે. અહીં આગામી સમયમાં પાણીની અછતની સમસ્યા ગંભીર બની શકે છે.

કચ્છનાં ૨૦ જળાશયોમાં ૪૦.૩૯ ટકા જળસંગ્રહ છે, જ્યારે સૌરાષ્ટ્રનાં ૧૪૧ જળાશયોમાં ૪૨.૪૪ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે, આ બંને વિસ્તારોમાં પણ જળસ્તર સામાન્યથી નીચું છે. જે ખેતી અને પીવાના પાણીની સમસ્યાને વધારી શકે છે. રાજ્યના સૌથી મહત્ત્વના સરદાર સરોવર ડેમમાં હાલ ૬૨.૪૨ ટકા પાણીનો સંગ્રહ છે. આ સ્થિતિ સંતોષજનક ગણી શકાય, મધ્ય ગુજરાતનાં ૧૭ જળાશયોમાં ૫૪.૬૩ ટકા અને દક્ષિણ ગુજરાતનાં ૧૩ જળાશયોમાં ૬૦.૨૭ ટકા જળસંગ્રહ છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યના મોટાભાગનાં જળાશયોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે. જે ખેડૂતો માટે વધુ ચિંતનાજનક બાબત કહી શકાય. હજુ તો ઉનાળાની શરૂઆત છે અને આગામી બે મહિના રાજ્યભરમાં કાળઝાળ ગરમી જોવા મળશે. ત્યારે પાણીની અછતની સંકટની સ્થિતિ સર્જાઈ શકે છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા માટે તૈયારીનો પ્રારંભ: ૨૯ જૂને રથયાત્રા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં દર વર્ષે અષાઢી બીજના દિવસે નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે ૨૯ જૂનના રોજ ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળવાની છે. જેની માટે જમાલપુર સ્થિત ભગવાન જગન્નાથ મંદિર અને ભગવાનના મોસાળ સરસપુર મંદિરમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેમા આ વર્ષે સરસપુર ખાતે ભગવાનના મોસાળમાં મામેરાના યજમાન તરીકે વાસણા વિસ્તારમાં રહેતા જાગૃતિબેન મનીષ ત્રિવેદીને લાભ મળ્યો છે.

મામેરાનો લાભ મળતા યજમાન મનીષ ત્રિવેદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા. તેથી [illegible] ભાવના છે. તેમજ આ વર્ષે અમે અલગ રીતે જ મામેરાનું આયોજન કરીશું. અમારા ત્યાં કથા હતી અને રામજીની પોથીમાં અમને સમાચાર મળ્યા કે મામેરાના ડ્રોમાં અમારું નામ ખુલ્યું છે. આ ઉપરાંત ત્રિવેદી પરિવારની મહિલાઓએ નક્કી કર્યું આ વર્ષે ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું કરવામા આવશે. અમે મામેરાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મનીષ ત્રિવેદીના પત્ની જાગૃતિ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભગવાનનું મામેરુ કરવાનો અમને ખૂબ જ હરખ છે. અમે સોના ચાંદીના દાગીના વાઘા અલગ થીમ પ્રમાણેનું મામેરું કરીશું. મામેરાના વસ્ત્ર, આભૂષણ સહિતની વસ્તુઓ લોકો દર્શન કરી શકે તેના માટે ચાર દિવસનો કાર્યક્રમ પણ અમારા વાસણા ખાતે આવેલા ઘરે રાખવામાં આવશે.

# અમદાવાદના ખ્યાતિ હૉસ્પિટલકાંડમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે કોર્ટમાં ૬,૦૭૦ પાનાની ચાર્જશીટ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની ખ્યાતિ હોસ્પિટલ કાંડનાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ક્રાઈમ બ્રાંચ દ્વારા ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. મુખ્ય આરોપી કાર્તિક પટેલ વિરુદ્ધ પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. અગાઉ ૯ આરોપીઓ સામે ક્રાઈમ બ્રાંચે ૫૬૭૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. આ મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પહેલા ૮ આરોપીઓ વિરુદ્ધ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા કુલ ૧૩૦ વ્યક્તિઓની પૂછપરછ કરી નિવેદન નોંધ્યા હતા. કુલ ૭ સાહેદોનાં નિવેદનો મેજિસ્ટ્રેટ સમક્ષ લેવામાં આવ્યા હતા. તેમજ પોલીસ દ્વારા તપાસ દરમ્યાન કુલ ૨૦ ઈલેક્ટ્રોનિક્સ પુરાવા કબ્જે કરવામાં આવ્યા હતા. તેમજ [illegible] ફાઈલ અને ૧૧ રજિસ્ટર પણ કબજે કરવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા પીએમ-જય ગાંધીનગરથી એસઓપી, બજાજ એલિયાન્સ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી એસઓપી રજૂ કરાઈ હતી. બજાજ એલિયાન્સ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી એસઓપી તેમજ દસ્તાવેજો મેળવવામાં આવ્યા હતા. તેમજ સરકાર દ્વારા રચના કરવામાં આવેલ તપાસ કમિટી પાસેથી જરૂરી દસ્તાવેજી પુરાવા પણ મેળવવામાં આવ્યા હતા. તેમજ ૩૪ બેન્ક ખાતાની માહિતી પણ પોલીસ દ્વારા મેળવવામાં આવી હતી. આરોપીઓની મિલકત સબંધિત નોંધી નિરીક્ષકની કચેરી ગાંધીનગર ખાતેથી પણ પોલીસ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. તેમજ જે દર્દીઓની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવેલા ૩૭ દર્દીઓના હિસ્ટ્રી ફોર્મ કબજે કરવામાં આવ્યા હતા. તેમજ સરકાર તરફથી નિમણૂક કરવામાં આવેલા સી.એ. નો રિપોર્ટ પણ પોલીસ દ્વારા મેળવવામાં આવ્યા હતો.

# ભાજપ ધારાસભ્ય અને પ્રધાન મુકેશ પટેલનો પુત્ર નાગાલેન્ડથી બંદૂકનું બોગસ લાઈસન્સ લાવ્યો હોવાનો ઘટસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી બોગસ લાઇસન્સના આધારે હથિયાર મળવાનો સિલસિલો શરૂ થયો હતો. ગુજરાતમાં બોગસ હથિયારના લાઇસન્સ મામલે એટીએસએ શોકત અલીની ધરપકડ કરી છે. બોગસ દસ્તાવેજોના આધારે નકલી ગન લાઇસન્સ કાઢી આપવાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડમાં ગુજરાત એટીએસ દ્વારા વધુ ૧૬ હથિયાર ધારકોની ધરપકડ કરવામાં આવી હતી. આ બોગસ ગન લાઇસન્સ કૌભાંડમાં તપાસ ચાલી રહી છે આ દરમિયાન સુરતના જહાંગીરપુરા ખાતે રહેતા ઓલપાડના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ પ્રધાન મુકેશ પટેલના પુત્ર વિશાલ પટેલે પણ નાગાલેન્ડથી ત્રણ વર્ષ અગાઉ લાઇસન્સ મેળવ્યું હોવાનું બહાર આવતા રાજકારણ ગરમાયું છે. તે લાઇસન્સમાં રહેણાકની કોલમમાં દીમાપુરનું સરનામું છે અને વિશાલ તેમજ અન્ય બે વ્યક્તિએ નાગાલેન્ડથી લાઇસન્સ મેળવ્યા બાદ સુરત પોલીસમાં ટેકન ઓવરની અરજી કરી નોંધણી કરાવી દીધી છે.

બોગસ ગન લાઇસન્સ કૌભાંડમાં સુરતના એક પ્રધાનના પુત્રની ચર્ચા હતી. આ દરમિયાન, મળતી માહિતી મુજબ સુરતના જહાંગીરપુરા ખાતે રહેતા અને મૂળ ઓલપાડના વતની તેમજ ત્યાંના જ ધારાસભ્ય મુકેશ પટેલના દીકરા વિશાલે વર્ષ ૨૦૨૨માં નાગાલેન્ડથી ત્રણ વર્ષ અગાઉ લાઇસન્સ મેળવ્યું હતું. આ લાઇસન્સમાં વર્તમાન રહેણાકની કોલમમાં દીમાપુરનું રાઝુફે ઈન્ડસ્ટ્રીયલ વિલેજ ઘર નં.૧૨૩નું સરનામું છે. જયારે વેપન લાઇસન્સ બુકમાં વિશાલ પટેલનું સરનામું પટેલ ફળિયું, નઘોઈ, ઓલપાડ, સુરત લખવામાં આવ્યું છે. પરંતુ, પોલીસ સ્ટેશનના કોલમમાં જહાંગીરપુરાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં વિશાલ પટેલે લાઇસન્સ ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર સહિતના દસ્તાવેજો નાગાલેન્ડ ઑથોરિટીને આપ્યા હતા. તેનું જે લાઇસન્સ ઇસ્યુ થયું હતું તેમાં યુનિક આઇડેન્ટિફિકેશન નંબર હાથથી લખવામાં આવ્યો છે અને તે લાઇસન્સ ઉપરાંત અન્ય બે વ્યક્તિના લાઇસન્સની સુરત પોલીસમાં ટેકન ઓવરની અરજી કરી નોંધણી કરાવી દીધી છે.

# અમદાવાદ આરટીઓએ ઈ-ડિટેક્શન પોર્ટલ શરૂ કર્યું: વાહનના કાગળો નહીં હોય તો ઈ-મેમો આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં અકસ્માતોની ઘટનાઓ ખૂબ જ વધી ગઈ છે. જેથી તેના પર નિયંત્રણ લાવવા માટે અમદાવાદ વાહન વ્યવહાર વિભાગ દ્વારા ઇ-ડિટેક્શન પોર્ટલ શરૂ કરવામાં આવી છે. જેમાં તમારા વાહનને સંબંધિત તમામ વિગતો મળી રહેશે. જો કોઈ ડોક્યુમેન્ટ નહીં હોય તો ઇ-મેમો આપવામાં આવશે. ટ્રાફિક નિયમનું પાલન કર્યા વગર આડેધડ વાહન ચલાવતા વાહનચાલકો સામે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવશે.

તંત્ર દ્વારા વાહનોના ફિટનેસ બાબતે વધુ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ફોર વ્હીલર હોય કે પછી ટુ વ્હીલર, દરેક પ્રકારના વાહન માટે ફિટનેસ સર્ટિફિકેટ અને પીયુસી તેમજ ઈન્શ્યોરન્સના તમામ કાગળો હોવા જરૂરી છે. મળતી વિગતો પ્રમાણે આરટીઓ દ્વારા ઇ-ડિટેક્શન પોર્ટલ પરથી સંબંધિત દસ્તાવેજને લઈને માહિતીના આધારે છેલ્લા૧૦ દિવસમાં ૯૦૦૦થી વધુ ઈ-મેમો આપવામાં આવ્યાં છે. જેથી હવે વાહનના તમામ જરૂરી કાગળો અપડેટ રાખવા પડશે. એટલું જ નહીં પરંતુ ટોલ પ્લાઝા પરથી પસાર થતી વખતે વાહનની ઓનલાઈન ચકાસણી કરવામાં આવશે.

રાજ્યમાં વાહન વ્યવહાર કાયદો વધુ સખત કરવા માટે સરકારે ટેકનોલોજીની મદદથી કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. ઈ-ડિટેક્શન પ્રોજેક્ટની વાત કરવામાં આવે તો, આમાં નેશનલ હાઈવે અને રાજ્યના રોડ અને બિલ્ડિંગ વિભાગના તમામ ટોલ પ્લાઝાઓ પર પસાર થતાં વાહનોના દસ્તાવેજો પરિવહન પોર્ટલ પર અપડેટ નહીં હોય તો ઈ-મેમો આપવામાં આવશે. મહત્ત્વની વાત એ પણ છે કે, સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન હોવાના કારણે ભ્રષ્ટાચાર પણ ઓછો થશે અને લોકો નિયમોનું પાલન કરતા થશે.

# વડોદરાવાસીઓનો પાણી માટે પોકાર: સ્થાનિકોની મૌન રેલીમાં પોલીસનું ઉદ્ધતાઇભર્યું વર્તન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં છેલ્લા કેટલાય સમયથી લોકો પાણી માટો પોકાર કરી રહ્યાં છે. સ્થાનિકો દ્વારા માટલા સાથે મૌન રેલી યોજીનો વિરોધ સાથે રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન પોલીસે લોકો સાથે ઉદ્ધતાઇભર્યું વર્તન કર્યું હતું જેના કારણે લોકોમાં વધારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો. એક સ્થાનિક વ્યક્તિએ તો એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ભાજપે લોકો પાસેથી આંદોલન કરવાની સત્તા પણ છીનવી લીધી છે.

મળતી જાણકારી પ્રમાણે વડોદરાના સમા વિસ્તારમાં આવેલી મહાકાળી સોસાયટી, આમ્રપાલી સોસાયટી, સચ્ચિદાનંદ સોસાયટી અને રાધા નગર સોસાયટીમાં લોકોને પીવાના પાણી માટે પણ વલખા મારવા પડતા હોય છે. અનેક વખત વોર્ડના કોર્પોરેટરોને રજૂઆતો કરી છે, તેમ છતાં પણ આ સમયસ્યાનો ઉકેલ આવ્યો નથી. જેથી સ્થાનિક લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હતાં. આ દરમિયાન પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોમાંથી ૬ મહિલા સહિત ૧૫ જેટલા લોકોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૌન રેલી અને ખાલી માટલા સાથે વિરોધ કરેલી મહિલાઓ અને પુરુષોને પોલીસે અટકાવી દીધી હતા. એટલું જ નહીં, પરંતુ આ દરમિયાન પોલીસે સ્થાનિક લોકો સાથે આરોપીઓ જેવું વર્તન કર્યું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. પોલીસે સત્તાનો દૂરુપયોગ કરીને અમારા અહિંસક આંદોલનને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

# સરકારના જાહેરનામાના લીરેલીરા: સાબરકાંઠામાં ભરબપોરે રેલવે લાઇનનું કામ કરતા શ્રમિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત દેશભરમાં ગરમીનો કહેર જોવા મળી રહ્યો છે. જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોને રાહત આપવામાં આવી હતી. કાળઝાળ ગરમીના કારણે શ્રમિકોને બપોરે કામ ન કરાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જોકે, રાજ્યમાં આ જાહેરનામાના લીરા ઉડતા જોવા મળ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં ભરબપોરે ધગધગતા તાપમાં કામ કરનાર ૨૫ વર્ષના શ્રમિકનું મોત નિપજ્યું હતું. મળતી વિગતો મુજબ, સાબરકાંઠાના વડાલી ખાતે ભરબપોરે રેલવે લાઇનનું કામ કરનારા ૨૫ વર્ષીય મનોજ ડામોર નામના શ્રમિકનું મોત નિપજ્યું હતું. ગરમીમાં કામ કરતાં શ્રમિકને અચાનક છાતીમાં દુખાવો ઊપડ્યો અને ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. શ્રમિકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડાલીના સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યમાં વધતી ગરમીને ધ્યાને લઈ શ્રમિકોને સુરક્ષા માટે રાજ્ય સરકારે બપોરે શ્રમિકો પાસે કામ ન કરાવવા આદેશ કર્યો હતો. જે અંગે જાહેરનામું બહાર પાડી સૂચના પણ આપવામાં આવી હતી. પરંતુ, કોન્ટ્રાક્ટરો તો જાણે સરકારના નિયમને ઘોળીને પી ગયા હોય તે પ્રકારે પોતાની મનમાની કરી રહ્યા છે.

# બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ ભાજપમાં જોડાવાની વાતને અફવા ગણાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મજબૂત કરવા માટે પ્રયત્નો થઈ રહ્યાં છે. આવી સ્થિતિમાં બોટાદના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણા ભાજપમાં જોડાશે તેવી ચર્ચાઓ શરૂ થઈ હતી. પરંતુ ઉમેશ મકવાણાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને આ વાતને માત્ર અફવા ગણાવી હતી. આ સમાચાર અંગે ઉમેશ મકવાણાએ કહ્યું હતું કે, હું ભાજપમાં જોડાવાનો નથી અને આવી ફેક ન્યૂઝ ફેલાવનારા સામે પાર્ટી સાથે ચર્ચા કરીને કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

ઉમેશ મકવાણાએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે, વિધાનસભાના સત્રમાં સૌથી વધારે મુદ્દાઓ તેમણે ઉઠાવ્યાં છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, બોટાદ વિસ્તારમાં નવું સંગઠન બનાવવામાં આવશે અને તે દરમિયાન બધા કાર્યકરોને વિશ્વાસમાં લેવામાં આવશે. હું આજે પણ આમ આદમી પાર્ટીનો ધારાસભ્ય છું અને આવતીકાલે પણ રહીશ. મારું ધ્યાન આજે પણ ખેડૂતો, બેરોજગારી જેવા મુદ્દાઓ પર છે. ખોટી અફવાઓ ફેલાવવાની જરૂર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપમાં જોડાવાની વાતનું ખંડન કરીને પાર્ટીને વધારે મજબૂત કરવાની વાત ઉમેશ મકવાણાએ કરી હતી. આ મામલે આમ આદમી પાર્ટીના સહપ્રભારી ગુલાબસિંહ યાદવે કહ્યું હતું કે, ગઈકાલ સાંજથી ફેલાતી અફવા ખોટી છે. ઉમેશભાઈ પોતાના વિસ્તારમાં સૌથી વધુ પ્રશ્નો ઉઠાવનાર ધારાસભ્ય છે. તેમનું પાર્ટી સાથે સંપૂર્ણ સહમતીથી કાર્ય ચાલી રહ્યું છે. એટલું જ નહીં, પરંતુ અફવા ફેલાવનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવો ઉલ્લેખ કર્યો હતો.

# સુરતના કાપોદ્રામાં નશો કરવા ૨૦ રૂપિયા ન આપતા સગીરની હત્યા: મહિલાઓએ પોલીસ મથક ઘેર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાખોરી વધી છે, ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના શહેરમાં જ કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ હોવાની નાગરિકોની ફરિયાદો છે. સુરતના કાપોદ્રામાં નશો કરવા માટે રૂપિયા આપવાની ના પાડતાં ૧૭ વર્ષીય સગીરની ચપ્પાના ઘા મારીને હત્યા કરી દેવામાં આવતાં ભારે આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. આ ઘટનાના પડઘા એટલા ઉગ્ર પડ્યા છે કે, યુવકની હત્યાના બાદ મહિલાઓએ રણચંડી બનીને પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. આ મહિલાઓએ કાપોદ્રા જ નહીં, સમગ્ર સુરતમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવાની તેમજ હત્યારાને ફાંસી આપવાની માગ કરી હતી. ૪૦૦-૫૦૦ મહિલાના ટોળાએ કાપોદ્રા પોલીસ સ્ટેશને હલ્લાબોલ કરતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ મામલે ડી.સી.પી. આલોક કુમારે જણાવ્યું હતું કે આ મામલે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવીને ૧૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરાશે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા અરવિંદભાઇ વાઘેલા મૂળ અમરેલીના માલસીકાના વતની છે. તેઓ પોતાના પરિવાર સાથે સુરતમાં રહે છે અને ફ્રૂટની લારી ચલાવી ગુજરાન ચલાવે છે. તેમનો એકનો એક પુત્ર પરેશ હીરાના કારખાનામાં કામ કરીને પરિવારને આર્થિક મદદ કરતો હતો. ત્યારે સોમવારે રાત્રે પરેશ કારખાનેથી ઘરે પરત ફરી રહ્યો હતો તે દરમિયાન પ્રભુ શેટ્ટી (ઉં. ૨૫, રહે. લક્ષ્મણ નગર સોસાયટી, કાપોદ્રા)એ નશો કરવા માટે પૈસા માગ્યા હતા. પરેશ કહ્યું હતું કે મારી પાસે માત્ર ભાડાના ૧૦ રૂપિયા જ છે. આ વાત સાંભળતા જ પ્રભુએ તેની સાથે માથાકૂટ કરી પેટમાં ચપ્પુ ભોંકી દીધું હતું.

આ હુમલા બાદ પરેશને ગંભીર ઇજાઓ પહોંચતાં તાત્કાલિક તેને સારવાર અર્થે ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. એટલું જ નહીં, આરોપી પ્રભુએ પરેશને ચપ્પાના ઘા માર્યા બાદ આગળ જઇને રિક્ષાચાલક સાથે માથાકૂટ કરી તેને પણ ચપ્પાના ઘા માર્યા હતા. હાલ આ રિક્ષાચાલક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના બાદ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને લોકોએ પોલીસ મથકનો ઘેરાવો કર્યો હતો.

# અમદાવાદના રખિયાલમાં આતંક મચાવનારા અસામાજિક તત્ત્વોનો વરઘોડો કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના રખિયાલ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ૧૪ એપ્રિલ, સોમવારની રાત્રે તલવાર, દંડા સહિતના ઘાતક હથિયારો સાથે આતંક મચાવનાર અસામાજિક તત્ત્વોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી હતી અને અસામાજિક તત્ત્વોને ઝડપી પાડ્યા હતા અને જાહેર સઘરસ કાઢ્યું હતું. ભયનો માહોલ ઊભો કરનારા અંજુમ સિદ્દિકી, અસરફ અદાદતખાન પઠાણ, અમ્મર અંજુમ સિદ્દિકી, કાલિમ તોફીક સિદ્દિકી, અજીમ તોફીક સિદ્દિકી અને પઠાણ જાવેદ આલમ નિયાસ ખાન સહિતના છ આરોપીએ જાહેરમાં માફી માગી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરના રખિયાલ વિસ્તારમાં ગત મોડીરાત્રે અજિત રેસિડન્સીના બી-૧૦૬ નંબરમાં રહેતા સલખાન ખાન નામના વ્યકિતના મકાન પર ટોળાએ મોડી રાત્રે હુમલો કર્યો હતો. બાપુનગરમાં દાવતમાં થયેલી બોલાચાલી બાદ મોડીરાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. ટોળાએ તલવાર, લાકડી, ધોકા અને પાઇપો સહિતના ઘાતકી હથિયારો સાથે આતંક મચાવી ઘરને નુકસાન કર્યું હતું. સલમાન નામના વ્યકિતએ રખિયાલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે અત્યાર સુધીમાં ૬ આરોપીની ધરપકડ કરી જાહેરમાં વરઘોડો કાઢ્યો હતો.

# હજીરા રો-રો ફેરીમાં ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપાયો, સુરત પોલીસે ૧૮.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધીના દરરોજ ધજાગરા ઊડી રહ્યા છે, પાડોશી રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં દારૂની ગુજરાતમાં તસ્કરી થાય છે. પરંતુ સુરતમાં તો દારૂની રો-રો ફેરી દ્વારા દારૂની હેરાફેરી થતી હતી. હજીરા પોલીસે રો-રો ફેરીમાંથી ટ્રકમાં લઈ જવાતા વિદેશી દારૂના મોટા જથ્થાને જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી વિગતો પ્રમાણે વિદેશી દારૂ સહિત પોલીસે ૧૮.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સુરતથી રો-રો ફેરીના જહાજ દ્વારા વિદેશી દારૂને ભાવનગર લઈ જવામાં આવી રહ્યો હોવાની પોલીસને બાતમી મળી હતી. જેથી હજીરા પોલીસે બાતમીના આધારે દારૂના સાથે બે આરોપીઓ વિમલભાઈ ધીરુભાઈ દોંગા અને કિરણભાઈ બુધાભાઈ ભાટિયાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને આ ટ્રકમાંથી રૂપિયા ૧,૦૯,૪૭૩ ની કિંમતની ભારતીય બનાવટની અલગ અલગ વિદેશી બ્રાંડની કુલ ૧૧૩ નંગ બોટલો મળી આવી હતી. વિદેશી દારૂના જથ્થાના જથ્થા સાથે પોલીસે ૨ મોબાઈલ ફોન, ૧૦ લાખની કિંમતનો ટ્રક, ૭,૦૨,૯૨૬ રૂપિયાની કિંમતનો ટ્રકમાં ભરેલો એમએસ સ્ક્રેપ જીઆઈ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# સુરત અને રાજકોટ સહિત અનેક જિલ્લામાં અમરનાથ યાત્રા માટેની રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં ધાંધિયા

રાજકોટ: પવિત્ર અમરનાથ યાત્રા કરવા માટે દર વર્ષે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જતા હોય છે. આ વર્ષની વાત કરવામાં આવે તો, ત્રીજી જુલાઈથી નવમી ઓગસ્ટ સુધી ૩૯ દિવસ સુધી અમરનાથ યાત્રા યોજાવાની છે. જેથી આ યાત્રા માટે તારીખ ૧૫મી એપ્રિલથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ શરૂઆતના દિવસે જ રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં ધાંધિયા જોવા મળ્યા હતા. દરરોજ ૧૦૦ જેટલાં રજિસ્ટ્રેશન થશે તેવું કહેવામાં આવ્યું હતું પરંતુ પહેલા દિવસે માત્ર ૨૫ રજિસ્ટ્રેશનની મર્યાદા રાખવામાં આવતાં લોકોમાં ભારે રોષ વ્યાપો હતો. આ બાબતે બેંકના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્ટાફની અછત અને સર્વર ડાઉન હોવાને કારણે આવો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેંકની બહાર લોકો મોડી રાતથી રાહ જોઈને ઊભા છે પરંતુ અહીં એક કલાકમાં માત્ર એક જ વ્યક્તિનું રજિસ્ટ્રેશન થતું હોવાથી લોકોમાં નિરાશા વ્યાપી હતી. માત્ર સુરત જ નહીં પરંતુ રાજકોટ સહિત અનેક જિલ્લામાં રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો હોવાની ફરિયાદો મળી હતી.

# સંસ્થા સમાચાર

## આચાર્ય ભગવંત શ્રી વિજય તીર્થભદ્રસૂરિ મહારાજ સાહેબનો વિહાર કાર્યક્રમ

અધ્યાત્મ યોગી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન, ગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી કલ્પતરૂસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિ પ્રશાંતમૂર્તિ આ.ભ. પૂ. શ્રી તીર્થભદ્રસૂરિશ્વરજી મહારાજ એમના વિશાળ શિષ્ય પરિવાર સાથે વલસાડ પધાર્યા છે. ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં જૈન શ્રાવક-શ્રાવિકાઓએ ગુરુભક્તિ દેખાડી. બે દિવસના કાર્યક્રમમાં લોકોએ સામૈયા અને પ્રવચનનો લાભ લીધો.

## શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે મહાપ્રસાદનું આયોજન

દહિસર પશ્ચિમમાં આવેલા શ્રી શાંતિનાથ તપાગચ્છ જૈન સંઘ દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. યુવકોએ આ ફ૧૮મા અનુકંપાદાનમાં સહભાગી થઈને એને સફળ બનાવ્યું હતું.

## શ્રી ભૈરવ ચન્દ્ર દર્શન જૈન ભોજનશાળાનું ઉદ્‌ઘાટન

પાલઘરના ગામ ઢેકાલે, મુંબઈ-અમદાવાદ હાઇવે ઉપર આવેલા શ્રી નાકોડા ભૈરવ ચન્દ્ર દર્શન જૈન ભોજનશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. એ દરમ્યાન પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ.સા. અને શ્રી ચારુતાશ્રીજી મ.સા.(બેન મ.સા.) આદિ ઠાણા હાજર હતા. પ.પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગર-સૂરિશ્વરજી મ.સા.નું માંગલિક ઉદ્‌ઘાટન પ્રસંગે હતું.

## મહાલક્ષ્મીમાની ભક્તિ કરવા પહોંચી જાવ દહાણુ

મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાસે આવેલા દહાણુ તાલુકાના ચારોટી નજીકના પ્રસિદ્ધ અને પ્રભાવશાળી શ્રી મહાલક્ષ્મી માતાજીના પ્રાચીન મંદિરમાં વિવિધ ઉત્સવોનું આયોજન ચાલી રહ્યું છે. ૨૭ એપ્રિલ સુધી ધ્વજારોહણ, દૈનિક પૂજા, હવન, દર્શન સહિત માતાજીના પાટોત્સવનો લાભ લેવા મળશે. સાથે જ અહીં ચૈત્ર નવરાત્રીના મેળાનો પ્રારંભ.

# હીરાના વેપારીઓ સાથે ૩.૧૨ કરોડની છેતરપિંડી

મુંબઈ: મુંબઈમાં અલગ અલગ ઘટનાઓમાં બે હીરા વેપારીઓ સાથે કથિત રીતે છેતરપિંડી થઈ હતી, પોલીસ તપાસમાં લગભગ સમાન મોડસ ઓપરેન્ડી બહાર આવી હતી, એમ મંગળવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

બંને કિસ્સાઓમાં, વેપારીઓએ ૩.૧૨ કરોડ રૂપિયા ના હીરા ગુમાવ્યા હતા, જે તેમણે તેમના પરિચિત આરોપીઓને ઉછીના આપ્યા હતા.

બીકેસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસે અલગ અલગ એફઆઈઆર નોંધીને છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત માટે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. પીડિતોમાંથી એક ડાયમંડ બુર્સ પર એક યુનિટ ધરાવે છે. જુલાઈ ૨૦૨૩ માં શાલિભદ્ર કોઠારી દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. વેપારીએ કોઠારીને ૨.૦૩ કરોડ રૂપિયાના આઠ કેરેટના હીરા ઉધાર આપ્યા હતા, જેમણે થોડા દિવસોમાં ચુકવણી કરવાનું અથવા હીરા પરત કરવાનું વચન આપ્યું હતું, પરંતુ ક્યારેય પાછો ફર્યો નહીં.

પોલીસે જણાવ્યું હતું કે, બીજા એક કેસમાં, નિશિથ મહેતા અને વિશાલ શાહ સામે ૧.૦૯ કરોડ રૂપિયાના હીરા પરત ન કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# ગુણવત્તામાં બાંધછોડ કરનારા રોડ કૉન્ટ્રેક્ટોને બ્લેકલિસ્ટ કરાશે: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન ચાલી રહેલા કામ પૂરા કરવા માટે ૩૧ મેની મુદત આપવામાં આવી છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે મુંબઈ શહેર અને ઉપનગરના રસ્તાઓના ચાલી રહેલા કામનું ઈન્સ્પેકશન કર્યું હતું. એ દરમ્યાન તેમણે કૉંક્રીટાઈઝેશનના કામમાં બેદરકારી દાખવનારા પાલિકાના અધિકારી- કૉન્ટ્રેક્ટરોને સામે આકરા પગલાં લેવાનો નિર્દેશ આપવાની સાથે જ જે પણ કૉન્ટ્રેક્ટર કામની ગુણવત્તામાં બાંધછોડ કરતા જણાયો તો તેને અપાત્ર જાહેર કરીને બ્લેક લિસ્ટ કરાશે એવી જાહેરાત પણ કરી હતી.

મુંબઈના રસ્તાઓને ખાડામુક્ત કરવા માટે તેને સિમેન્ટ-કૉંક્રીટના બનાવવાનો કરોડો રૂપિયાના ખર્ચે મેગા પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધર્યો છે, જેમાં અત્યાર સુધી ૧,૩૩૩ કિલોમીટરના રસ્તાનું કૉંક્રીટાઈઝેશનનું કામ પૂરું થઈ ગયું છે. બાકીના રસ્તાનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે. પાલિકાનું લક્ષ્યાંક ૩૧ મેની મુદત સુધીમાં રસ્તાના કામ પૂરા કરવાનું છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે બપોર બાદ દક્ષિણ મુંબઈ સહિત ઉપનગરના જુદા જુદા વિસ્તારમાં રસ્તાના કામનું ઈન્સ્પેકશન કર્યું હતું.

દક્ષિણ મુંબઈમાં પાલિકા મુખ્યાલય નજીક આવેલી ખાનગી હૉસ્પિટલની સામેના રસ્તો, કાલબાદેવીમાં હનુમાન મંદિર પાસેના રસ્તા બાદ માટુંગા, દાદરમાં પારસી કોલોની અને ત્યારબાદ ચેંબુર જેવા વિસ્તારમાં જઈને એકનાથ શિંદેએ રસ્તાના ચાલી રહેલા કામનો અહેવાલ લીધો હતો અને સાથે જ સ્થાનિક નાગરિકો સાથે પણ તેમણે કામને લઈને ચર્ચા કરી હતી.

આ દરમ્યાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે ખાડામુક્ત રસ્તાનો કાયમીસ્વરૂપનો ઈલાજ તેનું કૉંક્રીટાઈઝેશન છે. તેથી તેઓ રાજ્યના મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે રસ્તાના કૉંક્રીટાઈઝેશનનો નિર્ણય લીધો હતો.

# પારસી મરણ

પેરીન સામ ભરુચા તે જસતીસ સામ ભરુચાના ધનિયાની. તે મરહુમો નરગીસ નોશીર ખરાસના દીકરી. તે ઝરીન મર્ચંટ ને ઝીનોબીયા મારકરનાના બહેન. તે ફિરોઝ, શારલીન, શેરી ને નતાશાના બપઇજી. તે મરહુમો ગાઇ ફિરોઝ ભરુચાના વહુ. તે ગેવ મર્ચંટ ને મરહુમ અદી મારકરના જેઠ. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૨-બી, સમતા, જનરલ ભોંસલે માર્ગ, વાય.બી.ચવ્હાણ સેન્ટર આગળ , નરીમાન પોઇન્ટ,મુંબઇ-૪૦૦૦૨૧. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૬-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, સેથના અગિયારીમાં છેજી.

હોમીયાર રુસી મિસ્ત્રી તે આરમઇતીના ધની. તે મરહુમો એમી રુસી મિસ્ત્રીના દીકરા. તે બમનશા ઝરીન કૈઝાદ લાલાના પપા. તે કેશમીરા બી. મિસ્ત્રી ને કૈઝાદ લાલાના સસરા. તે કેતાયુન બોમી ખમબાતા (કેટરર)ના ભાઇ. તે નાઝનીન ને મેહરના મમાવા. (ઉં. વ. ૬૬) રે. ઠે. સોરાબજી બેરામજી ભાભા સેનેટોરીયમ, સી-બિલ્ડિંગ, રૂમ નં.૧, બેન્ડસ્ટેન્ડ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૪-૨૫ ને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની સોનાવાલા અગિયારીમાં છેજી.

તેહનાઝ બેહરામ માસ્તર તે બેહરામ કૈખશરુ માસ્તરના ધનિયાની. તે શાહરુખ ને ખુશનુમાના માતાજી. તે નવાઝ જીમી કરકરીયાના બહેન. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૩૦૩, સીતા કુટીર, જુહુ લેન આગળ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા-નં.૧ બંગલીમાં છેજી.

દોલત મેહરવાન પટેલ તે મરહુમ મેહરવાનના ધનીયાની. તે મરહુમો ધનમાય દીનશા સીગનપોરીયાના દીકરી. તે મરહુમ જાલ, દારબ, શીરીન, બચા ને જરના બહેન. તે પોરસ, ફરઝાના, હવોવી, દીનાઝ ને મરહુમ પરવીનના મામી. તે મરઝી, હોમી, સાઇરસ ફિરોઝના કાકી. તે કેકોબાદના ફૂઇ. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૭-૮, ત્રીજે માળે, રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૪-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે મેવાવાલા અગિયારીમાં છેજી.

કેરસી કાવસ ધોંડી (ઉં. વ. ૮૬) તા. ૧૫-૪-૨૫એ ગુજરી ગયા છે. તે અર્નવાઝના હસબન્ડ. દિનાઝ, પરસીસના ફાધર. રમેશ, દિનશાના સસરા. બિનૈશા, આદિત્ય, રોશનીના ગ્રેન્ડ ફાધર. મરહુમ મહેરમાઇ, મરહુમ સોહરાબજીના ઇન લો. ઉઠમણું: તા. ૧૬-૪-૨૫એ.

રોહિન્ટન રાશીદ ઝાંડબાફ (ઉં. વ. ૭૩) તા. ૬-૪-૨૫એ ગુજરી ગયા છે. તે શનાઝના હસબન્ડ. બેનાફશા, નિશાફિયા, નવમીના ફાધર.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ધમડાછાના રહેવાસી કુસુમબેન સુખાભાઇ પટેલ શુક્રવાર તા. ૧૧-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કમલેશભાઇ સુખાભાઇ પટેલના માતા. સ્વાતિબેન યોગેશભાઇ પટેલ (પુત્રવધૂ). મનિષાબેનના માતા. બેસણું ગુરુવાર તા. ૧૭-૪-૨૫ના અને પુષ્પાણી મંગળવાર તા. ૨૨-૪-૨૫ના ૪થી ૬. તેમના ધમડાછા ફળિયું રમણાવાળ નિવાસસ્થાને રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક સમાજ**

બગસરા નિવાસી હાલ વિરાર, શશિકાંત રઘાણી (ઉં.વ. ૬૫) તે સ્વ. જસવંતીબેન વ્રજલાલ રઘાણીના પુત્ર. કિરણબેન રઘાણીના પતિ. ઊર્વી, દિશાના પિતાશ્રી. સ્વ. પ્રદીપભાઈ, સ્વ. ઉષાબેન જીતેન્દ્રકુમાર ધોળકિયા, ભાવનાબેન ભાવેશકુમાર પારેખના ભાઈ. ભૂપેન્દ્રભાઈ ઝવેરચંદ સાંગાણીના જમાઈ શુક્રવાર, તા. ૧૧/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ઈ/૯૦૧, અગરવાલ સોલીટર, ગ્લોબલ સિટી રોડ, ગ્લોબલ સિટી, વિરાર વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

ગુંદરાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. બિપીનભાઈ પ્રભુદાસ મુંજ્યાસરાના ધર્મપત્ની ગં.સ્વ. નયનાબેન (ઉં.વ. ૭૮) તે ભાવેશ, પિયુષ, દીપા બંકિમ ભગતના માતુશ્રી. અજીતા, પ્રિતી, બંકિમકુમારના સાસુ. અરવિંદ, જગદીશ, સ્વ. ઉર્મિલા રસિકલાલ, ભારતી અશોકના ભાભી. બડનેરાવાળા સ્વ. બિપીનભાઈ જયંતીલાલ ઘીયાના બહેન. ધ્રુમિલ, વંદિત, ધાર્મિકના નાની-દાદી તા. ૧૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળ ગામ ભાવનગર હાલ કલ્યાણ, કલ્પનાબેન દાવડા (ઉં.વ. ૮૩) સ્વ. ચંદ્રકાંત કનૈયાલાલ દાવડાના ધર્મપત્ની. તે હેમરાજ નાગ્રેચાની દીકરી. નિલેશભાઈ, ભાવેશભાઈ, મીનાબેન નવીનભાઈ ઠક્કરના માતૃશ્રી. નિશાબેન, સ્વ. ઇલાબેનના સાસુજી. સ્વ. રાજુભાઈ, સ્વ. અશોકભાઈ, જીતેશભાઈ, સ્વ. નીરૂબેન, સ્વ. વસુબેન, સ્વ. ભારતીબેન, સ્વ. સરોજબેનના ભાભી. સમીર, પાર્થ, પૂજા અને યશ, સોનુ અને દૈપત્તીના દાદી-નાની તા. ૧૫-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ સુપેડી હાલ પનવેલ, નીરંજનાબેન (નીરુબેન) (ઉં.વ. ૭૨) તે સ્વ. લક્ષ્મીકાંતભાઇ (બટુકભાઈ) ઉનડકટના ધર્મપત્ની. સ્વ. દુધીબેન, સ્વ. નર્મદાબેન મગનલાલભાઇ ઠક્કરના પૂત્રવધૂ. અમીત, ફાલ્ગુની દીપકકુમાર, હિના નંદલાલભાઇના માતુશ્રી. સ્વ. કાંતિલાલ જેઠાલાલ કારીયાના દીકરી. સ્વ. ભગવાનજીભાઇ, સ્વ. કિશોરભાઇ, ઉમેશભાઇ, વિપુલભાઇ, નલીનીબેન જગદીશચંદ્ર , ભારતીબેન મહેન્દ્રકુમારના ભાભી. આશાના સાસુ, તા. ૧૫/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૧૭/૪/૨૫ના ૪:૩૦ થી ૬:૦૦. લોહાણા મહાજનવાડી, રવજી ભીમજી રંગપરીયા માર્ગ, મીરચી લ્લી, પનવેલ, નવી મુંબઇ.

**કચ્છી લોહાણા**

અંજાર નિવાસી, હાલ મુલુંડ, ગં.સ્વ. સરોજબેન કાંતિલાલ પલણ (ઠોળા પલણ) (ઉં.વ. ૭૭) તે સ્વ. કાંતિલાલ લાલજી પલણના ધર્મપત્ની. નીતા રેખા અને નીકીના માતુશ્રી. શંકરલાલ રાયચન્ના, ધર્મેન્દ્ર ઠક્કર અને સ્વ. યોગેશ પલણના સાસુ તા. ૧૩/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭/૪/૨૫ના શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉંડ ફ્લોર, આર આર ટી રોડ, મુલુંડ વેસ્ટ ૫ થી ૬.

**કચ્છી લોહાણા**

કોટડા (રોહા) કચ્છના અ. સૌ. રીટાબેન (ઉં.વ. ૬૦) તે હર્ષદ લક્ષ્મીદાસ કોઠારીના પત્ની. સ્વ. સાવિત્રીબેન શંકરલાલ પલણનાં પુત્રી. દેવાંગ, ફાલ્ગુની પરાગ કોટકનાં માતા. જ્યોતિ સતીષ, તરુલતા દિલીપ, સ્વ. હેમલતા અશ્વિનનાં દેરાણી. અરુણાબેન હસમુખ ઠક્કર, અમિતાબેન વિનોદ ભાટેનાં ભાભી. સોમવાર ૧૪મીએ રામશરણ પામ્યાં છે. બંને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર ૧૬મીએ ૫.૩૦ થી ૭. ઠે.: સ્વામિનારાયણ મંદિર, મહારાજા અગ્રસેન ભવન હોલ, ૯૦ ફીટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર. લૌ. વ્ય. બંધ છે.

**સિદ્ધપુર ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ**

પ્રવીણભાઇ ઠાકર તે સ્વ. આનંદીબા તથા સ્વ. હરિપ્રસાદ મંગલજી ઠાકરના પુત્ર. સ્વ. ચેતનબેનના પતિ. સ્વ. દિનેશભાઇ, પ્રફુલ, નરેન્દ્ર, દીપક, સ્વ. કૈલાસબેન, ભારતીબેનના ભાઇ. કશ્યપના પિતા. અ. સૌ. જયોતિના સસરા. વિશ્વા, ભૂમિના દાદા. રવિવાર, તા. ૧૩-૪-૨૫ના વૈકુંઠધામ સીધાવ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫ ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. કોરા કેન્દ્ર હોલ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ) ઉત્તર ક્રિયા મુંબઇ ખાતે રાખેલ છે, લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ ઘાટકોપર સ્વ. રેખા મહેતા (ઉં. વ.૭૦) જે મુકેશ પ્રવીણચંદ્ર મહેતાના પત્ની. રાજીવ અને યશના માતુશ્રી. પૂજા અને ભૂમીના સાસુ. ચંદ્રભાગા પ્રવીણચંદ્રના પુત્રવધૂ. નગીનદાસ જમનાદાસ દોશીના પુત્રી. જગદીશ, યોગેશ, કલ્પનાના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૫ શુક્રવાર, લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયાનગર, ઘાટકોપર (ઇસ્ટ),૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા - કચ્છ માંડવી**

ઉદયસિંહ જેસરાણી (ઉં. વ. ૭૬) તે સ્વ.ચંદ્રસિંહ અને પુષ્પાબેન જેસરાણીના સુપુત્ર. વનરાજભાઇના ભાઇ. તે નયનાના પતિ. મીહીર, માનસીના પિતા. સ્નેહા અને હેમનના સસરાજી. તે લક્ષ્મીબેન હિમતસિંહ આશર (નગરશેઠ) અંજારવાળાના જમાઇ. તા. ૧૪-૪-૨૫ના મુલુંડ મધ્યે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વાણીયા**

અ. સૌ. ચાંદની (ચંદ્રિકા) ગુજરાથી (ઉં. વ. ૬૮) સુરેન્દ્રભાઇ લીલાવતી જીવનદાસ ગુજરાથીના પત્ની. ધરણગામ (મહારાષ્ટ્ર) નિવાસી હાલ મુંબઇ સાયન તે સાગરના માતોશ્રી. તથા પ્રિયાના સાસુ. તે સ્વ. કાંતાબેન જીવનલાલ કારીયાના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**માધવપુર ગિરનારા બ્રાહ્મણ**

અ. સૌ. ઇન્દિરાબેન મહાસુખલાલ ભટ્ટ (ઉં. વ. ૮૯) બોરીવલી રવિવાર તા. ૧૩-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતી વૃંદાવન પુરોહિતના પુત્રી. અજય, અભય, પ્રજ્ઞા જોષી, નંદા પંડયાના માતુશ્રી. નયનાબેન, નિકીતાબેન, સ્વ. જયંતભાઇ તથા સ્વ. મનોજભાઇના સાસુ. સ્વ. તારાબેન, સ્વ. દેવકીબેન, કોકિલાબેન, દિલીપભાઇના ભાભી. ચાર્વી, દીપ, રોહન, ઊર્મિ, ભાવિન, મેઘા, સ્વ. આદિત્યના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામનગર, હાલ ભાઇંદર વિનોદભાઇ લોકાણી (ઉં.વ. ૭૬) તે સ્વ. નિર્મળાબેન તથા સ્વ. ગોરધનદાસ ગોકાણીના પુત્ર. તે કલ્પનાબેનના પતિ. તે જયેશ, છાયાબેન, રૂપાબેન તથા અલ્પાબેનના પિતા. તે સ્વ. ગોપાલભાઇ, સ્વ. મધુબેન, હંસાબેન તથા કિરીટભાઇના ભાઇ. સ્વ. વૃંદાવન રામજી ઉનડકટના જમાઇ. મમતાબેન, કમલેશભાઇ ઉનડકટ, વિપુલભાઇ વસાણી તથા સચિનભાઇ દેવ્રુખકરના સસરા. રવિવાર તા. ૧૩-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૭-૪-૨૫ના ૪થી ૬. ઠે. બાપા સીતારામ સેવા સંસ્થા હોલ, ઇન્દ્રપ્રસ્થ બિલ્ડિંગની સામે, ઐશ્વર્યા મંદિરની પાછળ, પૂનમ વિહાર, મીરારોડ (ઇસ્ટ).

# જૈન મરણ

પાળીયાદ નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભોગીલાલ ભૂરાભાઇ કોઠારી તથા સ્વ. સુભદ્રાબેનના સુપુત્ર બીપીનભાઇ કોઠારી (ઉં. વ. ૭૬)તે બીનાબેનના પતિ. કુણાલ, પિંકી, ઝરણાના પિતા. મનોજકુમાર, જીજ્ઞેશકુમાર તથા સૃષ્ટિના સસરાજી. જયેશભાઇ, કિરણભાઇ, પૂર્ણિમાબેનના મોટાભાઇ. બાલંભા નિવાસી સ્વ. કાંતિલાલ ધીરજલાલ ઉદાણીના જમાઇ. તા. ૧૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઠે. ઇ-૧૬૬, દેવનગર સોસાયટી, જૈન મંદિર માર્ગ, ભાટિયા હાઇસ્કૂલ પાસે, કાંદિવલી પશ્ચિમ, લૌકિક વ્યવહાર બંધ છે.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

લોદરા નિવાસી હાલ કાંદિવલી સંજયભાઇ બાબુલાલ શાહ (કારભારી)ના ધર્મપત્ની બિનાબેન (ઉં. વ. ૫૭) તા. ૧૪-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કાંતાબેન બાબુલાલ શાહના પુત્રવધૂ. સંજના, ધર્મિલ- હેત્વીના માતુશ્રી. દિનાબેન-ગીરીશકુમાર, રીટાબેન-શૈલેષકુમાર, આશાબેન-વિપુલકુમાર, મનીષાબેન-દિલીપકુમારના ભાભી. બાબુલાલ મંગળદાસ શાહ (વિજાપુર)ના સુપુત્રી. રમેશભાઇ તથ શૈલેશભાઇના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫ના ગુરુવારે ૭.૩૦થી ૯. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે. ઠે. દામોદર વાડી, અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના ઇંદીરા ગાલા/ગોગરી (ઉં.વ. ૬૨) તા. ૧૩-૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીચંદના પત્ની. રૂક્ષ્મણી ઠાકરશી લખમશીના પુત્રવધૂ. પુનમ, સ્વ. મનીષ, મિત્તલના માતુશ્રી. લીલાવંતી હરખચંદના પુત્રી. ચેતન, ભરત, તારાચંદ હસમુખ, વાસંતી લક્ષ્મીચંદ, ચેતના નિલેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લક્ષ્મીચંદ ટી. ગાલા, ૭, લક્ષ્મી સદન, જી.વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઇ.).

નાગલપુરના ભરત મગનલાલ કેશવજી ગોગરી (ઉં.વ. ૬૪) તા. ૧૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન/રતનબેન મગનલાલ કેશવજીના પુત્ર. દિપાના પતિ. ધ્વની, કેવલના પિતા. રમેશ, હરખચંદ, અશોક, સ્વ. કુસુમના ભાઈ. બિદડાના જવેરબેન હંસરાજ હીરજી વોરાના જમાઈ. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. દે. જૈન મહાજન સંચાલીત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.)

સણોસરાના મુલજી રવજી શાહ (નાગડા) (ઉં.વ. ૮૫) તા. ૧૩-૪-૨૫ ના અવસાન પામેલ છે. કંકુબેન રવજીના પુત્ર. સ્વ. વિજયાના પતિ. હિમાંશુ, વિભવ, વૈશાલીના પિતા. પુનશી, લક્ષ્મીચંદ, જયંતી, મહેન્દ્રના ભાઇ. દેવપુર મેઘબાઇ શામજી ગાલાના જમાઇ. પ્રા. શ્રી કાલિદાસ મેરેજ હોલ, મુલુંડ (વે). ટા. ૩.૩૦ થી ૫. ત્વચાદાન કરેલ છે.

તલવાણાના હરશી ગાંગજી દેઢિયા (ઉં.વ. ૯૧) તા. ૧૪/૪/૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન ગાંગજી શીવજીના પુત્ર. સ્વ. હરખુબેનના પતિ. સુરેન્દ્રના પિતાશ્રી. પ્રેમજી, લાલજી, મેઘજી, કાનબાઈ નાનજી, જખીબેન કાનજી, વેલબાઈ વાલજીના ભાઇ. મોટા આસંબીયાના લીલબાઈ દેવજી લધુ નંદુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુરેન્દ્ર દેઢિયા, સી-૬૦૨, શ્રી વાસુદેવ કો.હા. સોસાયટી, મામલેતદાર વાડી રોડ નં. ૨, મલાડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગડુ જૂનાગઢ નિવાસી હાલ ભાયંદર સ્વ. સુરેશભાઇ કાંતિલાલ પંચમીઆના ધર્મપત્ની શિલ્પાબેન (સુહાસીની) (ઉં. વ. ૬૬) તે નિકિતા પરાગ હરિયાના માતુશ્રી. પરાગ શાંતિલાલ હરિયા ગામ શેરડીના સાસુ. તે યક્ષના નાની. તે ભારતીબેન રમેશચંદ્ર શાહ, અનીલાબેન નરેન્દ્રભાઇ વૈદ, ગીતાબેન જસવંતરાય દામાણી, આરતીબેન નલિનકુમાર શાહના ભાભી. તે સ્વ. શારદાબેન બાબુભાઇ ગાંધીના સુપુત્રી. તા. ૧૨-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. મમતાબેન (ઉં. વ. ૭૩) તે સ્વ. શાંતિલાલ વાડીલાલ કામદારની ધર્મપત્ની. સ્વ. શારદાબેન મધુરલાલ પરીખની દીકરી. તે સંતોષ, પારુલ, અમીશા, શિલ્પાના માતુશ્રી. અર્ચના, સ્વ. અમીતભાઇ, યોગેશભાઇ, ગોરખભાઇના સાસુ. તે શિવાંશના દાદી. હિમા, કાજલ, ધવલ, રૂચિતા, કેવિનના નાનીમા. તા. ૧૪-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫ ગુરુવારના ૧૦થી ૧૨. ઠે. પાવનધામ, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર પ્રતાપરાય પારેખ (ઉં. વ. ૮૫) તે સ્વ. રૂક્ષ્મણીબેન ઇશ્વરલાલ પારેખના પુત્ર. મધુબેનના પતિ. ધર્મેશ, સુજાતા સંજય દેસાઇના પિતા. મોનાના સસરા. સ્વ. શારદાબેન જેઠાલાલ ખીમાણીના જમાઇ. મુકુંદભાઇ, નવીનભાઇ, બળવંતભાઇ, સ્વ. જગદીશભાઇ પન્નાબેન, ગાઠાણી, પુષ્પાબેન દોશીના ભાઇ. તા. ૧૩-૪-૨૫ને રવિવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભરૂડિયા હાલ ચીરાબજારના સ્વ. માનુબેન દેઢિયા (ઉં. વ. ૮૭) સોમવાર તા. ૧૪-૪-૨૫ના અવસાન પામેલ છે. નામાબેન પૂંજા, સાંયા દેઢિયાના પુત્રવધૂ. સ્વ. નોંઘાભાઇના પત્ની. નેણશી, દિપક, દિવાળી, રમીલા, રસીલા, સુશીલાના માતુશ્રી. શાંતી, શામજી, શામજી, પ્રવિણ, કિર્તીના સાસુ. સિમીત, નિશીતના દાદી. નાથીબેન પરબત કુંભા સત્રાના દીકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૬-૪-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. કરસન લધુ નિસર હોલ, દાદર-(વેસ્ટ).

પાંચમા પાનાનું ચાલુ

## વિકૃત પતિએ

દસ્તાવેજો અને શાળાની વસ્તુઓ લેવા માટે પત્ની પતિના ઘરે ગઈ હતી. તે સમયે પત્નીની માતા, મામી અને સંતાનો બિલ્ડિંગના પાર્કિંગ એરિયામાં રોકાયા હતા, જ્યારે પત્ની પતિના ફ્લૅટમાં ગઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ભરણપોષણ માગવાને મુદ્દે પતિએ ફરી ઝઘડો કરી ગાળાગાળી કરી હતી. બાદમાં કોયતાથી ગળું ચીરી નાખવાની ધમકી આપી પત્નીને જબરદસ્તી નિર્વસ્ત્ર થવાની ફરજ પાડી હતી. પત્નીની ઇચ્છા વિરુદ્ધ પતિએ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. પછી હળદર-કંકુ છાંટીને ગુપ્તાંગમાં લીંબુ નિચોવ્યું હતું. આ કાળો જાદુ કર્યો હોવાથી હવે તે પાગલ થઈ જશે, એવું કહીને પત્નીને ડરાવી હતી. ડરી ગયેલી પત્નીએ આ બાબતની જાણ માતાને કરી હતી, પરંતુ પોલીસનો સંપર્ક સાધ્યો નહોતો. તાજેતરમાં એક કાર્યકરને આ અંગે જાણવા મળ્યા પછી મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

## નગર પરિષદો

જિલ્લા કલેક્ટરે દસ દિવસની અંદર એક ખાસ બેઠક યોજીને મતદાન દ્વારા નિર્ણય લેવો પડશે.

### ભાડાની મિલકતોના દર માટે નવો સુધારો

સંબંધિત એક નિર્ણયમાં કેબિનેટે મ્યુનિસિપલ કોર્પોરેશનોની રિયલ એસ્ટેટ અને મ્યુનિસિપલ કાઉન્સિલો, મ્યુનિસિપલ પંચાયતો અને ઔદ્યોગિક નગરોમાં મિલકતો ભાડે આપવા માટેના નિયમોમાં સુમેળ સાધવા માટે પણ મંજૂરી આપી હતી. રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનોની સ્થાવર મિલકતના ભાડાપટ્ટા, નવીનીકરણ અને ટ્રાન્સફર અંગે ૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ નિયમો ઘડવામાં આવ્યા હતા, જે નવા દરો અંગે સૂચના બહાર પાડવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સુધારેલા નિયમો અનુસાર, રહેણાંક, શૈક્ષણિક, સખાવતી અને જાહેર ઉપયોગ માટે મિલકતોના ભાડાપટ્ટે દર વર્તમાન બજાર મૂલ્ય (રેડી રેકનર) ના ૦.૫ ટકા કરતા ઓછો નહીં હોય. કેબિનેટે વાણિજ્યિક અને ઔદ્યોગિક ઉપયોગ માટેની મિલકતોના ભાડા દર માટેની જોગવાઈને પણ મંજૂરી આપી હતી, જે બજાર મૂલ્યના ૦.૭ ટકા કરતા ઓછી હશે.

## સાયબર મર્ડર

ડેપ્યુટી પોલીસ કમિશનર સંભાજી કદમે જણાવ્યું હતું કે શિંદેનો સંપર્ક ન થતાં પરિવારજનોએ ૧૨ એપ્રિલે કોથરુડ પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. શિંદેની શોધમાં પુણે પોલીસની ટીમ પટણા ગઈ હતી.

સ્થાનિક પોલીસની મદદથી તપાસ કરતાં શિંદેનું પટના ઍરપોર્ટથી કથિત અપહરણ કરાયું હોવાનું જણાયું હતું. આ પ્રકરણે ઍરપોર્ટ પોલીસ સ્ટેશને અપહરણનો ગુનો નોંધ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ તપાસ દરમિયાન ૧૪ એપ્રિલે જેહાનાબાદ જિલ્લાના ઘોસી પોલીસ સ્ટેશનની હદમાંથી શિંદેનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસને શંકા છે કે ૧૨ એપ્રિલે જ તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે પોલીસે નાલંદા, ગયા અને પટણામાં સર્ચ ઑપરેશન હાથ ધરી નજીકના ગામોમાંથી અનેક લોકોને પૂછપરછ માટે તાબામાં લીધા હતા, એવું કદમે જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓએ શિંદેને તેમના કંપનીને લગતી મશીનરી અને સાધનો સસ્તી કિંમતે આપવા સંદર્ભનો મેઈલ મોકલાવ્યો હતો. બાદમાં મેઈલથી સંપર્કમાં રહેલા શિંદે આરોપીની જાળમાં ફસાયો હતો. મશીનરી જોવા માટે તે પટણા ગયો હતો.

## કાંદિવલીની

રજૂઆત કરવામાં આવી હતી.

### મેનેજમેન્ટનું શું કહેવું છે?

શાળા દ્વારા કરવામાં આવેલા ફી-વધારા અંગે પૂછવામાં આવતા સંચાલક મંડળ દ્વારા 'મુંબઈ સમાચાર'ને જણાવવામાં આવ્યું હતું કે સ્કૂલના ૨૨૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓને ફી વધારા સામે હજી વિરોધ હોવાનું બુધવારે જોવા મળ્યું હતું. વાલીઓની અગવડને ધ્યાનમાં રાખીને ૪૦૦૦ રૂપિયાના પ્રસ્તાવિત ફી વધારામાં ૧૫૦૦ રૂપિયાનો કાપ મૂકવામાં આવ્યો હતો. હવે વિદ્યાર્થીઓને ફક્ત ૮,૫૦૦ રૂપિયાની ફી ભરવાની આવશે, જેની સામે તેમને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ આપવામાં આવી રહી છે. દરેક બાળકનું ઓવરઓલ ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આવી સુવિધા આપતી અન્ય સ્કૂલોની ફી લાખોમાં થાય છે, જ્યારે અમારી સ્કૂલના વિદ્યાર્થીઓને આ સુવિધા ફક્ત ૮,૫૦૦ની ફીમાં મળવાની છે. એસવીપી સ્કૂલમાં જે રીતની ઓવરઓલ ડેવલપમેન્ટ માટેની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે તેની સરખામણી અન્ય સ્કૂલો સાથે કરવામાં આવે તો માસિક બે-ચાર હજારનો ખર્ચ થતો હોય છે, પરંતુ આપણી સ્કૂલમાં આવો કોઈ વધારાનો ખર્ચ વિદ્યાર્થીઓ પર નાખવામાં આવતો નથી. અત્યારે સ્કૂલ દર વર્ષે લગભગ એક-દોઢ કરોડની ખોટમાં ચાલી રહી છે, આમ છતાં સંચાલકો વિદ્યાર્થીઓના હિતને વરેલા હોવાથી આ બોજ વિદ્યાર્થીઓ પર નાખવામાં આવ્યો નથી. મેનેજમેન્ટ દ્વારા એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ફી બુધવાર સુધી ભરી નાખવાની તાકીદ કરવામાં આવી હોવા છતાં સ્કૂલના વર્તમાન બધા જ વિદ્યાર્થીઓને ૩૧ મે સુધીમાં ફી ભરશે તો પણ આગામી વર્ષમાં પ્રવેશ આપવામાં આવશે. જે વાલીઓ એકસાથે ફી ભરી શકતા ન હોય તેમને બે ભાગમાં ફી ભરવાની સુવિધા પણ આપવામાં આવશે. સંસ્થા દ્વારા વિદ્યાતેજસ ફંડ ચલાવવામાં આવે છે અને તેમાંથી અત્યંત ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની ફી આપવામાં આવશે એવી ધરપત પણ વાલીઓને આપવામાં આવી હતી.

## દોસ્તની અમીરીને

જેલ ભેગો થયો હતો. વેદાંત બાદમાં ઘરે ગયો હતો અને તેણે ચક્કર આવી રહ્યાની ફરિયાદ કરી હતી. તબિયત લથડતાં વેદાંતને સક્કરદરા ખાતેની હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરને શંકા ગઇ હતી કે તેને ઝેર આપવામાં આવ્યું છે. આથી તેની સારવાર શરૂ કરાઇ હતી. વેદાંત ભાનમાં આવ્યો નહોતો અને ૧૨ એપ્રિલે તેનું મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો, પણ વેદાંતના શરીરમાં ઝેર હોવાનું મેડિકલ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું હતું. ડૉક્ટરોએ જણાવ્યું હતું કે વેદાંતે જાણી જોઇને ઝેર પીધું હોવાની શક્યતા ઓછી છે.

વેદાંતનાં અંતિમ ગતિવિધિ અને ફોન કૉલ્સ ટ્રેસ કર્યા બાદ પોલીસે શોધી કાઢ્યું હતું કે તેણે છેલ્લો કૉલ આરોપીને કર્યો હતો. આરોપીએ કબૂલ્યું હતું કે તે વેદાંતને પાનની દુકાન પર મળ્યો હતો અને બંનેએ ઠંડું પીણું પીધું હતું.

દરમિયાન મિથલેશને શંકાને આધારે તાબામાં લેવાયો હતો અને પૂછપરછમાં તેણે ઇર્ષ્યાને કારણે વેદાંતને ઝેર આપ્યું હોવાની કબૂલાત કરી હતી. મિથલેશે દાવો કર્યો હતો કે તેણે વેદાંતને પાઠ ભણાવવા માટે તેને બીમાર કરવાની યોજના બનાવી હતી, તેને મારવાનો તેનો કોઇ ઇરાદો નહોતો.આરોપીએ દાવો કર્યો હતો કે વેદાંતની હાલત ગંભીર થતાં તે ગભરાઇ ગયો હતો અને પોલીસને ગેરમાર્ગે દોરવા તથા ઘટનાને અપહરણ અથવા ખંડણીના પ્રયાસમાં ખપાવવા ખંડણીની બનાવટી ચીઠ્ઠી લખીને વેદાંતના પિતાના કાર પર છોડી દીધી હતી. (પીટીઆઇ)

## કાર ડિવાઇડર સાથે

અનિતા જયસ્વાર, સુલેખા વાયડે તેમ જ ડ્રાઇવર ચેતન નંદુ પાટીલ સોમવારે મળસકે કલવાના વાઘોબા નગરથી મુંબઈમાં ભાઉચા ધક્કા ખાતે માછલી ખરીદવા માટે નીકળ્યાં હતાં. ડ્રાઇવર ચેતન પાટીલ પુરપાટ વેગે ઇકો કાર હંકારી રહ્યો હતો. તેને કાળજીપૂર્વક વાહન હંકારવાનું કહેવા છતાં તેણે સાંભળ્યું નહોતું. પરિણામે તેણે ઓરેન્જ ગેટ નજીક કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઇડર સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા બંને જણના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ પોલીસે ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

## તુળજા ભવાની

કરવામાં આવી છે, ૨૧ ફરાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપનામામાં બેન્કની લેવડદેવડ અને આરોપી કેવી રીતે એકબીજાના સંપર્કમાં આવ્યા તેનો ઉલ્લેખ છે. આ કેસમાં કોની ભૂમિકા છે તે નક્કી થઈ ગયું હોવાનું જાણવા મળે છે. આરોપનામામાં સંગીતા ગોળે અને ડ્રગ કેસમાં અન્ય આરોપીનો સંપર્ક કેવી રીતે થયો અને કેવી રીતે આરોપીઓની શૃંખલા બની તે અંગે મહત્વની માહિતી બહાર આવી છે. સિવાય આરોપીઓના નિવેદનો, સીડીઆરની વિગતો અને મુંબઈ, સોલાપુર અને પુણેમાં દાણચોરીના કેસોની કડીઓ સામેલ છે.

તુળજાપુરમાં પોલીસે અઢી લાખની કિંમતના ડ્રગ્સના ૫૯ નંગ કબજે કરી કેટલાક આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે ડ્રગ્સના વેચાણનું કનેક્શન મુંબઈ સુધી છે. પોલીસે મુંબઈથી સંગીતા ગોળે નામની એક મહિલાની ધરપકડ કરી હતી, જે ડ્રગ્સની દાણચોરીમાં મુખ્ય કાવતરાખોર હોવાનું મનાય છે. માર્ચ, ૨૦૨૫માં પોલીસે આ કેસમાં કેટલાક વધુ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપી સંગીતા ગોળેના બેંક ખાતામાંથી આશરે પાંચ કરોડ રૂપિયાની લેવડદેવડ કરવામાં આવી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું અને તેની પાસેથી કેટલીક રકમનું સોનું પણ જપ્ત કરવામાં આવ્યું હતું. વધુ તપાસમાં રાજકીય કાર્યકરોની સંડોવણી અને પૂર્વ મેયરની કારનો ઉપયોગ થયો હોવાનું બહાર આવ્યું છે, જેનાથી આ મામલાને વધુ ગંભીર વળાંક મળ્યો છે.

એપ્રિલ ૨૦૨૫માં આ કેસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે, જેમાં તુળજાભવાની મંદિરના ૧૩ પૂજારીઓની ડ્રગ્સની દાણચોરીમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. ૧૫ એપ્રિલે આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું.

## એલ્ફિન્સ્ટન બ્રિજ

મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હવે તેને તોડી પાડીને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ની માળખાગત યોજનાઓ હેઠળ આધુનિક ડબલ-ડેકર પુલ બનાવવામાં આવશે. જેમાં વર્લી-શિવરી એલિવેટેડ કોરિડોર અને અટલ સેતુ સાથે સંકલનનો સમાવેશ થાય છે, જે બાન્દ્રા-વર્લી સી લિંક સાથે જોડાશે. જ્યારે પણ પુલ બંધ થશે, ત્યારે તે ઓછામાં ઓછા બે વર્ષ સુધી બંધ રહેશે. મુંબઈ ટ્રાફિક પોલીસ તરફથી બંધ થવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, જોકે, હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અગાઉ મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે પુલ ૧૫ એપ્રિલના રોજ બંધ થશે, પરંતુ હાલમાં, બંધ થવાની તારીખ અંગે અધિકારીઓ તરફથી કોઈ જાણકારી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૩ એપ્રિલ સુધીમાં આવેલા જાહેર સૂચનો અને વાંધાઓનું મૂલ્યાંકન કર્યા પછી અંતિમ નિર્ણય લેવામાં આવશે. જોકે, કોઈ સત્તાવાર અપડેટ મળ્યા નથી, જેના કારણે રહેવાસીઓ અને મુસાફરો બંને બ્રિજ બંધ થવાથી થનારી અડચણો અંગે ચિંતિત છે.

જો કે, દાદર અને આસપાસના વિસ્તારોના રહેવાસીઓએ પ્રસ્તાવિત બંધનો વિરોધ કર્યો છે. તેમની દલીલ છે કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને (એમએમઆરડીએ) નિર્ણય લેતા પહેલા પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા કરી નથી. સ્થાનિક નાગરિકોની માગ છે કે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી થાય પછી જ બ્રિજ બંધ કરવામાં આવે, અને તેઓ દાદરના માછલી અને ફૂલ બજારોને અન્યત્ર ખસેડવાની પણ માગ કરી રહ્યા છે, જે તેમના મતે ભીડમાં વધારો કરે છે.

એલ્ફિન્સ્ટન બ્રિજ બંધ થવાથી ટ્રાફિકને અન્ય માર્ગો પર ખાસ કરીને તિલક બ્રિજ અને કરી રોડ બ્રિજ પર વાળવો પડશે. જેથી દાદર, લોઅર પરેલ, પરેલ, પ્રભાદેવી અને મહાલક્ષ્મી જેવા વિસ્તારોમાં ટ્રાફિક જૅમ થવાની ભીતિ છે. જોકે, આ વૈકલ્પિક માર્ગો પહેલાથી જ ભારે ભીડવાળા છે અને તેમાં વધારો થશે, જેના કારણે મુસાફરીનો સમય ૨૦-૩૦ મિનિટ વધી શકે છે. જાહેર પરિવહન પણ આમાંથી બાકાત રહેશે નહીં. લોઅર પરેલ એસટી ડેપોની બસો, જે પહેલા દાદર પહોંચવા માટે એલ્ફિન્સ્ટન બ્રિજનો ઉપયોગ કરતી હતી, તેમને હવે લાંબો રૂટ લેવો પડશે, જેનાથી મુસાફરોની સુવિધા અને પરિવહન કાર્યક્ષમતા પર પણ અસર પડશે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

## પુણેના વેપારીનું પટણામાં ‘સાયબર મર્ડર’

### સસ્તામાં મશીનરી આપવાનો ઈ-મેઈલ મોકલાવી વેપારીને પટણા બોલાવ્યો: ઍરપોર્ટથી અપહરણ બાદ ખેતરમાં લઈ જઈ નાણાંની વસૂલી માટે હત્યા: શકમંદો તાબામાં

પુણે: સસ્તી કિંમતે મશીનરી અને સાધનો આપવા સંદર્ભેનો ઈ-મેઈલ મોકલાવીને પુણેના વેપારીની બિહારના પટણામાં હત્યા કરવામાં આવતાં આ ‘સાયબર મર્ડર’ હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

પટના ઍરપોર્ટથી અપહરણ કરી જેહાનાબાદ જિલ્લાના એક ખેતરમાં લઈ ગયા પછી નાણાં આપવાનો ઇનકાર કરનારા વેપારીની હત્યા કરવામાં આવતાં પોલીસે શકમંદોને તાબામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આ ગુનો સાયબર સાધનોનો ઉપયોગ કરીને લોકોને ફસાવવાની આધુનિક સ્કીમ સાથે કડી ધરાવતો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પુણેના ખેડશિવપુરમાં આવેલી સેન્ટ્રિફ્યુગલ કાસ્ટિંગ બેરિંગનો માલિક લક્ષ્મણ શિંદે (૫૫) ૧૧ એપ્રિલની ફ્લાઈટમાં પટણા ગયો હતો. રાતે ૮.૩૦ વાગ્યે દીકરીને મેસેજ કર્યા પછી શિંદે સાથે પરિવારજનોનો સંપર્ક તૂટી ગયો હતો. દીકરીને કરેલા મેસેજમાં શિંદેએ ઝારખંડ જઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું. પુણેના ઝોન-૩ના

(જુઓ પાનું ૪) ▸▸

## ભરણપોષણ કેમ માગ્યું? વિકૃત પતિએ પત્નીના ગુપ્તાંગ પર કંકુ છાંટ્યું, લીંબુ નિચોવ્યું, કાળા જાદુનો હાઉ ઊભો કર્યો

પુણે: છૂટાછેડા માટે કોર્ટમાં જઈ ભરણપોષણ માગનારી પત્નીને પાઠ ભણાવવા માટે પતિના વિકૃત મગજે વિચિત્ર તરકટ ઊપજાવી કાઢ્યું હતું. કોયતાની ધાકે પત્ની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા પછી તેના ગુપ્તાંગ પર હળદર-કંકુ છાંટીને લીંબુ નિચોવ્યા પછી બ્લૅક મૅજિક કર્યાનો હાઉ ઊભો કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના પિંપરી-ચિંચવડના પિંપળે નિલખ પરિસરના વિશાલ નગરમાં ગયા વર્ષે બની હતી, જેની ફરિયાદ પત્નીએ હાલમાં જ નોંધાવી હતી. ફરિયાદને આધારે સાંગવી પોલીસે પતિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે આરોપી પતિનાં લગ્ન ફરિયાદી પત્ની સાથે ૨૦૦૪માં થયાં હતાં. દંપતીને બે સંતાન છે. જોકે નાની નાની વાતને લઈ દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાથી પત્ની સંતાનો સાથે ૨૦૨૩માં પતિને છોડી પિયરમાં રહેવા જઈ રહી હતી. પતિ પણ જૂનું મકાન છોડી પિંપળે નિલખમાં રહેવા જતો રહ્યો હતો. બાદમાં પત્નીએ છૂટાછેડા અને ભરણપોષણ માટે કોર્ટમાં રાવ નાખી હતી, જેને કારણે પતિ તેના પર ગિન્નાયો હતો. જૂન, ૨૦૨૪માં સંતાનોને લગતા

(જુઓ પાનું ૪) ▸▸

## હત્યાકેસમાં છોટા રાજનના બે સાથીની જનમટીપની સજાને હાઇ કોર્ટની બહાલી

મુંબઈ: બૉમ્બે હાઇ કોર્ટે મંગળવારે ૨૦૧૦ના ડબલ હત્યાકેસમાં નીચલી અદાલતે છોટા રાજન ગૅંગના બે સભ્યને દોષી ઠરાવી જનમટીપની આપેલી સજાને બહાલી આપી હતી અને કહ્યું હતું કે કોર્ટનો ચુકાદો યોગ્ય અને કાયદેસર છે. નીચલી અદાલતે ઓગસ્ટ, ૨૦૨૨માં મોહમ્મદ અલી શેખ અને પ્રણય રાણેને આર્મ્સ એક્ટ હેઠળ તથા હત્યા, કાવતરું રચવા માટે દોષી ઠરાવ્યા હતા, જ્યારે છોટા રાજન અને અન્ય બે જણને પુરાવાના અભાવે દોષમુક્ત કર્યા હતા. હાઇ કોર્ટે મંગળવારે મોહમ્મદ અને રાણેની અરજી ફગાવી કાઢતા કહ્યું હતું કે આ કેસમાં પુરાવાઓ કોઇ પણ શંકાને સ્થાન ન આપતા સાબિત કરવામાં આવ્યા છે. (પીટીઆઇ) ■

## કાંદિવલીની એસવીપી શાળાના વાલીઓને રાહત: ફી વધારો ઘટાડ્યો

### ૧,૫૦૦ રૂપિયાનો ઘટાડો: ૮,૫૦૦ રૂપિયાની ફી બે હપ્તામાં ભરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના કાંદિવલીની અત્યંત પ્રતિષ્ઠિત કાંદિવલી એજ્યુકેશન ટ્રસ્ટ (કેઈએસ) દ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલય (એસવીપી) સ્કૂલની ફીમાં આગામી શૈક્ષણિક વર્ષથી ફીમાં થઈ રહેલા વધારાને કારણે વાલીઓને તકલીફ પડી રહી હોવાથી વાલીઓના પ્રતિનિધિમંડળને મળ્યા બાદ શાળાના સંચાલકોએ દ્વારા તેમની માગણીઓ પર વિચાર કરવાની ખાતરી આપવામાં આવી હતી અને તેને પગલે ફી વધારામાં ૧૫૦૦ રૂપિયાનો કાપ મૂકવામાં આવ્યો હતો.

વાલીઓ દ્વારા ‘મુંબઈ સમાચાર’ને એવી માહિતી આપવામાં આવી હતી કે વિદ્યાર્થીઓની ફીમાં ૪૦૦૦ રૂપિયાના જંગી વધારા સામે એક વખત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ વાલીઓને ઘટતું કરવાની ખાતરી આપવામાં આવી હતી. મંગળવારે સ્કૂલ દ્વારા બુધવાર સુધીમાં ફી ભરી નાખવાની તાકીદ કરવામાં આવી હતી. કેટલાક વાલીઓ સ્કૂલમાં પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે પ્રસ્તાવિત ૬,૬૦૦ રૂપિયાની ફીને બદલે તેમને ૮,૫૦૦ ભરવા જણાવવામાં આવ્યું હતું.

આ ફી પણ પરવડી શકે એવી ન હોવાથી નારાજગી વ્યક્ત કરવા માટે સેંકડો વાલીઓ મંગળવારે બપોરે શાળા પાસે એકઠા થયા હતા. કાંદિવલી વિસ્તારની આ જાણીતી સ્કૂલમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ નિમ્ન મધ્યમ-વર્ગ અને ગરીબ વર્ગમાંથી આવે છે અને આટલો જંગી ફી-વધારો તેમને પરવડી શકે તેમ ન હોવાથી સંચાલકોની મુલાકાત લઈને

(જુઓ પાનું ૪) ▸▸

## ઈસ્ટર્ન ફ્રીવે પર અકસ્માત: કાર ડિવાઈડર સાથે ભટકાતાં વૃદ્ધા સહિત બેનાં મોત, ચાર ઘાયલ

મુંબઈ: ઇસ્ટર્ન ફ્રીવે પર ઓરેન્જ ગેટ નજીક પુરપાટ વેગે જઇ રહેલી કાર ડિવાઇડર સાથે ભટકાતાં ૬૦ વર્ષની વૃદ્ધા સહિત બે જણનાં મોત થયાં હતાં, જ્યારે ચાર જણ ઘવાયા હતા. શિવડી પોલીસે આ પ્રકરણે કારચાલક વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે વહેલી સવારે પાંચ વાગ્યે આ અકસ્માત થયો હતો. ઇસ્ટર્ન ફ્રીવે પર ઓરેન્જ ગેટ નજીક સફેદ રંગની ઇકો કાર ડિવાઇડર સાથે ભટકાઇ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે ડ્રાઇવર સહિત તમામ છ જણ ગંભીર રીતે ઘવાયા હતા.

ઘાયલોને તાત્કાલિક સારવાર માટે એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ બે જણને તપાસીને મૃત જાહેર કર્યા હતા. મૃતકોની ઓળખ વિનોદ રામા વાયડે (૫૨) અને અનિતા રામજી જયસ્વાર (૬૦) તરીકે થઇ હતી. બાકીના ચાર જણની હાલ સારવાર ચાલી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

ઘાયલોમાંથી ખૂશ્બુ રામનારાયણ રાજભરે (૨૨)નો સમાવેશ છે, જે થાણેના કલવામાં હિંદી સ્કૂલની શિક્ષિકા છે. ખૂશ્બુએ પોલીસને જણાવ્યું હતું કે તે, તેની માતા ગીતા રાજભર સહિત વિનોદ વાયદે,

(જુઓ પાનું ૪) ▸▸

## અંધેરીથી માનખુર્દ મેટ્રો માટેની ટ્રાયલ રન આજથી

મુંબઈ: પૂર્વીય ઉપનગરોમાં ૧૮.૫૯ કિમી લાંબા ટુબી રૂટ (ડી.એન. નગર, અંધેરી પશ્ચિમથી મંડાલે, માનખુર્દ) ના ૫.૩ કિમીના ભાગ માટે પહેલી વાર મેટ્રો રેલ ટ્રેનનો ટ્રાયલ રન તેના લોન્ચ પહેલા શરૂ થશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ચેમ્બુરમાં મંડાલે (ડાયમંડ ગાર્ડન) વચ્ચેના ભાગને ટ્રાયલ માટે કાર્યરત કરવાની યોજના ધરાવે છે. આમાં પાંચ સ્ટેશનો - મંડાલે, માનખુર્દ, બીએસએનએલ, શિવાજી ચોક અને ડાયમંડ ગાર્ડનનો સમાવેશ થાય છે.

‘‘ગયા અઠવાડિયે, અમે ઓવરહેડ સાધનોનું સફળતાપૂર્વક વીજળીકરણ કર્યું. મેટ્રો કોરિડોરને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવાની દિશામાં, બુધવારથી ટ્રાયલ રન શરૂ થશે,’’ એમ એમએમઆરડીએના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

પ્રારંભિક પરીક્ષણ રનના સંતોષકારક પરિણામોના આધારે, ભારતીય રેલવેની સંશોધન ડિઝાઇન અને માનક સંગઠન ટીમને આગામી પગલાં માટે સિસ્ટમને પ્રમાણિત કરવા માટે આમંત્રિત કરવામાં આવશે, જે સ્વતંત્ર સલામતી મૂલ્યાંકનકારને બોલાવી રહી છે. મૂલ્યાંકનકાર સલામતી માર્ગદર્શિકા અનુસાર બધી સિસ્ટમોની ટેક્નિકલ અને કાર્યકારી મજબૂતાઈની ખાતરી કરશે. મેટ્રો રેલ સેફ્ટીના કમિશનર પછી સિસ્ટમનું નિરીક્ષણ કરશે અને જો સંતુષ્ટ થશે, તો તેને જાહેર કામગીરી માટે યોગ્ય તરીકે પ્રમાણિત કરશે.

મેટ્રો ટૂ-બી તબક્કાવાર શરૂ કરવામાં આવશે, મંડલેથી ડાયમંડ ગાર્ડન ભાગ ડિસેમ્બર સુધીમાં જાહેર ઉપયોગ માટે તૈયાર થઈ જશે અને ડાયમંડ ગાર્ડનથી ડીએન નગર ભાગનું ઉદ્ઘાટન ડિસેમ્બર ૨૦૨૫ થી ૨૦૨૬ ની શરૂઆતમાં ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યું છે. મુંબઈના પશ્ચિમ અને પૂર્વીય ઉપનગરો વચ્ચે જોડાણ પૂરું પાડતી સમગ્ર મુંબઈ મેટ્રો ૨ લાઇનને બે તબક્કામાં વિભાજિત કરવામાં આવી છે: ટૂ-એ (દહિસરથી ડી.એન. નગર) અને ટૂ-બી (ડીએન નગરથી મંડાલે). ■

## પ્લાસ્ટિકની બંદૂક દેખાડી વીસથી પચીસ તોલા સોનું લૂંટ્યું

પુણે: છેલ્લા કેટલાક મહિનામાં પુણેમાં ગુનાખોરીમાં થયેલા વધારાને કારણે શૈક્ષણિક કેન્દ્ર ગણાતા શહેરને હવે ગુનાખોરીની રાજધાની તરીકે ઓળખવામાં આવી રહી છે. શહેરમાં હત્યા, આતંક, અકસ્માતો, મહિલાઓ સામે હિંસા, ચોરી અને લૂંટની ઘટનાઓ દિવસે ને દિવસે વધી રહી છે. તાજેતરમાં પુણેમાં એક જ્વેલર્સની દુકાનમાંથી ધોળા દિવસે વીસથી પચીસ તોલા સોનું લૂંટાઈ જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં આરોપીઓએ પ્લાસ્ટિકની રમકડાંની બંદૂક દેખાડી લૂંટ ચલાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પુણેના ધાયરી વિસ્તારમાં આવેલા શ્રી જ્વેલર્સમાં થોડા સમય પહેલા ત્રણ લૂંટારુઓએ લૂંટ ચલાવી હતી. લૂંટારાઓએ બંદૂકની અણીએ દુકાનના માલિક વિષ્ણુ દહીવાલ પાસેથી વીસથી પચીસ તોલા સોનું લૂંટી લીધું હતું, જેની કિંમત હાલના બજાર ભાવના હિસાબે ૨૦ થી ૨૫ લાખ રૂપિયા થાય. રસપ્રદ વાત એ છે કે પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે લૂંટારુઓએ ચોરી માટે જે પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો તે પ્લાસ્ટિકનું એક રમકડું હતું. દરમિયાન, પોલીસ ભાગી ગયેલા ત્રણ લોકોની શોધ કરી રહી છે. ■

## એલ્ફિન્સ્ટન બ્રિજ બંધ કરતા હજી ત્રણ-ચાર દિવસ લાગશે

### મુંબઈ પોલીસ કહે છે કે અમને એમએમઆરડીએ તરફથી કોઈ માહિતી મળી નથી

મુંબઈ: મુંબઈનો ૧૨૫ વર્ષ જૂનો એલ્ફિન્સ્ટન રોડ ઓવરબ્રિજ (જેને પ્રભાદેવી બ્રિજ તરીકે પણ ઓળખવામાં આવે છે), જે અવરજવર માટે ૧૦ એપ્રિલના રોજ બંધ થવાનો હતો, તે ૧૫ એપ્રિલ, મંગળવારના રોજ પણ ખુલ્લો હોવાથી હવે એ ક્યારે બંધ કરાશે એ મૂંઝવણ છે. આ વિશે પ્રજ્ઞા ઝેડગે, ડીસીપી (સાઉથ-ટ્રાફિક) સાથે મુંબઈ સમાચારે વાત કરી ત્યારે તેમણે જણાવ્યું હતું કે અમને હજી સુધી એમએમઆરડીએ કશું જણાવ્યું નથી. હજી ત્રણ-ચાર દિવસ લાગશે અને બ્રિજ બંધ કરવા વિશે નોટિફિકેશન બહાર પાડીશું.

૧૯૧૩માં બ્રિટિશ શાસન દરમિયાન બંધાયેલો આ સદી જૂનો પુલ પરેલ અને પ્રભાદેવીને જોડવામાં

(જુઓ પાનું ૪) ▸▸

## ભરરસ્તે કારની ડિકીમાંથી લટકતા હાથે કુતૂહલ સાથે ડર ફેલાવ્યો

### વીડિયો વાયરલ થતાં પોલીસે ચાર જણને તાબામાં લીધા: ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી



મુંબઈ: લૅપટૉપના વેચાણ માટે રીલ બનાવવા વિચિત્ર અખતરો અજમાવવા જતાં ચાર જણે પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. નવી મુંબઈમાં ભરરસ્તેથી પસાર થતી કારની ડિકીમાંથી બહાર લટકતા હાથે વાહનચાલકોમાં કુતૂહલ સાથે ડર ફેલાવ્યો હતો. આ ગતકડાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થતાં પોલીસે કારને ટ્રેસ કરી ચાર જણને તાબામાં લીધા હતા.

કારની ડિકીમાંથી કોઈ વ્યક્તિનો હાથ બહાર લટકી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો હોવાની માહિતી સાનપાડા પોલીસને સોમવારની રાતે ૮.૪૫ વાગ્યે મળી હતી. માહિતીને આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. મામલો ગંભીર હોવાનું જણાતાં ક્રાઈમ બ્રાન્ચ પણ કારને ટ્રેસ કરવા માંડી હતી.

મળતી માહિતી અનુસાર સફેદ કલરની ઈનોવા કાર નવી મુંબઈના ભીડવાળા માર્ગ પરથી પસાર થઈ રહી હતી. કારની ડિકી થોડી ખુલ્લી હતી અને તેમાંથી એક વ્યક્તિનો હાથ બહારની તરફ લટકી રહ્યો હતો, જેની વીડિયો રેકોર્ડિંગ કારની પાછળ જઈ રહેલા વાહનમાંથી કરવામાં આવી રહ્યું હતું. વાહનોની ભીડવાળા માર્ગ પરથી આ કાર પસાર થઈ રહી હતી. પરિણામે બીજાં વાહનોમાં મુસાફરી કરતા લોકોએ પણ કારનું રેકોર્ડિંગ કરી લીધું હતું, જેના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

કારમાં કોઈનું અપહરણ કરવામાં આવ્યું હતું કે હત્યા બાદ શબને લઈ જવાતું હતું, એવી ધારણાથી લોકોમાં ભય ફેલાયો હતો. આખરે આ બાબતની જાણ પોલીસને કરવામાં આવી હતી. કારના રજિસ્ટ્રેશન નંબરને આધારે પોલીસ કોપરખૈરાણેમાં રહેતા ઈન્ઝમામ અખ્તર રઝા શેખ સુધી પહોંચી હતી.

ઈન્ઝમામની પૂછપરછમાં ડિકીમાંથી લટકતા હાથનો ભેદ ખૂલ્યો હતો. આ પ્રકરણે ઇન્ઝમામ સહિત મીનહાઝ મોહમ્મદ અમીન શેખ (૨૫), શહાવાર તારીખ શેખ (૨૪) અને મીરા રોડમાં રહેતા મોહમ્મદ અનસ અહમદ શેખ (૩૦) વિરુદ્ધ મોટર વેહિકલ ઍક્ટની કલમ ૧૮૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ચારમાંથી એકની કોપરખૈરાણેમાં લૅપટૉપની દુકાન છે. લૅપટૉપનું વેચાણ વધારવા તેણે લોકોનું ધ્યાન ખેંચાય એવી રીલ બનાવવાનું નક્કી કર્યું હતું. રીલ બનાવવા માટે આ પ્રકારતનું ગતકડું કરી તેનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવી રહ્યું છે.

માત્ર ઑનલાઈ વધારે વ્યૂઝ મેળવવા અને લોકોનું ધ્યાન ખેંચવા આ ઘટનાને નાટ્યાત્મક બનાવવાનો તેમનો ઇરાદો હતો, એવું પોલીસનું કહેવું છે. જોકે આ કૃત્ય અને લૅપટૉપના વેચાણનું પ્રમોશન કઈ રીતે કડી ધરાવે છે તે અંગે પોલીસે કોઈ ફોડ પાડ્યો નહોતો. ■

## નગર પરિષદો, નગર પંચાયતો, ઔદ્યોગિક નગરોના પ્રમુખોને હવે હટાવી શકાશે

### મહારાષ્ટ્ર કેબિનેટે આના માટેના સુધારાઓને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે મહારાષ્ટ્ર નગર પરિષદો, નગર પંચાયતો અને ઔદ્યોગિક નગરો અધિનિયમ, ૧૯૬૫માં સુધારાને મંજૂરી આપી હતી, જેમાં સભ્યોને નગર પરિષદો, નગર પંચાયતો અને ઔદ્યોગિક નગરોના પ્રમુખોને દૂર કરવાની સત્તા આપવામાં આવી છે. રાજ્ય વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, રાજ્ય સરકાર એક વટહુકમ બહાર પાડશે.

તદ્નુસાર, ચૂંટાયેલા સભ્યોના બે તૃતીયાંશ સભ્યોની સહી સાથેનો પ્રસ્તાવ મોકલવામાં આવશે અને તેના આધારે

(જુઓ પાનું ૪) ▸▸

## બાકી રહેલા મિલકત વેરા માટે અભય યોજના

કેબિનેટે મ્યુનિસિપલ કાઉન્સિલ, નગર પંચાયત, ઔદ્યોગિક ટાઉનશીપ વિસ્તારોમાં મિલકત વેરા બાકી રકમ માટે દંડ માફ કરીને અભય યોજનાને પણ મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મ્યુનિસિપલ કાઉન્સિલ, નગર પંચાયત અને ઔદ્યોગિક ટાઉનશીપ વિસ્તારોમાં મિલકત વેરાની લેણી રકમ પર દર મહિને બે ટકા દંડ લાદવાની જોગવાઈ છે. આને કારણે, મિલકત ધારકોની કુલ બાકી રકમ વધે છે અને દંડની રકમ ઘણીવાર મૂળ વેરાની રકમ કરતાં વધી જાય છે. દંડની રકમ મૂળ વેરા રકમ કરતાં વધી જતી હોવાથી, મિલકત ધારકો કર ચૂકવવામાં અનિચ્છા રાખે છે.

## કસ્ટડીમાં મોત: કેદીના પરિવારને પાંચ લાખનું વળતર

રાજ્ય કેબિનેટે મંગળવારે મંજૂર કરેલી નીતિ અનુસાર, મહારાષ્ટ્ર સરકાર જેલમાં અકુદરતી કારણોસર મૃત્યુ પામેલા કેદીના નજીકના સંબંધીને પાંચ લાખ રૂપિયાનું વળતર આપશે. જો કોઈ કેદી કસ્ટડીમાં આત્મહત્યા કરે છે, તો નીતિ મુજબ તેના પરિવારને એક લાખ રૂપિયાની નાણાકીય સહાય મળશે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા જારી કરાયેલા નિર્દેશના આધારે વળતર નીતિ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કોઈ કેદીનું મૃત્યુ અકસ્માત, તબીબી બેદરકારી, જેલ અધિકારીઓ દ્વારા હુમલો અથવા કેદીઓ વચ્ચેના ઝઘડાને કારણે થયું હોય તો પાંચ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. ■

## દોસ્તની અમીરીની ઈર્ષ્યા: ઝેર આપીને કરી હત્યા, યુવક પકડાયો

નાગપુર: નાગપુરમાં બનેલી એક ઘટનામાં દોસ્તની અમીરીની ઇર્ષ્યાને કારણે ઝેર આપીને તેની હત્યા કરવા બદલ ૧૯ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

સોમવારે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ મિથલેશ ઉર્ફે મંથન રાજેન્દ્ર ચાકોલે તરીકે થઇ હતી, જે હુડકેશ્વરના નિલકંઠ નગરનો રહેવાસી છે. આ જ વિસ્તારમાં રહેતા વેદાંત ઉર્ફે વિજય કાલીદાસ ખંદાતેની હત્યા કરવાનો મિથલેશ પર આરોપ છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર વેદાંત શ્રીમંત પરિવારનો નબીરો હતો અને તેના પરિવારે તાજેતરમાં આધુનિક સુવિધાઓ સાથેનું બે માળનું મકાન બંધાવ્યું હતું.

આરોપી નાના ઘરમાં રહેતો હતો અને તેને ઇર્ષ્યા થતી હતી. મિથલેશે ૮ એપ્રિલે વેદાંતને નજીકની પાનની દુકાન પર બોલાવ્યો હતો, જ્યાં બંનેએ ઠંડું પીણું પીધું હતું. આરોપીએ વેદાંતના પીણામાં વાંદાને ભગાડવાની

(જુઓ પાનું ૪) ▸▸

## તુળજા ભવાની મંદિરના પૂજારીઓને સંડોવતો ડ્રગ્સ કેસ: ૧૦૦૦૦ પાનાનું આરોપનામું, ૩૫ આરોપી, ૧૩ પૂજારી, ૨૧ હજી ફરાર

તુળજાપુર: તુળજાપુરમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સની હેરાફેરીની ચર્ચાઓ ચાલી રહી છે.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસે તુળજાપુર તાલુકામાં અઢીલાખ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું.

આ કેસમાં કુલ ૩૫ આરોપી જેમાંથી ૧૩ પૂજારી છે અને આમાંના ૨૧ હજી ફરાર છે. લાખો શ્રદ્ધાળુઓને આકર્ષતા તુળજાપુરમાં ડ્રગની દાણચોરીમાં પૂજારીનો હાથ હોવાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન તુળજાપુર ડ્રગ્સ કેસમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું છે. ધારાશિવ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટમાં ૧૦ હજાર પાનાનું આરોપનામું દાખલ કરવામાં આવ્યું છે.

તુળજાપુર ડ્રગ કેસમાં ૩૫ આરોપી છે અને આરોપીઓની સંખ્યા વધવાની શક્યતા છે. ડ્રગ્સની હેરાફેરીના કેસમાં રાજકીય કનેક્શન સામે આવ્યા બાદ પણ અત્યાર સુધીમાં ૧૪ આરોપીની ધરપકડ

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્ર સરકાર મેનહોલ સફાઈ માટે ૧૦૦ રોબો ખરીદશે

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મેનહોલ સાફ કરવા માટે ૨૭ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે ૧૦૦ રોબો ખરીદશે, જે કામ હાલમાં મેન્યુઅલી કરવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલય દ્વારા સ્વચ્છતા કાર્યોનું સામાજિક ઓડિટ શરૂ કર્યા પછી આ જાહેરાત કરવામાં આવી છે, જેમાં રાજ્ય સરકારની સફાઈ કામદારોના મૃત્યુને સંબોધવામાં નિષ્ફળતા પ્રકાશિત કરવામાં આવી છે. મુંબઈ, પુણે, પરભણી, સાતારા અને શિરુરમાં કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સામાજિક ઓડિટમાં મહારાષ્ટ્રમાં સ્વચ્છતા કામદારોના રક્ષણમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની ‘ગંભીર નિષ્ફળતાઓ’નો પર્દાફાશ થયો છે, જેને કારણે ૨૦૨૧ અને ૨૦૨૪ની વચ્ચે ૧૮ લોકોનાં મૃત્યુ થયા હતા. ઓડિટમાં જણાવાયું છે કે સર્વે કરાયેલા પાંચેય સ્થળોએ સલામતી પ્રોટોકોલ, રક્ષણાત્મક ગિયર અને કટોકટી પ્રતિભાવ પદ્ધતિઓ મોટાભાગે ગેરહાજર હતી.

પત્રકારો સાથે વાત કરતા રાજ્યના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન શિરસાટે જણાવ્યું હતું કે, ‘અમે પહેલા છત્રપતિ સંભાજીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા રોબોનો એક મહિનાનો ટ્રાયલ કરીશું. સફળ પરીક્ષણ પછી, અમે ૧૦૦ રોબો ખરીદીશું.’

તેમણે કહ્યું કે સામાજિક ન્યાય વિભાગ નગર વિકાસ વિભાગને રોબોટ્સ પૂરા પાડશે, જે પછી તેમને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં વહેંચશે. ‘આ નવા રોબો સ્વદેશી રીતે બનાવવામાં આવ્યા છે અને ઓછી ક્ષમતાવાળા હાલના રોબો કરતાં વધુ સક્ષમ છે. અમે જે ખરીદીશું તેમાં સફાઈ અને કચરાને અલગ કરવા માટે વધુ ક્ષમતા હશે,’ શિરસાટે જણાવ્યું હતું. ■




# લો-સ્કોરિંગ જંગમાં પંજાબ જીત્યું, કોલકાતા પરાસ્ત

## ચહલે ચાર વિકેટ લઈને મચાવી હલચલઃ મૅન ઑફ ધ મૅચ બન્યો

મુલ્લાંપુરઃ પંજાબ કિંગ્સે (પીબીકેએસ)એ અહીં મંગળવારે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને લો-સ્કોરિંગ થ્રિલરમાં ૧૬ રનથી હરાવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. પંજાબે માત્ર ૧૧૨ રનનો લક્ષ્યાંક આપ્યા છતાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા બૅક-ટુ-બૅક ધબડકાને કારણે પરાજય તરફ ધકેલાયું હતું અને ૧૫.૧ ઓવરમાં ૯૫ રનના સ્કોર પર છેવટે ઑલઆઉટ થઈ ગયું હતું. શાહરુખ ખાનની ટીમ સામે પ્રીટિ ઝિન્ટાની ટીમ જીતી ગઈ હતી.

**આજે કઈ મૅચ?**
દિલ્હી વિરુદ્ધ રાજસ્થાન
નવી દિલ્હી, સાંજે ૭.૩૦

પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે ગયા વર્ષની પોતાની ચૅમ્પિયન ટીમ કોલકાતાને આ વખતે પરાસ્ત કરાવી દીધી અને મેદાન પર સેલિબ્રેશન કર્યું હતું. કોલકાતાની ટીમમાં અંગક્રિશ રઘુવંશીના ૩૭ રન હાઇએસ્ટ હતા અને આન્દ્રે રસેલ (૧૭ રન, ૧૧ બૉલ, બે સિક્સર, એક ફોર) ઊંચા કદના માર્કો યેનસેનના બૉલમાં ક્લીન બોલ્ડ થતાં કોલકાતાને નહોતો જિતાડી શક્યો. પંજાબ માટે યુઝવેન્દ્ર ચહલ (૪-૦-૨૮-૪) સૌથી સફળ બોલર હતો. યેનસેને ત્રણ તેમ જ અર્શદીપ, બાર્ટલેટ અને મૅક્સવેલે એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, બૅટિંગ લીધા પછી પંજાબની ઇનિંગ્સ ૧૧૧ રનમાં સમેટાઈ ગઈ હતી. કૅપ્ટન શ્રેયસ ઐયરે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ એના ઓપનર્સ સારું રમવામાં ફ્લૉપ ગયા હતા. કેકેઆરનો પેસ બોલર હર્ષિત રાણા સૌથી સફળ (ત્રણ વિકેટ) બોલર હતો. બે સ્પિનર વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણે બે-બે વિકેટ લીધી હતી.

**આઈપીએલ-૨૦૨૫માં કઈ ટીમ કેવી સ્થિતિમાં?**

| ટીમ | મૅચ | જીત | હાર | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|
| ગુજરાત | ૬ | ૪ | ૨ | ૮ | +૧.૦૮૧ |
| દિલ્હી | ૫ | ૪ | ૧ | ૮ | +૦.૮૯૯ |
| બેંગલૂરુ | ૬ | ૪ | ૨ | ૮ | +૦.૬૭૨ |
| પંજાબ | ૬ | ૪ | ૨ | ૮ | +૦.૧૭૨ |
| લખનઊ | ૭ | ૪ | ૩ | ૮ | +૦.૦૮૬ |
| કોલકાતા | ૭ | ૩ | ૪ | ૬ | +૦.૫૪૭ |
| મુંબઈ | ૬ | ૨ | ૪ | ૪ | +૦.૧૦૪ |
| રાજસ્થાન | ૬ | ૨ | ૪ | ૪ | -૦.૮૩૮ |
| હૈદરાબાદ | ૬ | ૨ | ૪ | ૪ | -૧.૨૪૫ |
| ચેન્નઈ | ૭ | ૨ | ૫ | ૪ | -૧.૨૭૬ |

(તમામ આંકડા મંગળવારની કોલકાતા-પંજાબ મૅચના અંત સુધીના છે)

# જમાઈ રાહુલ અને સસરા સુનીલ શેટ્ટીએ જમીન ખરીદી

થાણેઃ ક્રિકેટર કેએલ રાહુલ અને તેના સસરા તથા બૉલીવૂડ-અભિનેતા સુનીલ શેટ્ટીએ થાણે (પશ્ચિમ)ના ઓવાળે વિસ્તારમાં ૯.૭૫ કરોડ રૂપિયાની કિંમતે કુલ સાત એકર જમીન ખરીદી છે.

એક અખબારી અહેવાલ મુજબ સ્ક્વેર યાર્ડ્સને મળેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશનના દસ્તાવેજો પરથી જાણવા મળ્યું હતું.

જમીનનો આ ટુકડો ૩૦ એકર અને ૧૭ ગુંઠાનો એક હિસ્સો છે.

રાહુલ-સુનીલ શેટ્ટીએ જે જમીન ખરીદી છે એ માટે તેમણે કુલ ૬૮.૯૬ લાખ રૂપિયાની સ્ટૅમ્પ-ડ્યૂટી ભરી છે.

આ જમીનને લગતો સોદો ગયા મહિનાની ૨૦મી તારીખે પાર પાડવામાં આવ્યો હતો.

દરિયા નજીકના આ વિસ્તારમાં ખરીદેલી જમીન પહેલાં રાહુલ અને તેની પત્ની આથિયા શેટ્ટીએ બાંદ્રના પાલી હિલ વિસ્તારમાં ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે અપાર્ટમેન્ટ ખરીદ્યું હતું.

ગયા મહિને ૨૪મી માર્ચે આથિયાએ બાળકીને જન્મ આપ્યો હતો. ■

# ધોનીએ લખનઊના બૅટ્સમૅનને અન્ડર-આર્મ થ્રોમાં અજબ રીતે કર્યો રનઆઉટ, સૌને ચોંકાવી દીધા

## ▶ માહીએ અવૉર્ડ સ્વીકારતી વખતે કહ્યું, 'મને શું કામ પુરસ્કાર આપો છો!'




લખનઊઃ વિકેટકીપિંગના બેતાજ બાદશાહ અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ સોમવારે લખનઊમાં ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી ઇકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના બૅટ્સમૅન અબ્દુલ સામદને જે રીતે રનઆઉટ કર્યો એ જોઈને સૌ કોઈ ચોંકી ગયા હતા અને એમ પણ કહી શકાય કે ૨૦મી ઓવરમાં ૧૫૮ રનના કુલ સ્કોર પર એ પાંચમી વિકેટ પડી એ મૅચનો ટર્નિંગ પૉઇન્ટ હતો.

લખનઊની ઇનિંગ્સમાં ૨૦મી ઓવર ચેન્નઈના મથીશા પથિરાનાએ કરી હતી. તેના પ્રથમ બૉલ પહેલાં સામદ ૨૦ રન પર રમી રહ્યો હતો અને તેની વિકેટ પહેલાં કુલ સ્કોર ચાર વિકેટે ૧૫૮ રન હતો. પથિરાનાના બીજા બૉલમાં લેગ સાઇડ પરના વાઇડ બૉલમાં સામદ અને કૅપ્ટન રિષભ પંતે ઝડપથી બાયનો એક રન દોડી લેવાનું નક્કી કરી લીધું. જોકે તેમણે ધોનીની ૧૦૦ ટકા કાબેલિયતને કદાચ નજરઅંદાજ કરી હશે. ધોની ડાબી તરફ દોડ્યો, બૉલ કલેક્ટ કરીને અન્ડર-આર્મ સ્ટાઇલમાં (સ્ટ્રાઇકર્સ એન્ડ પર નહીં, પણ) નૉન-સ્ટ્રાઇક એન્ડ પરના સ્ટમ્પ્સને ટાર્ગેટ બનાવીને ઊંચો ફેંક્યો. બૉલ ક્રીઝમાં પહોંચવા સંઘર્ષ કરી રહેલા સામદના માથા પરથી થઈને સીધો સ્ટમ્પ્સમાં ગયો હતો અને સામદ રનઆઉટ થઈ ગયો હતો.

આ રનઆઉટને ક્રિકેટમાં અને ખાસ કરીને આઇપીએલમાં થયેલો સૌથી અનોખો રનઆઉટ ગણી શકાય.

એ પછીના જ બૉલમાં ધોનીએ રિષભ પંતનો કૅચ ઝીલ્યો હતો અને અંતિમ બૉલમાં પથિરાનાએ શાર્દુલ ઠાકુરને નવા ખેલાડી શેખ રાશીદના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

લખનઊએ સાત વિકેટે ૧૬૬ રન કર્યા પછી ચેન્નઈએ રચિન રવીન્દ્રના ૩૭ રન તેમ જ શિવમ દુબેના અણનમ ૪૩ રન તેમ જ ખુદ ધોનીના અણનમ ૨૬ રનની મદદથી ૧૯.૩ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૮ રન બનાવીને પાંચ વિકેટે મૅચ જીતી લીધી હતી.

ધોનીએ ૧૧ બૉલમાં એક સિક્સર તથા ચાર ફોરની મદદથી અણનમ ૨૬ રન બનાવ્યા હતા. તેણે એ એકમાત્ર અને વર્તમાન આઇપીએલની આઠમી સિક્સર એક હાથે અદ્ભુત સ્ટાઇલમાં ફટકારી હતી.

### ઉથપ્પા કહે છે, ધોનીનો થ્રો ફ્લૂકમાં હતો

ધોનીએ સોમવારે લખનઊના અબ્દુલ સામદને જે અદ્ભુત રીતે રનઆઉટ કર્યો એની ચોમેર પ્રશંસા થઈ રહી છે ત્યારે ભારતના ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન રૉબિન ઉથપ્પાનું એવું માનવું છે કે 'ધોનીનો આ થ્રો મારી દૃષ્ટિએ તુક્કો (ફ્લૂક) હતો. તેણે આટલા લાંબા અંતરેથી બૉલ ફેંક્યો અને એ સીધો સામા છેડાના સ્ટમ્પ્સમાં ગયો એ સફળ થ્રો મારી દૃષ્ટિએ ફ્લૂક કહી શકાય. હું પોતે વિકેટકીપિંગ કરી ચૂક્યો છું. હું જાણું છું ધોનીનો એ તુક્કો જ હતો.'

### અવૉર્ડ માટે બીજા પણ દાવેદારઃ ધોની

ચેન્નઈએ સાતમાંથી માત્ર બીજો વિજય સોમવારે મેળવ્યો. કૅપ્ટન ધોનીએ ૨૦૧૯ની સાલ પછી પહેલી વાર (છ વર્ષે) આઇપીએલમાં મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો. જોકે તેણે આ અવૉર્ડ સ્વીકારતી વખતે કહ્યું હતું કે તેને બદલે બીજા કોઈને આ પુરસ્કાર આપી શકાયો હોત. તેણે કહ્યું, 'મને વિચાર થાય છે કે મને શા માટે આ અવૉર્ડ આપવામાં આવ્યો? હું તો કહું છું કે નૂર મોહમ્મદે (૪-૦-૧૩-૦) ઘણી સારી બોલિંગ કરી હતી. તેણે જડ્ડુ (રવીન્દ્ર જાડેજા)એ પણ બોલિંગમાં ઘણું સારું પર્ફોર્મ (૩-૦-૨૪-૨) કર્યું હતું. તેમની બોલિંગે જ અમારી જીતનો માર્ગ મોકળો બનાવ્યો હતો.' ■

# વાનખેડેમાં ત્રણ સ્ટૅન્ડને રોહિત, વાડેકર અને શરદ પવારનાં નામ

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)એ વાનખેડે સ્ટેડિયમમાં એક સ્ટૅન્ડને ભારતીય કૅપ્ટન રોહિત શર્માનું, બીજા સ્ટૅન્ડને ભૂતપૂર્વ સુકાની અજિત વાડેકરનું તેમ જ ત્રીજા સ્ટૅન્ડને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ શરદ પવારનું નામ આપ્યું છે.

ત્રણ સ્ટૅન્ડને આ દિગ્ગજોના નામ આપવાનો નિર્ણય એમસીએની વાર્ષિક સભામાં લેવામાં આવ્યો હતો.

પસાર કરવામાં આવેલા ઠરાવ મુજબ દિવેચા પૅવિલિયન લેવલ-થ્રી હવેથી રોહિત શર્મા સ્ટૅન્ડ તરીકે ઓળખાશે.

ગ્રૅન્ડ સ્ટૅન્ડ લેવલ-થ્રી હવેથી આઇસીસીના ભૂતપૂર્વ અધ્યક્ષ શરદ પવારના નામે તેમ જ ગ્રૅન્ડ સ્ટૅન્ડ લેવલ-ફોર હવેથી અજિત વાડેકરના નામે ઓળખાશે.

૧૯૬૬થી ૧૯૭૪ દરમ્યાન ભારત વતી ૩૭ ટેસ્ટ અને બે વન-ડે રમનાર વાડેકરના નેતૃત્વમાં ભારતે ૧૯૭૧માં વેસ્ટ ઇન્ડિઝમાં તથા ઇંગ્લૅન્ડમાં ઐતિહાસિક ટેસ્ટ સિરીઝ જીતી લીધી હતી. વાડેકરનું ઑગસ્ટ, ૨૦૧૮માં ૭૭ વર્ષની વયે નિધન થયું હતું.

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકે જણાવ્યું હતું કે 'આ નિર્ણયો મુંબઈ ક્રિકેટના સ્તંભ સમાન દિગ્ગજો પ્રત્યેના અમારા માન-સન્માનનું પ્રતિબિંબ છે. આના પરથી એ પણ નિર્દેશ જાય છે કે અમે મુંબઈ ક્રિકેટના મજબૂત ભાવિ માટે વધુ સંકલ્પિત છીએ.'

# એમ્બપ્પેને છ વર્ષમાં પ્રથમવાર રેડ કાર્ડ

મેડ્રિડઃ ફ્રાન્સના સ્ટાર ફૂટબોલર કિલિયમ એમ્બપ્પેને રેડ કાર્ડ મળવાના કારણે તેના વિના રમી રહેલી રિયલ મેડ્રિડે અલાવેસ વિરુદ્ધ ૧-૦થી જીત હાંસલ કરી હતી. સ્પેનિશ ફૂટબોલ લીગ લા લીગાની આ મેચમાં રિયલ મેડ્રિડના સ્ટાર સ્ટ્રાઇકર એમ્બપ્પેને ૨૦૧૯ પછી પ્રથમવાર રેડ કાર્ડ મળ્યું હતું. એમ્બપ્પેને અલાવેસના મિડફિલ્ડર એન્ટોનિયો બ્લેન્કોને ખોટી રીતે ટેકલ કરવાના કારણે હાફ ટાઇમ પહેલા જ મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો. ફ્રાન્સના સ્ટાર ખેલાડીને શરૂઆતમાં યલો કાર્ડ બતાવવામાં આવ્યું હતું પરંતુ રેફરીએ પછી તેને રેડ કાર્ડમાં ફેરવી દીધું હતું.

૨૦૧૯ પછી આ પહેલી વાર છે જ્યારે એમ્બપ્પેને કોઈ પણ સ્પર્ધામાં રેડ કાર્ડ આપવામાં આવ્યું છે. આ કારણે તે ઓછામાં ઓછા આવતા રવિવારે એથ્લેટિક બિલબાઓ સામેની સ્પેનિશ લીગ મેચમાં રમી શકશે નહીં. રિયલ મેડ્રિડ માટે એડ્યુઆર્ડો કૈમાવિંગાએ ૩૪મી મિનિટે ગોલ કર્યો જે આખરે નિર્ણાયક સાબિત થયો હતો.

# રોહિત ઓપનિંગમાં સારું નથી રમતો તો તેને નીચલા ક્રમે મોકલોઃ અંજુમ ચોપડા



નવી દિલ્હીઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમે રવિવારે દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના છેલ્લા ત્રણ બૅટ્સમેનને રનઆઉટ કરીને અભૂતપૂર્વ વિજય મેળવ્યો એ સાથે જરૂરી બે પૉઇન્ટ મેળવીને પૉઇન્ટ્સ-ટેબલમાં એક ક્રમની પ્રગતિ કરી, પરંતુ હજી છમાંથી માત્ર બે મૅચ જીતનાર એમઆઇની ટીમના ઓપનર રોહિત શર્માનું નબળું ફૉર્મ બધા માટે મોટી ચિંતાનો વિષય છે ત્યારે ભારતની ભૂતપૂર્વ મહિલા કૅપ્ટન અંજુમ ચોપડાએ સૂચવ્યું છે કે રોહિતને ઓપનિંગને બદલે નીચેના કોઈ ક્રમે બૅટિંગમાં મોકલવો જોઈએ.

આ મહિનાની ૩૦મી તારીખે જીવનનાં ૩૮ વર્ષ પૂરાં કરનાર રોહિત શર્માના આ વખતની આઇપીએલમાં સ્કોર આ મુજબ છેઃ ૦, ૮, ૧૩, ૧૭ અને ૧૮ રન.

રોહિતના નબળા ફૉર્મને લીધે હાર્દિક પંડ્યાના નેતૃત્વ હેઠળની એમઆઇની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં સતતપણે નીચલા ક્રમમાં જ રહી છે. આ ટીમ છમાંથી ચાર મૅચ હારી છે અને બે મૅચ જીતી છે.

૧૯૯૫થી ૨૦૧૨ દરમ્યાન ભારત વતી ૧૨૭ વન-ડે, ૧૨ ટેસ્ટ અને ૧૮ ટી-૨૦ રમનાર અંજુમ ચોપડા ૪૭ વર્ષની છે. તેણે પીટીઆઇ વીડિયોને આપેલી મુલાકાતમાં કહ્યું, 'કોઈ પણ ખેલાડી ફૉર્મ ગુમાવી બેસે. એમાં કોઈ નવાઈ નથી, પરંતુ સવાલ એ છે કે હાલમાં રોહિતનું નબળું ફૉર્મ એમઆઇની યોજનાઓને ખોરવી નાખનારું છે. એમઆઇએ આ ટૂર્નામેન્ટમાં (ખાસ કરીને ટૉપ-ઑર્ડરમાં) જે રીતે શરૂઆત કરવી જોઈતી હતી એ રીતે થઈ નથી.'

અંજુમે પીટીઆઇને કહ્યું, 'મારી દૃષ્ટિએ એમઆઇ પાસે વિકલ્પ છે. તેઓ રોહિતને બૅટિંગમાં નીચેના કોઈ ક્રમે મોકલી શકે. રોહિત ફૉર્મમાં નથી એવું હું નથી માનતી. ક્યારેક કોઈ ઓપનર ટૂર્નામેન્ટની જોઈએ એવી શરૂઆત નથી કરી શક્તો જેની અસર એ બૅટ્સમૅન પર તેમ જ ટીમ પર પડતી હોય છે. આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે રોહિત કેવો કાબેલ બૅટ્સમૅન અને મૅચ-વિનર છે.'

# આઈપીએલમાં 'રૉબોટ-ડૉગ'ની ધમાલ, ધોનીએ મજાકમાં એને ઊંધો વાળી દીધો!

## પાકિસ્તાનની લીગમાં 'ફ્લાઇંગ મૅન' સૌનું મનોરંજન કરે છે



નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં આ વખતે હાઇ-સ્કોરિંગ મૅચો બહુ નથી જોવા મળી, પણ સાધારણ સ્કોર્સ વચ્ચે પણ અનેક મુકાબલા દિલધડક જરૂર થયા છે અને એ રીતે સ્ટેડિયમોમાં પ્રેક્ષકોને તેમ જ ટીવી પર આઇપીએલ માણતાં કરોડો દર્શકોને ભરપૂર મનોરંજન મળ્યું છે. આ ક્રિકેટ-કમ- એન્ટરટેઇનિંગ ટૂર્નામેન્ટને વધુ રોમાંચક બનાવવા સત્તાધીશોએ રૉબોટ-ડૉગને મેદાન પર દોડતો કર્યો છે. મેદાન પર ખેલાડીઓ આ રૉબોટ-ડૉગને 'મળ્યા' એમાં મહેન્દ્રસિંહ ધોનીની તેની સાથેની મુલાકાત ખાસ હતી. બીજી તરફ, પાકિસ્તાન ક્રિકેટમાં ફ્લાઇંગ-મૅનની ચકચાર છે.

વાત એવી છે કે ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર અને કૉમેન્ટેટર ડૅની મૉરિસને આઇપીએલ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારી મુજબ રૉબોટિક-ડૉગને મેદાન પર મૂક્યો હતો. મૉરિસને રમૂજ ફેલાવતાં કહ્યું, 'નજીકના ભવિષ્યમાં આ રૉબોટિક-ડૉગ બ્રૉડકાસ્ટ ટીમમાં પણ જોડાઈ જશે.'

મૉરિસને મજાકિયા નિવેદનમાં એવું પણ કહ્યું કે 'આ અનોખો ડૉગ ચાલી શકે છે, દોડી શકે છે, બધાને અભિનંદન આપી શકે છે અને સૌથી વિશેષ વાત એ છે કે આ પાળેલો ડૉગ છે. એમ છતાં મેદાન પર આ ફરી રહ્યો હોય ત્યારે કોઈએ તેની નજીક જવું નહીં.'

રૉબોટ-ડૉગ સૌથી પહેલાં રવિવાર, ૧૩મી એપ્રિલે પાટનગર દિલ્હીમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને દિલ્હી કૅપિટલ્સ (ડીસી) વચ્ચેની મૅચ વખતે મેદાન પર સક્રિય કરવામાં આવ્યો હતો. આ અનોખા શ્વાને માથું આમતેમ ફેરવીને ખેલાડીઓને મૂંઝવી નાખ્યા હતા અને પ્રેક્ષકો તો પાગલ જ થઈ ગયા હતા. પ્રેક્ષકોએ આ ડૉગની મૂવમેન્ટ જોઈને બૂમો પાડી હતી અને સ્ટેડિયમ ગૂંજવી નાખ્યું હતું.

દિલ્હી સામેની મૅચ વખતે મુંબઈના કૅપ્ટન હાર્દિક પંડ્યાએ ઉત્સુકતા સાથે રૉબોટ-ડૉગને અભિનંદન આપીને મેદાન પર તેનું સ્વાગત કર્યું હતું. દિલ્હીનો સુકાની અક્ષર પટેલ થોડો મૂંઝાયેલો હતો, જ્યારે મુંબઈના બોલર રીસ ટૉપ્લી ચોંકી જવાની સાથે આનંદિત થઈ ગયો હતો.

સોમવારે લખનઊમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મૅચમાં ચેન્નઈ સુપર કિંગ્સનો કૅપ્ટન એમએસ ધોની પ્રૅક્ટિસ-સેશન દરમ્યાન મેદાન પર ઊતર્યો ત્યારે રૉબોટ-ડૉગ સામેથી આવી રહ્યો હતો. ધોનીએ મજાકમાં તેને ઊંચકીને ઊંધો પાડી દીધો હતો જેથી એ ડૉગ આગળ વધી જ નહોતો શક્યો. મેદાન પર પ્રૅક્ટિસ કરી રહેલા ખેલાડીઓ અને સ્ટેડિયમમાંના પ્રેક્ષકો ધોનીની આ મજાકથી ખૂબ હસ્યા હતા. ધોની આગળ વધ્યો ત્યાર બાદ ટેક્નિકલ સ્ટાફના સભ્યોએ દોડી આવીને રૉબોટ-ડૉગને અસલ સ્થિતિમાં ઊભો કરી દીધો અને એ ડૉગ પાછો આગળ વધ્યો હતો.

પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ચાલી રહી છે અને એમાં પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે ટેક્નિકથી બનાવેલા ફ્લાઇંગ-મૅનને પ્રેક્ષકો અને ટીવી-દર્શકોના મનોરંજન માટે સ્ટેડિયમોમાં 'ઊડતો' કર્યો છે.

યુએઇમાં 'ફ્લાઇંગ-મૅન' હવે કોઈ નવી વાત નથી અને એવું મનાય છે કે પાકિસ્તાને ત્યાંથી જ આ ટેક્નિક (સૌથી આધુનિક માનવ-સંચાલિત ફ્લાઇંગ સિસ્ટમ) મેળવી છે. ૧,૫૦૦ હોર્સપાવરવાળા આ ફ્લાઇંગ-મૅન સાથે સાત માઇક્રોજેટ ટર્બાઇન જોડાયેલા છે જેને લીધે એ કલાકે ૮૦ માઇલની ઝડપે ઊડી શકે છે.

# બેટ્સમેનોને અયોગ્ય લાભ ઉઠાવતા રોકવા હવે મેદાન પર જ બેટનું કદ તપાસે છે અમ્પાયરો

નવી દિલ્હીઃ મેદાન પરના અમ્પાયરોએ પરંપરાથી આગળ વધીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની વર્તમાન સીઝન દરમિયાન બેટ્સમેનોને અયોગ્ય ફાયદો લેતા રોકવા માટે મેદાન પર જ બેટના આકારની તપાસ કરવાનું શરૂ કરી દીધું છે. બેટનું કદ તપાસવું એ એક સામાન્ય પ્રથા છે, પરંતુ છેલ્લી સીઝન સુધી આ પ્રક્રિયા ફક્ત ડ્રેસિંગ રૂમની અંદર જ કરવામાં આવતી હતી.

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ પાવર હિટિંગને આ જમાનામાં વધુ સતર્ક રહેવા માટે મેચના અધિકારીઓને જરૂરી હોય તો મેદાન પર જ બેટની કોઇ પણ પ્રકારની તપાસ કરવાની મંજૂરી આપી છે.

આઇપીએલમાં ૧૦૦થી વધુ અનેક આંતરરાષ્ટ્રીય મેચમાં અમ્પાયરિંગ કરી ચૂકેલા બીસીસીઆઇના પૂર્વ અમ્પાયરે પણ આ ઘટના પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

આ ભૂતપૂર્વ અમ્પાયરે નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''અમ્પાયરો બેટનું કદ તપાસવા માટે 'બેટ ગેજ' નામનું ઉપકરણ પોતાની સાથે રાખે છે. જો બેટ તે ગેજમાંથી પસાર થાય છે તો તે સ્વીકાર્ય માનવામાં આવે છે. ઇનિંગ્સ શરૂ કરતા પહેલા અમે બધાએ ડ્રેસિંગ રૂમની અંદર બેટ તપાસ્યું છે. ખેલાડીઓ તેમના બેટ સોંપે છે અને નિરીક્ષણ કરવામાં આવે છે.''

તેમણે કહ્યું હતું કે, હવે સવાલ એ થાય છે કે શું કોઇ પણ ખેલાડીએ તપાસ માટે એક બેટ આપ્યું છે અને મેદાન પર બીજા બેટનો ઉપયોગ કર્યો હતો. જો આવું બન્યું હોય તો આ પ્રોટોકોલ આવકાર્ય યોગ્ય છે. ખેલાડીઓ હંમેશા અનેક બેટ વાપરે છે.

બેટનું વજન અલગ અલગ હોઈ શકે છે, પરંતુ તેની લંબાઈ, પહોળાઈ (બેટનો આગળનો ભાગ), ઊંડાઈ (બેટનો મધ્ય ભાગ) અને કિનારીની પહોળાઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા નિર્ધારિત મર્યાદામાં હોવી જોઈએ.

નિયમો અનુસાર, બેટના આગળના ભાગની પહોળાઈ ૪.૨૫ ઇંચ (૧૦.૭૯ સેમી) થી વધુ ન હોવી જોઈએ. બેટના મધ્ય ભાગની જાડાઈ ૨.૬૪ ઇંચ (૬.૭ સેમી) થી વધુ ન હોઈ શકે. મહત્તમ ધારની પહોળાઈ ૧.૫૬ ઇંચ (ચાર સે.મી.) થી વધુ ન હોવી જોઇએ. બેટની લંબાઈ હેન્ડલની ટોચથી બેઝ સુધી ૩૮ ઇંચ (૯૬.૪ સે.મી.) થી વધુ ન હોઈ શકે.

છેલ્લા કેટલાક દિવસોમાં મેદાન પર મેચ દરમિયાન રાજસ્થાન રોયલ્સના શિમરોન હેટમાયર, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ફિલ સોલ્ટ અને મુંબઈ ઇન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાના બેટને માપવામાં આવ્યા હતા. આ બધા ખેલાડીઓના બેટનું કદ યોગ્ય જાણવા મળ્યું હતું. આ વખતે આઇપીએલમાં સિક્સનો વરસાદ થઈ રહ્યો છે.

# ધોનીની સિકસર્સ દિગ્ગજોથી વધુઃ ૨,૧૭૬ દિવસે મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ જીત્યો

લખનઊઃ મહેન્દ્ર સિંહ ધોની ૪૩ વર્ષની ઉંમરે કદાચ છેલ્લી આઈપીએલ રમી રહ્યો છે, પરંતુ ફરી કેપ્ટન્સી સંભાળવાની જવાબદારી વચ્ચે પણ આટલી મોટી ઉંમરે ચેન્નઈ સુપર કિંગ્સને સોમવારે લખનઊ સુપર જાયન્ટ્સ સામે જીત અપાવવી અને છ વર્ષે ફરી વાર મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર પણ જીતી લેવો એ નાનીસૂની વાત ન કહેવાય.

બીજી ખાસ બાબત એ છે કે આ વખતની આઈપીએલમાં ધોનીની સિક્સરનો આંકડો તેનાથી ઉંમરમાં ઘણા નાના યુવા તેમ જ દિગ્ગજ ખેલાડીઓથી પણ મોટો છે.

ધોનીએ આ વેળા સંજુ સૅમસન, ઈશાન કિશન, દેવદત્ત પડિક્કલ, શુભમન ગિલ, ફાફ ડુ પ્લેસી, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, રિષભ પંત, રોહિત શર્મા, શશાંક સિંહ, ડેવિડ મિલર, નીતીશ કુમાર રેડ્ડી વગેરે કરતાં વધુ સિક્સર ફટકારી છે.

માહીએ આઈપીએલમાં સોમવારે ૨,૧૭૬ દિવસ બાદ ફરી એક વાર મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો.

### અવૉર્ડ ધોનીને કેમ અપાયો?

સોમવારે ધોનીએ અણનમ ૨૬ રન કરવા ઉપરાંત એક કૅચ પકડ્યો હતો, એક બૅટ્સમૅનને રનઆઉટ કર્યો હતો તેમ જ એક પ્લેયરને સ્ટમ્પ-આઉટ પણ કર્યો હતો.

### અગાઉનો પુરસ્કાર ૨૦૧૯ની આઈપીએલમાં

આ પહેલાં ધોનીએ મે, ૨૦૧૯માં ૩૭ વર્ષની ઉંમરે દિલ્હી કેપિટલ્સ સામેની મૅચમાં ધમાકેદાર પર્ફોર્મ કરીને પુરસ્કાર જીતી લીધો હતો. ત્યાર બાદ છેક હવે તેણે ૪૩ વર્ષની વયે અવૉર્ડ મેળવ્યો છે.

### લખનઊ સામે ચેન્નઈ કેવી રીતે જીત્યું?

સોમવારે ધોનીએ ૧૧ બૉલમાં એક હાથે (વન-હૅન્ડેડ) ફટકારેલી સિક્સર અને ચાર ફોરની મદદથી અણનમ ૨૬ રન બનાવીને મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું હતું. તેની સાથે શિવમ દુબે (૪૩ અણનમ, ૩૭ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) છેક સુધી ક્રીઝ પર રહ્યો હતો. બન્ને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૫૭ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

ચેન્નઈએ ૧૬૭ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ૧૯.૩ ઓવરમાં ૧૬૮/૫ના સ્કોર સાથે શાનદાર જીત હાંસલ કરી હતી. ઓપનર શેખ રાશીદે ડેબ્યૂ મૅચમાં જ ઉપયોગી ૨૭ રન કરવાની સાથે રચિન રવીન્દ્ર (બાવીસ બૉલમાં ૩૭ રન) સાથે બાવન રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. લખનઊ વતી રવિ બિશ્નોઈએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, લખનઊએ કેપ્ટન રિષભ પંતના ૬૩ રનની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૬ રન કર્યા હતા. ચેન્નઈના બોલર્સમાં જાડેજા અને પથિરાનાએ બે-બે વિકેટ લીધી હતી.

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## ભારત સામે છે કૂટ પ્રશ્ન

# ડ્રેગનને ડારવો કે આવકારવો?

### ચીની ડમ્પિંગ સામે સ્થાનિક ઉત્પાદકોના હિતરક્ષણ માટે સરકાર સતર્ક

ડ્રેગન આપણો શત્રુ છે અને એવો શત્રુ છે કે જેના પર કોઇ પ્રકારનો ભરોસો ના કરી શકાય અને સાથે તેના પર દયા ખાવા જેવું પણ નથી! આ વાત સ્પષ્ટ છે. અહીં આપણે ટ્રેડ વોર એટલે કે વેપાર યુદ્ધની વાત કરી રહ્યાં છીએ પણ આપણી સરહદો પર પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, માલદીવ્સ બાદ હવે તાજેતરમાં બાંગ્લાદેશને સાધીને ચીન ભારત પર હુમલાઓ કરવાની વ્યૂહરચના તપાસી રહ્યું હોવાનું સંભળાઇ રહ્યું છે.

...તો પછી આવી પરિસ્થિતિમાં ડ્રેગનને ડારવા કે આવકારવાનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે! આ સવાલ એટલે માટે છે કે આ વાત ટ્રેડ વોરની છે અને ભારત ચાણક્યનો દેશ છે. અમેરિકાએ હંમેશાં આપણાં શત્રુ રાષ્ટ્રોને શસ્ત્રોથી માંડીને ડોલરની નિરંતર સહાય કરી છે તે આપણે જાણીએ છીએ.

હાલના તબક્કે અમેરિકાએ વૈશ્વિક સ્તરે ટેરિફ યુદ્ધ છેડ્યુ છે અને તેમાં એકમાત્ર ચીને જ નહીં, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુરોપના દેશોએ પણ વિરોધનો સૂર ઉચ્ચાર્યો છે. અમેરિકા ભારત પ્રત્યે સહેજે કૂણું નથી, હા, ચીન પ્રત્યે આકરું છે કારણ તેણે અમેરિકાને મૌખિક રીતે તો સણસણતો જવાબ આપ્યો છે અને સાથે છેક સુધી લડી લેવાનો તેમ જ જે પ્રકારનું યુદ્ધ ઇચ્છે તેમાં આગળ વધવાનો પડકાર આપ્યો છે.

અમેરિકાએ ચીનને એકલું પાડી દેવા માટે તમામ દેશોને ૯૦ દિવસનો સમય આપ્યો છે અને ટેરિફ નીચી રાખી છે, જ્યારે ચીન પર ૧૪૫ ટકાની તોતિંગ ટેરિફ ફટકારી છે. અમેરિકા ઇચ્છે છે કે કોઇ દેશે ચીનને ટેકો ના આપવો જોઇએ અને આપે તો તેની સામે આકરાં પગલાં લેશે.

આ સ્થિતિમાં એક એવો ભય ઊભો થયો છે કે ચીન ક્યાંક પોતાનો માલ ભારતમાં તો નહીં ઠાલવે? કારણ કે ભારત એક મોટી બજાર તો છે જ પરંતુ ટેરિફનો દર પણ ૧૪૫ ટકા સામે ૨૬ ટકા છે. એક અહેવાલ પ્રમાણે એપલ કંપનીએ આ જ તફાવતનો લાભ લઇને ભારતની મદદથી અમેરિકામાં આઇફોનની નિકાસમાં અંદાજે રૂ. ૫૦૦૦ કરોડ બચાવી લીધા છે.

ભારત માટે આ પરિસ્થિતિ લાભદાયી છે કે જોખમ એ અંગે ટોચના અર્થશાસ્ત્રીઓ પોતાના ઘોડા દોડાવી રહ્યા છે, પરંતુ સ્થાનિક ઉદ્યોગોનું હિત ધ્યાનમાં રાખીને ભારત સરકાર ચાઇનીઝ ડમ્પિંગને અવરોધવા માટેની વ્યૂહરચના ઘડી રહી છે. આ બાબત ગંભીર પણ છે અને જણાય છે એટલી સહેલી પણ નથી.

અમેરિકાએ બાકીના દેશોને ટેરિફમાંથી ૯૦ દિવસની મુક્તિ આપી પણ ચીન પર લાદવામાં આવેલા ૧૨૫ ટકા ડ્યૂટીનો અમલ શરૂ કર્યો હોવાથી હવે ચાઇનીઝ કંપનીઓ સસ્તો ચાઇનીઝ માલ ભારતમાં પધરાવવાની નીતિ અપનાવે એવી પૂરેપૂરી શક્યતા જોતાં, ભારત સરકાર ક્યા ક્યા ક્ષેત્રે ચીની કંપનીઓ આવી રીતે માલ પધારાવવા નજર દોડાવી શકે છે એ નક્કી કરીને આવાં ક્ષેત્રોમાં વચગાળાની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી, મિનિમમ ઇમ્પોર્ટ પ્રાઇસ નક્કી કરી, અન્ય સેફગાર્ડ ડ્યૂટી લાદી અથવા તો અન્ય કોઇ પગલાં લઇ આ ક્ષેત્રના સ્થાનિક ઉત્પાદકોના હિતનું રક્ષણ કઇ રીતે કરવું તે અંગે વિચારણા કરી રહી છે.



જોકે આવા કોઇ પગલાં લેવામાં સરકાર થોડો ઘણો વિલંબ કરશે તો વેપારની ચાલબાજીમાં અત્યંત ચબરાક ચાઇનીઝ કંપનીઓ તેમનો હાલનો ઉત્પાદિત જથ્થો ભારતીય બજારમાં ડમ્પ કરી દેવામાં જરાય વાર નહીં કરે એવો ભય ઉદ્યોગજગતને સતાવી રહ્યો છે.

અમેરિકાએ અગાઉ લાદેલી ૫૪ ટકા ડ્યૂટીના વળતા પ્રહારરૂપે ચીને પણ ૩૪ ટકા ડ્યૂટી લાદી હતી. તે પછી અમેરિકાએ આ ડ્યૂટી વધારીને ૧૦૪ ટકા કરતાં ચીન પણ પાછું પડ્યું નહોતું અને અંત સુધી આ મુદ્દે લડી લેવાના નિર્ધાર સાથે ચીને ડ્યૂટી વધારીને ૮૪ ટકા કરી હતી. આથી વધુ છંછેડાયેલા અમેરિકાએ ડ્યૂટી વધારીને ૧૨૫ ટકા કરી હતી અને નવમી એપ્રિલથી જ તે અમલી બનાવી હતી, જ્યારે બાકીના દેશોને રેસિપ્રોકલ ડ્યૂટીમાંથી ૯૦ દિવસો સુધી મુક્તિ આપવામાં આવી હતી.

આમ ચીન અને યુએસ વચ્ચે ચરમસીમાએ પહોંચેલા ટ્રેડ વોરને પગલે ચીની ડમ્પિંગ સામે ભારતીય ઉત્પાદકોના હિત રક્ષણને ભારત સરકારે અગ્રિમ સ્થાન આપ્યું હોવાથી આ દિશામાં વિચારણા કરવામાં આવી રહી હોવાનું સાધનો જણાવે છે.

કેન્દ્ર સરકારને એવી ભીતિ છે કે અમેરિકાએ ફટકારેલી રેસિપ્રોકલ ટેરિફના પ્રહારથી બચવા ચીની કંપનીઓ હવે તેમની પાસે રહેલો ઉત્પાદિત જથ્થો ભારતમાં પાણીના ભાવે પધરાવી દેવાની પેરવી કરશે. આને કારણે ભારતીય બજારમાં ચાઇનીઝ કંપનીઓનો પગપેસારો વધશે અને ગ્રાહકોને લાભ થશે, પરંતુ ઉદ્યોગોને ફટકો પડશે.

સામાન્ય રીતે કોઇ પણ આયાત પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી લાદવી હોય તો આવી સસ્તા ભાવે થતી આયાત અંગે ફરિયાદ મળે તે પછી તેમાં ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) દ્વારા તપાસ કરવામાં આવે છે. આ તપાસ આશરે અઢાર મહિના જેટલી ચાલે છે અને તે પછી એન્ટિ ડમ્પિંગ જકાત લાદવામાં આવે છે.

જોકે નિષ્ણાતોના જણાવ્યા મુજબ આવી તપાસ ચાલુ હોય તે દરમિયાન પણ સરકાર વચગાળાની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી શકે છે. આ ઉપરાંત કોઇ ફરિયાદ ન મળે તો પણ ડીજીએફટી સુઓમોટો તપાસ હાથ ધરી શકે છે. આથી હાલની સ્થિતિમાં સરકાર સુઓમોટો તપાસ હાથ ધરીને એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી શકે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલથી જાન્યુઆરીના સમયગાળામાં ભારતે ચીનમાંથી ૯૫ અબજ ડોલરની આયાત કરી છે. નોંધવા જેવી વાત એ છે કે, ૨૦૨૪માં ભારતમાં એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી અંગેના જે કુલ કેસ હતા, તેમાંથી ૭૯ ટકા કેસ ચીન સામેના હતા.

સરકારે યુએસના ટેરિફ ટેરરથી સ્થાનિક ઉદ્યોગોને બચાવવા બાંયધરી આપી છે. જોકે સાથે સાથે સરકારે ઔદ્યોગિક સંગઠનના પ્રતિનિધિઓને એમ પણ જણાવ્યું છે કે જે અન્ય દેશો પર ભારતથી વધારે ટેરિફ લાદવામાં આવી છે તે દેશોનો માલ ભારતમાં આયાત કરીને પછી તેને યુએસમાં નિકાસ કરી જંગી કમાણી કરવાની લાલચથી સ્થાનિક આયાતકાર અને નિકાસકારો દૂર રહે, કારણ કે આમ કરવાથી અમેરિકાનો ગુસ્સો ભારત પર ફંટાય અને ભારતને વધુ નુકસાન ભોગવવું પડે એ શક્ય છે.

જોકે હવે ભારત સહિત અન્ય દેશોને હાલ પૂરતી આ ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે ત્યારે ચીનમાંથી ભારતમાં માલસામાન આયાત કરી તેને યુએસમાં નિકાસ કરવામાં આવે એવી શક્યતા પણ વધી જાય છે. જો આમ થાય તો તેનાં માઠાં પરિણામો પણ ભારતને ભવિષ્યમાં ભોગવવા પડે એ શક્ય છે.

દરમિયાન ભારતે ટેરિફ વોરના પડકારને ટ્રેડ ડીલમાં રૂપાંતરિત કરવાની કવાયત શરૂ કરી છે. તાજેતરમાં જ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે એક ઔદ્યોગિક સંગઠનની સભાને સંબોધતા એવો દાવો કર્યો હતો કે નવી પરિસ્થિતિમાં ભારતને ફાયદો થાય એવાં સમીકરણો ગોઠવાશે. ■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પની મેડનેસમાં મેથડ છે?



**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અકલ્પનીય, અકળ અને અહંકારી વ્યક્તિ છે. ઘણા લોકો એમને રોલ બેંક કે યુ-ટર્ન પ્રેસિડન્ટ ગણાવે છે. ઘણા લોકો એમને રીતસરના ગાંડા ગણે છે. જૂજ લોકો જ સમજી શકે છે કે એમની મેડનેસમાં મેથડ છે. બીજા શબ્દોમાં કહો તો એમના ગાંડપણમાં એક વ્યવસ્થિત પદ્ધતિ છે. ટ્રમ્પની એક રણનીતિ એવી છે કે પહેલાં તે ધમકી આપીને સામેવાળાને ડરાવે પછી સામેવાળાની પ્રતિક્રિયા જુએ છે. જો સામેવાળો કંઈ પ્રતિકાર ન કરે તો એ સ્ક્રૂ વધુ ટાઈટ કરે છે. સામેવાળો વળતાં પગલાં લે તો એ સિફતથી પીછેહઠ કરે છે...

ચીન અને અમેરિકા વચ્ચેના ટૅરિફવોરમાં અને અમેરિકા અને ઈરાન વચ્ચેની તંગદિલીમાં આ જ જોવા મળ્યું હતું. ટ્રમ્પના મીરજાપુરી લોટા જેવા અભિગમને લીધે ગ્લોબલ ઈકોનોમીમાં ગજબની અરાજકતા ફેલાઈ છે. એમના 'અભી બોલા અભી ફોક'ના વલણને લીધે માત્ર આખું વિશ્વ નહીં, પરંતુ અમેરિકાના લોકોમાં પણ ફફડાટ વધતો જાય છે.

'ગુડ પૉલિસી ઈઝ લાઈક અ ગુડ શર્ટ' જેવી હોવી ઘટે. એમાં કોઈ ઓલ્ટરેશનની જરૂર ન પડવી જોઈએ. ટ્રમ્પની પૉલિસી એવી છે, જેમાં વારંવાર દરજી પાસે જઈને સુધારા કરવા પડે છે.

ટ્રમ્પે પહેલાં રેસિપ્રોકલ ટૅરિફ બીજી એપ્રિલે જાહેર કર્યા. ચીને વળતા ટૅરિફ નાખતાં ચીન અને અમેરિકા વચ્ચે ટૅરિફ વોર શરૂ થયું છે. ચીન અને અમેરિકાએ એકમેક પર એટલા ટૅરિફ લગાડી દીધા છે કે ૧૦૦ રૂપિયાના માલ પર ૧૦૦ રૂપિયા કરતાં વધારે ટૅરિફ લાગે. આવા અવાસ્તવિક ટૅરિફ હોય તો બન્ને દેશ વચ્ચેનો વેપાર ખતમ થઈ જાય. બીજી એપ્રિલે બધા દેશો પર રેસિપ્રોકલ ટૅરિફ લગાડ્યા બાદ ટ્રમ્પે તેના પર ૯૦ દિવસનો પોઝ મૂકી દીધો-સ્થગિત કરી દીધો. ફક્ત ચીનને આ રાહત આપવામાં આવી નથી.

જોકે ટ્રમ્પે ત્યારબાદ 'એપલ' અને 'માઈક્રોસોફ્ટ' જેવા ટેક જાયન્ટને રાહત આપવા ૨૦ પ્રોડક્ટ જેવા કે સ્માર્ટફોન, લેપટોપ, ચિપ, સોલર સેલ વગેરે પરના રેસિપ્રોકલ ટૅરિફ દૂર કર્યા હતા. આ ઉત્પાદનો ચીનથી લાવવામાં આવશે તો આના પર ૨૦ ટકા ફેન્ટાનીલ ટૅરિફ લાગશે... જોકે અમેરિકાના કોમર્સ મિનિસ્ટરનું કહેવું છે કે આ હંગામી રાહત છે અને એક મહિનામાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક પર સેક્ટરલ ટૅરિફ લાગશે!

અમેરિકા ચીન પાસેથી ૮૮ અબજ ડૉલરના સ્માર્ટફોન અને કોમ્પ્યુટર આયાત કરે છે. અમેરિકામાં વેચાતા ચારમાંથી એક સ્માર્ટફોન તથા અમેરિકામાં વેચાતા ત્રણ કોમ્પ્યુટરમાંથી એક ચીનનું હોય છે. અમેરિકા આની બદલીમાં કોઈ બીજો નિકાસકાર શોધી શકે એમ નથી અને અમેરિકામાં આનું ઉત્પાદન કરવામાં આવે તો એની કિંમત બે કે ત્રણ ગણી વધી જાય.. 'એપલ'ના ૮૦થી ૯૦ ટકા આઈફોન ચીનમાં બને છે. ટ્રમ્પના હુંકાર અને ધમકીને લીધે અમેરિકાના ટૅરિફ હુમલા માટે ચીન પહેલેથી જ તૈયાર હતું.

ટ્રમ્પે રેસિપ્રોકલ ટૅરિફ પર ૯૦ દિવસનો વિરામ રાખ્યો એમાં ચીનની મોટી ભૂમિકા છે. અમેરિકા તેના પ્રોજેક્ટ અને કર્મચારીની સેલરી જેવા ખર્ચા કાઢવા સરકારી બોન્ડ કાઢે છે. આ બોન્ડ ટ્રેઝરી બોન્ડ કહેવાય છે. ચીન, જાપાન અને બીજા દેશોએ મોટી સંખ્યામાં આ બોન્ડ ખરીદ્યા છે. આ બોન્ડના રિટર્ન તરીકે અમેરિકા ગેરેન્ટેડ ઈન્ટ્રેસ્ટ આપે છે. એક અંદાજ પ્રમાણે ચીન પાસે જાન્યુઆરી ૨૦૨૫માં ૭૬૦.૮ અબજ ડોલરના બોન્ડ હતા. જાપાન પાસે ડિસેમ્બર ૨૦૨૪માં ૧.૦૬ ટ્રિલિયન ડોલરના બોન્ડ હતા. ચીન અને જાપાને અમેરિકા પરનું અવલંબન ઓછું કરવા આ બોન્ડ વેચવાનું ચાલુ કર્યું છે. જો ચીન અને જાપાન તેની પાસેના બધા બોન્ડ વેચી નાખે તો અમેરિકાની ઈકોનોમીમાં ભૂકંપ આવી જાય.! ચીને તો રેસિપ્રોકલ ટૅરિફ લગાડવામાં આવે તો બોન્ડ વેચવાની ધમકી આપી હતી. જો ચીન બોન્ડ વેચી નાખે તો બોન્ડની કિંમત સડસડાટ નીચે જતી રહે, અમેરિકાના પ્રોજેક્ટ બંધ થઈ જાય અને સરકારી કર્મચારીઓને પગાર આપવાનું પણ ભારે પડી જાય. લોન લેવા માટેનો વ્યાજ દર ઊંચો થઈ જાય.

આ બધા પરિબળોથી ડરીને ટ્રમ્પે રેસિપ્રોકલ બોન્ડ પર ૯૦ દિવસનો પોઝ લીધો છે. ચીનની ધમકીથી ગભરાયેલા ટ્રમ્પે બીજા બધા દેશોને રાહત આપી, પરંતુ ચીનને રાહત આપી નથી. ટ્રમ્પ ઈચ્છે છે કે ચીનના પ્રમુખ શેન પિન્ગ તેમની આગળ બીજા દેશોની જેમ નતમસ્તક થાય, પરંતુ શિન પિન્ગને આ મંજૂર નથી. પિન્ગે પોતાના ચીનના લોકોમાં રાષ્ટ્રવાદ ભડકાવાનો પ્રયાસ કર્યો છે. ચીન કહે છે કે અમે ટ્રમ્પના બ્લેકમેલિંગને શરણે નહીં થઈએ. ટ્રમ્પના ૯૦ દિવસના પોઝને લીધે યુરોપિયન યુનિયને ચીનને સાથ આપ્યો નથી. અમેરિકા સાથેના ટૅરિફ વોરને લીધે થતું નુકસાન સરભર કરવા ચીને ભારત, એશિયા અને આફ્રિકા જેવા દેશો સાથે વાતચીત શરૂ કરી છે.

બીજી તરફ, ચીન તેના ચલણનું મૂલ્ય ઘટાડીને ટૅરિફનો માર ઓછો કરી શકે. ટ્રમ્પની સરખામણીમાં ચીનના પિન્ગને એડવાન્ટેજ એ છે કે એમને ચૂંટણીની હારનો ડર નથી. એ તો આજીવન પ્રમુખ છે. બીજી બાજુ ટ્રમ્પ સામે લાખો લોકો રસ્તામાં ઊતરી રહ્યા છે.

ટ્રમ્પે વિરામ લીધો એનું બીજું કારણ ત્યાંનું શેર બજાર હતું. બીજી એપ્રિલથી અમેરિકાનું શેરબજાર ગગડતું જતું હતું. ગોલ્ડમેનસાકે તો ઈશારો કર્યો કે અમેરિકામાં મંદી આવવાની ૬૫ ટકા સંભાવના છે. સાકે પછી આ સંભાવના ૪૫ ટકા કરી હતી. અમેરિકન ડૉલર નબળો થતો જાય છે. આ બધા કારણોસર ટ્રમ્પે પીછેહઠ કરી છે. ટ્રમ્પે તેની ટૅરિફ ધમકીથી ચીન સિવાયના બીજા ૧૪૯ દેશોને અમેરિકા સાથેવાતચીત કરીને અમેરિકાને છૂટછાટ આપવા લાચાર બનાવ્યા છે.

ઈરાન સાથે પણ ટ્રમ્પે આ જ રણનીતિ અપનાવી છે. ટ્રમ્પે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીને એક ધમકીભર્યો પત્ર લખીને અણુસમજૂતી કરવાનું દબાણ લાવ્યું. ઈરાને ઝુકવાની ના પાડી તો ટ્રમ્પે ઈરાનને ધમકી આપતાં કહ્યું કે જો ઈરાન અણુસમજૂતી નહીં કરે તો અમેરિકા ઈરાન પર બૉમ્બમારો કરશે અનેવિશ્વના નકશામાંથી ઈરાનને ગાયબ કરી નાખશે.

બીજી તરફ, અમેરિકાના આક્રમક રવૈયાને લીધે ઈરાને પણ યુદ્ધની તમામ તૈયારી કરી રાખી છે. ઈરાન પોતે ઈલેક્ટ્રોનિક વોરફેર માટે પણ તૈયાર છે એવો ઈશારો કર્યો. ઈરાનના મિત્ર રશિયાએ તો ઈરાન પર અમેરિકા હુમલો કરશે તો જોવા જેવી થશે એવી ધમકી આપી. પુતિને ટ્રમ્પને સમજણ આપી કે ઈરાન સાથેના યુદ્ધથી ત્રીજુંવિશ્વયુદ્ધ શરૂ થઈ જશે. રશિયાની ચીમકી બાદ ટ્રમ્પે યુ-ટર્ન લઈને ઓમાનમાં ઈરાન સાથે અણુ ડીલ માટે વાતચીત શરૂ કરી છે.

ટ્રમ્પના પહેલા કાર્યકાળમાંથી પણ એમની મેડનેસમાં રહેલી મેથડનો ખ્યાલ આવે છે. મેક્સિકો બોર્ડર વોલના ફન્ડિંગ, ઉત્તર કોરિયા સાથેના ગજગ્રાહ અને ઓબામાકેર આ બધામાં ટ્રમ્પે વ્યૂહાત્મક પીછેહઠ કરી હતી.

ટ્રમ્પનું વ્યક્તિત્વ કોમ્પલેક્સ- ગૂંચવણવાળું છે. કોઈ પણ પગલું લેતા પહેલાં એના દૂરગામી પરિણામો એ વિચારતા નથી. જો એ પગલું ફ્લોપ જાય તો ટ્રમ્પ તરત જ યુ-ટર્ન લે છે. આમાં ઈકોનોમી અને આખા વિશ્વને હાનિ કે નુકસાન થાય છે તેની એ દરકાર લેતા નથી. ટ્રમ્પની બીજી મુદત તો હજી શરૂ થઈ છે માટે આખી દુનિયાએ એમના આવા અળવીતરાં પગલાંથી સર્જાનારા ભૂકંપ માટે તૈયાર રહેવું પડશે. ■

---

## આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# સુભાષચંદ્ર બૉઝનો સેંકડો કરોડોનો ખજાનો ગયો ક્યાં?



**સુભાષચંદ્ર** બૉઝ. પ્રભાવતી દત્ત અને જાનકીનાથ બૉઝના આ સુપુત્ર નેતાજી જેવા વિશેષણથી ઓળખાયા, માન-સન્માન પામ્યા. ઓરિસાના કટકમાં ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીએ પૃથ્વી પર અવતરણ થયું એ નિશ્ચિત. સત્તાવાર રીતે ૧૯૪૫ની ૧૮મી ઑગસ્ટે જાપાનના ફોર્મોસા (હાલના તાઈવાન)માં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું, પરંતુ ખરેખર એ દિવસે, એ સ્થળે તેઓ મૃત્યુ પામ્યા હતા? વિમાન અકસ્માતે જીવ લીધો હતો? દાવા ખૂબ થયા કે તેઓ ભારતમાં અલગ અલગ સ્થળે વેશપલ્ટો કરીને ૧૯૪૫ બાદ જીવ્યા હતા.

ખૂદ ભારત સરકારે આ વિમાન અકસ્માત અને એમાં નેતાજીના આકસ્મિક નિધનને સમર્થન આપ્યું હતું. સાથોસાથ એ પણ ઉમેર્યું હતું કે અકસ્માતમાં ખૂબ દાઝી ગયા બાદ હાલના તાઈપેઈની હૉસ્પિટલમાં થોડા કલાકમાં તેમણે આખરી શ્વાસ લીધા હતા. તેમની અંતિમવિધિ તાઈવાનમાં કરાઈ હતી. આના સમર્થનમાં અનેક પુરાવા-સાક્ષી ય હાજર કરાયા હતા.

પરંતુ આના વિરોધાભાસમાં દાવો કરાયો કે સુભાષબાબુ વિમાન-અકસ્માતમાં બચી ગયા હતા. આ કથિત મોત બાદ પણ તેઓ ભારતના કલકત્તા, અલાહાબાદ અને ઔરંગાબાદમાં દેખાયાના દાવા કરાયા હતા. અમુક લોકોએ તેમને રશિયામાં જોયેલા અને ત્યાં રાજ્યાશ્રય મેળવ્યાના દાવા કર્યા હતા. કોઈએ એમને ચીનમાં જોયા હતા, તો કેટલાંકે એમને સાઉથ ઈસ્ટ એશિયાના મલેશિયા, સિંગાપોર અને ઈન્ડોનેશિયામાં જોયાની રજૂઆત કરી હતી.

થિયરી તો એવી ય ચર્ચાઈ કે બ્રિટિશ કે ભારત સરકારે જ સુભાષચંદ્ર બૉઝની હત્યા કરાવી હતી, પરંતુ એમના ફરી દેખાવા કે હત્યા અંગે કોઈ નક્કર પુરાવા-સાક્ષી નહોતા.

અંતે નેતાજીના મોત અંગે વિવાદ વધતા ભારત સરકારે ૧૯૫૬માં શાહ નવાઝ સમિતિની સ્થાપના કરી હતી. આ શાહનવાઝ ખાન અગ્રણી કૉંગ્રેસી હોવા અગાઉ બૉઝની ઈન્ડિયન નેશનલ આર્મીના સભ્ય પણ હતા. આ સમિતિએ બે વર્ષ તપાસ-પૂછપરછ બાદ અહેવાલ સુપરત કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં જ માર્યા ગયા હતા અને તેમના અન્ય સ્થળે જીવતા દેખાવા અંગે એકેય નક્કર પુરાવા નથી. છતાં વિવાદે શાંત પડવાનું નામ ન લીધું. ૧૯૭૦માં ખોસલા પંચે તપાસ કરી. ચાર વર્ષ સુધી દુર્ઘટનાગ્રસ્ત પ્લેનના જાપાની પાઈલોટ અને તેમની સારવાર કરનારા જાપાની ડૉક્ટર સહિતના ઈન્ટરવ્યુ બાદ શાહનવાઝ પંચ જેવો જ ચુકાદો આપ્યો. અગાઉના પંચમાં બૉઝ પરિવારના કોઈને સામેલ ન કરવાનો વિરોધ થયો હતો. સાથોસાથ બન્ને પંચને નેતાજી અંગેની કલાસિફાઈડ અર્થાત ગુપ્ત સરકારી ફાઈલ ન જોવા દેવાનો વિરોધ થયો હતો.

આ વિવાદને શાંત પાડવા ૧૯૯૯માં મુખર્જી પંચને જવાબદારી સોંપાઈ. સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ હેઠળના પંચે ધડાકો કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં માર્યા નહોતા ગયા અને ટોકિયોના રેનકોજી મંદિરમાં નેતાજીના ગણાવીને રખાયેલા અસ્થિ પણ એમના નથી. એટલું જ નહીં, વિમાન અકસ્માતમાં નેતાજીનુ મોત તો માત્ર 'કવર અપ' એટલે ઢાંકપિછોડો હતો. કેન્દ્ર સરકારે આ વિવાદાસ્પદ અહેવાલનો સ્વીકાર ન કર્યો. આ અહેવાલને અટકળ-ધારણા આધારિત બતાવાયો. એટલું જ નહીં, અત્યાર સુધીની ભારત સરકારોએ નેતાજી સુભાષચંદ્ર બૉઝ અંગેની કલાસિફાઈડ ફાઈલ્સ હજી જાહેર કરી નથી અને એ માટે ગળે ઊતરે એવાં કારણો પણ આપી શકી નથી. સરકારે આ બધી ફાઈલ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાને સોંપી છે, પરંતુ તેની પાછળનો ઈરાદો ફાઈલની જાળવણી અને ડિજિટાઈઝેશનનો જ છે. આ બન્ને કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી તેને જાહેર જનતા સમક્ષ કે પબ્લિક ડોમેઈનમાં નહીં મુકાય? પછી ૨૦૧૬માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજી પરની એકસો ફાઈલ જાહેર કરી હતી, જેમાં નેતાજી વિમાન અકસ્માતમાં બચી ગયાના કોઈ પુરાવા નહોતા. આનાથી સૌને સંતોષ થયો એમ માની ન શકાય.

નેતાજી સુભાષચંદ્ર બૉઝના અવસાન અંગેના જોરદાર વિવાદ વચ્ચે એક બાબત દબાઈ ગઈ કે ભૂલાવી દેવાઈ જેના પર અહીં ફોક્સ કરીશું. ૨૦૧૬માં નેતાજી પરની અમુક ડિકલાસિફાઈડ ફાઈલમાં અમુક ચોંકાવનારી બાબતો બહાર આવી હતી. ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ રક્ષિત અને સાઉથ બ્લૉકમાં બંધ તાળામાં રહ્યાં, પીળા પડી ગયેલા અમુક પાનાંમાં નેતાજીએ ભારતની સ્વંતત્રતા માટે સશસ્ત્ર લડાઈ કાજે આમ જનતા પાસેથી દાનમાં મેળવેલા રોકડ, સોના અને અલંકારોને પગ આવી ગયા હતાં તેનો ઘટસ્ફોટ થયો હતો.

હા, નેતાજીના અવસાન બાદ ઈન્ડિયન નેશનલ આર્મી માટે એકઠા કરાયેલા મોટા ભંડોળનું થયું શું? એ કોણ ઓહિયા કરી ગયું? પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ (પી એમ ઓ)અને વિદેશ મંત્રાલયમાંની નેતાજી ફાઈલ્સમાં છુપાયેલા ઘણાં રહસ્યોમાંનું એક આ ખજાના બાબતનું છે. શક્યતા છે કે ૧૯૪૫માં નેતાજીના મોત કે મોતની જાહેરાત બાદ આ લૂંટ ચલાવાઈ હોવી જોઈએ.

ડિકલાસિફાઈડ ફાઈલના દસ્તાવેજો મુજબ ઈન્ડિયન નેશનલ આર્મીના મોટા ભંડોળ-જે આજે સેંકડો કરોડોનું થાય. એ અંગે ત્યારની સરકાર જાણતી હતી પણ તેણે કંઈ કરતા કંઈ ન કર્યું. નહેરુ સરકારને માહિતી અને ચેતવણી મળી હતી. ત્રણ-ત્રણ વાર ચેતવણી મળી હતી કે નેતાજી પોતાની પાછળ વિયેતનામના સાયગોન (હાલના હો મિંચ શહેર)માં મોટો ખજાનો-સોનું, કિંમતી રત્નો-મૂકી ગયા છે. સરકારે કંઈ ન કર્યું અને શંકાસ્પદ ષડયંત્રકારીઓએ એ ખજાનો પચાવી પાડ્યો. આનાથી ય બદતર બાબત એ બની કે આ ખજાનાની ઉચાપતના એક શકમંદ અને આઈ.એન.એ.ના ભૂતપૂર્વ સભ્યનું સરકારે સન્માન કર્યું હતું.

દેશની આઝાદી માટે અલગ, હિંમતભર્યો અને હિંસક માર્ગ પસંદ કરનારા નેતાજી સુભાષચંદ્ર બૉઝના અમૂલ્ય ખજાનાનું શું થયું એની ઘણી ચોંકાવનારી વાતો છે. એ ઘટસ્ફોટમાં જલ્દી ડોકિયું કરીશું. ■

**મુખવટાની પાછળ**

*રાજકારણ હવે માત્ર સત્તાનો ખેલ બની ગયું છે અને સત્તાનો આધાર પૈસા પર છે.*

*-તાકેઓ ફુકાદા (જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન)*

## આજની ટૂંકી વાર્તા

બકુલ દવે
feedback@bombaysamachar.com

# લપડાક




**શોભનાબહેન બારણામાં ઊભી રહીને ખુશાલીને જતી જોતાં રહ્યાં. મનોમન ગર્વ અનુભવ્યો, કારકિર્દિને લઈને ખુશાલી કેટલી જાગૃત છે! એક દિવસ જરૂર એ ઝળકી ઊઠશે ને એનાં માતાપિતાનું નામ રોશન કરશે**

ખુશાલી ગુમ થઈ ગઈ.

હંમેશની જેમ સવારે એ સ્પોકન ઈંગ્લિશ અને પર્સનાલિટી ડેવલપમેન્ટના ક્લાસીસમાં જવા માટે નીકળી ત્યારે એણે શોભનાબહેનને કહ્યું: ‘મમ્મી, તું જમી લેજે. મારી રાહ ન જોઈશ.’

‘કેમ?’

‘પાછા ફરતાં મારે કદાચ થોડું મોડું થઈ જશે.’

‘કેટલું મોડું થશે?’

‘એક-દોઢ વાગ્યે આવી જઈશ.’

‘સારું’ શોભનાબહેને કહ્યું, ‘પણ દોઢ વાગ્યાથી વધુ મોડું ન કરીશ.’

ખુશાલીએ માથું હલાવી હા પાડી ને ઝટકો મારી ટૂંકા કપાવેલા વાળ પાછળ ફેંક્યાં.

શોભનાબહેન બારણામાં ઊભીને ખુશાલીને જતી જોતાં રહ્યાં. મનોમન ગર્વ અનુભવ્યો, કારકીર્દિને લઈને ખુશાલી કેટલી જાગૃત છે! એક દિવસ જરૂર એ ઝળકી ઊઠશે ને એનાં માતાપિતાનું નામ રોશન કરશે.

દોઢ-બે-અઢી. ઘડિયાળનો કાંટો સરકતો રહ્યો પણ ખુશાલી ઘેર પરત ન આવી. શોભનાબહેનને ચિંતા પેઠી. ક્યાં જતી રહી છોકરી?

ત્રણ વાગ્યા.

શોભનાબહેનનો જીવ હવે પડીકે બંધાઈ ગયો. ખુશાલીની ભાળ મળી શકે એવી બધી જ જગ્યાએ ફોન કરી તપાસ કરી લીધી હતી. પૂછવા જેવું હતું એને પૂછી લીધું હતું, પણ વ્યર્થ.

શોભનાબહેને એમના પતિ મનસુખભાઈને ફોન કર્યો, ‘ખુશાલી હજી ઘેર પાછી ફરી નથી.’

‘હજી નથી આવી?’

‘ના.’

‘એના ક્લાસીસમાં ફોન કર્યો?’

‘ત્યાંથી એ ક્યારની નીકળી ગઈ છે...’

‘હું આવું છું...’

મનસુખભાઈ પળનોય વિલંબ કર્યા વગર દુકાનની બહાર આવ્યા ને મોટરસાઈકલને કિક મારી દોડાવ્યું ઘર તરફ. ઝડપથી ફરતાં મોટરસાઈકલનાં પૈડાં જેમ એમના વિચારોનું ચક્ર પણ ફરવા લાગ્યું. ક્યાં હશે ખુશાલી? કોઈ... કોઈ એને ઉપાડી ગયું હશે? કિડનેપ કરી લીધી હશે? થોડા દિવસ પહેલાં એમણે એક ન્યુઝ ચેનલમાં જોયું હતું કે એક વેપારીની યુવાન દીકરીને ગુંડાઓ ઉપાડી ગયા ને ફિરૌતીની મોટી રકમ છ આંકડાની રકમ માગી.

પણ બીજી ક્ષણે મનસુખભાઈને એ પણ વિચાર આવ્યો કે અઢી ત્રણ લાખની વસતિ ધરાવતા આ ચંદ્રપુરમાં અપહરણનો કિસ્સો લગભગ ન બને. એવી હિંમત કોણ કરે? પણ ફફડાટ ઓછો ન થયો. ઊલટું, વધ્યો. ચિંતા ઊપજાવે એવા-નકારાત્મક વિચારો ચોમેરથી એમને ઘેરી વળ્યા. આ ટેલિવિઝનના યુગમાં ખૂણામાં આવેલા ચંદ્રપુરમાં પણ બધું શક્ય છે, અપહરણ પણ. ટેલિવિઝનમાં વધારે તો ન શીખવા જેવું દેખાડાય છે. નવી (અને જૂની) પેઢી હોંશે હોંશે એ જુએ છે ને જાણે અજાણે અનુકરણ પણ કરે છે. હવે ચંદ્રપુરમાં પણ બે જણ મળે ત્યારે ‘કેમ છો?’ નહીં, પણ ‘હાઉ આર યુ?’થી ખબર પૂછે છે અને ‘મજામા’ નહીં, પણ ‘આઈ એમ ફાઈન’ કહી જવાબ આપે છે! યુવાનો ભેગા થાય છે ત્યારે ‘હાય’ કહે છે અને છૂટા પડે છે ત્યારે ‘બાય’ કહે છે બે હાથ જોડી ‘નમસ્તે’ કહેનારા હવે ‘આઉટ ઓફ ડેઈટ’ થઈ ગયા છે. તેના સ્થાને ‘હેન્ડ શેક’નું ચલણ વધી રહ્યુ છે. ચંદ્રપુરમાં પણ માણસ માણસ વચ્ચેની દૂરી વધતી જાય છે, નિકટ રહેવા છતાંય. કદાચ, આ કારણે જ સંવેદના ઘટતી જાય છે. સંવેદનાની ઊણપને લઈને અહીં પણ સહનશીલતાનો અભાવ વર્તાય છે અને સાવ નજીવી બાબતોને લઈને ‘લાગણીઓ’ ઘવાય તેવા કિસ્સાથી અવારનવાર કાગારોળ થતી રહે છે. સાચો પ્રેમ રહ્યો નથી પણ પ્રેમમાં પડવાની ઘટનાઓ ઝડપથી વધતી જાય છે. ટેલિવિઝન અને ફિલ્મો જોઈ ઊછરતી કમસીન અને નાદાન છોકરીઓને પ્રેમની રમતમાં ઢસડી જવાનું આવારા તત્ત્વો માટે સાવ સહેલું બની ગયું છે.

મહાપૂર આવ્યું છે એ ક્યાં લઈ જશે? ખુશાલી એમાં ગરક નહીં થઈ જાયને? ઘેર પહોંચવા અધીર બનેલા મનસુખભાઈ ભીતર ઊભરાતા પ્રશ્નો અને રસ્તા પરની ભીડ વચ્ચેથી આગળ વધતા રહ્યા.

મોટરસાઈકલ ઘર પાસે આવી અટકી. શ્વાસભર્યા-ઉદ્વિગ્ન મનસુખભાઈ ઘરમાં ધસી ગયા. પાડોશીઓથી ડ્રોઇંગરૂમ ભરચક હતો. એમાં કેટલાકને તો મનસુખભાઈ ઓળખતા પણ ન હતા. કોઈ શોભનાબહેનને સલાહ આપી રહ્યા હતું તો કોઈ સાંત્વન. સૌ મનમાં જે ઊગે એ બોલતાં હતાં. એમના શબ્દોમાં નહોતી ચિંતા કે નહોતો આતંક. ખાલી ટીનમાં ખખડતા કાંકરા જેમ શબ્દો ઠાલું ખખડી રહ્યા હતા. એ શોભનાબહેનનો ફફડાટ ઓછો કરી શકે તેમ ન હતા.

એકાદ-બે જણના ચહેરા પર મનસુખભાઈએ સ્મિત જોયું, પ્રગટ થઈ તરત જ અદૃશ્ય થઈ જતું. એ સ્મિતમાં શું છે? કટાક્ષ છે કે રુગ્ણ આનંદ?

મનસુખભાઈને જોતાં જ શોભનાબહેનથી રડી પડાયું: ‘તમે-તમે ગમે ત્યાંથી મારી દીકરીને લઈ આવો...’

શું ઉત્તર આપવો? મનસુખભાઈ નિમાણા થઈ ઊભા રહ્યા. વીખરાતી જતી હિંમત એકઠી કરી-સ્વગત બોલતાં હોય તેમ કહ્યું: ‘તું ચિંતા ન કર. ખુશાલી ક્યાં જવાની છે? એ જરૂર પાછી આવી જશે...’

‘ક્યારે?’

‘ઝટ આવી જશે. ભગવાન પર ભરોસો રાખ.’

બીજા બે કલાક વીતી ગયા. પાંચ વાગી ગયા પણ ખુશાલીનો પત્તો નથી.

નિરુપાય થઈ મનસુખભાઈ પોલીસ સ્ટેશને ગયા. ફરજ પર સ્થૂળ શરીરવાળો કોન્સ્ટેબલ હતો. પગ લંબાવી નિરાંતે સિગારેટ પીતો હતો. એની બરાબર પાછળ, દીવાલ પર ગાંધીજીનો ફોટો હતો.

મનસુખભાઈની સામે થોડી ક્ષણો જોયા પછી કોન્સ્ટેબલે પૂછ્યું, ‘બોલો, શું ફરિયાદ છે?’

‘મારી દીકરી ગુમ થઈ ગઈ છે.’

ઊંડો કશ લઈ, સિગારેટ બુઝાવતાં કોન્સ્ટેબલે પેન ઉપાડી, ‘છોકરીનું નામ શું?’

‘ખુશાલી... ખુશાલી મનસુખભાઈ શાહ.’

‘ક્યાં ગઈ હતી?’

‘ભણવા ગઈ હતી-ક્લાસિસમાં.’

‘ઉંમર કેટલી?’

ઉંમર?! મનસુખભાઈને સમજાયું નહીં. ખુશાલીની ઉંમરને એના ગુમ થઈ જવા સાથે શું લેવાદેવા? છતાંય એમણે યાદ કર્યું, ‘એની જન્મતારીખ ચોથી જાન્યુઆરી ઓગણીસસો નેવું એટલે...’

‘એટલે અઢાર વર્ષ થઈ ગયાં.’

ખુશાલીને અઢાર વર્ષ થઈ ગયાં?! મનસુખભાઈને નવાઈ લાગી અને આઘાત પણ. આ સમય પણ કેવો દગાબાજ છે! સાવ નજર સામેથી પસાર થતો રહ્યો ને એના સરકવાની જરા સરખી જાણ ન થવા દીધી. તો શું પોતે સમયને ઓળખીને ચાલે છે એ માન્યતા સાવ પોકળ છે! ખુશાલીને હજીયે ટેડીબેરથી રમવું ગમે છે અને પોતે વાળ રંગે છે તેથી શું? પોતે સમયની સાથે વહી શક્યા નથી એટલે જ ખુશાલીની ઉંમર જાણીને, એક વાર પોતાને માટે ‘અંકલ’ સંબોધન સાંભળી આઘાત લાગ્યો હતો તેનો ફરી અનુભવ થયો.

‘હવે વાત સીધી થઈ ગઈ...’ કોન્સ્ટેબલે કહ્યું.

‘મને સમજાયું નહીં.’

‘છોકરીને કોઈ સાથે લફરું હોવું જોઈએ.’

‘લફરું?!’

‘હા, આ ઉંમરની છોકરી ગુમ થાય એટલે નેવું ટકા પ્રેમમાં ભાગી જવાનો કિસ્સો હોય.’

કોઈએ જબરજસ્ત પ્રહાર કર્યો હોય તેમ મનસુખભાઈએ માથું બે હાથમાં પકડી રાખ્યું. કોન્સ્ટેબલ પર ગુસ્સો આવ્યો. અઢાર વર્ષની આસપાસની છોકરી ગુમ થાય-મિસિંગ હોય તેથી એને કોઈ સાથે અફેર હશે, એ ભાગી ગઈ હશે એવું માનીને ચાલવાનું?

‘મારી દીકરી ભાગી જાય એવી નથી...’ મનસુખભાઈથી બોલાઈ ગયું.

કોન્સ્ટેબલના ચહેરા પર સ્મિત ચીતરાયું, ‘ઠીક છે. તમે અહીં સહી કરો. પત્તો મળશે તો તમને જાણ કરશું’

કોન્સ્ટેબલનું સ્મિત મનસુખભાઈને હલબલાવી ગયું. પોતાના ઘરમાં એકઠા થયેલા પાડોશીઓમાંથી એક-બે જણના ચહેરા પર આવું-કટાક્ષભર્યું સ્મિત ન હતું?

પોલીસ સ્ટેશનથી ઘરે પાછા ફરતાં મનસુખભાઈના મન-ચક્ષુ સામે એ સસ્મિત ચહેરાઓ દેખાતા રહ્યાં. તુલસીક્યારામાં પૂજાનું પાણી રેડાય તે રીતે એમણે ખુશાલીમાં ઉત્તમ સંસ્કારો સીંચ્યા છે તો પણ નવી પેઢીને અવળા માર્ગે ઢસડી જાય એવું મહાપૂર આવ્યું છે એમાં પોતાની દીકરી તણાઈ ગઈ હોય, એવું થશે તો-

છેક ઘર પાસે આવતા તળિયેથી પરપોટાઈને ક્ષણ વાર માટે એક આશા સપાટી પર આવી. પણ ઘરમાં પ્રવેશતાં જ એ પરપોટો ફૂટી ગયો.

શોભાબહેનના ચહેરા પર ઉદાસીનો રંગ વધુ ઘેરો બન્યો હતો. એમણે મનસુખભાઈને કશું પૂછ્યું નહીં. ઊતરેલો ચહેરો શિથિલ ચાલ જોઈને એ બધું સમજી ગયા.

સગાંવહાલાં, મિત્રો અને ખુશાલીના હોવાની શક્યતા હતી ત્યાં મનસુખભાઈ ફોન દ્વારા પૃચ્છા કરતા રહ્યાં. કદાચ, ખુશાલી એમાંથી કોઈના ઘરે હોય અથવા કોઈએ એને ક્યાંય જોઈ હોય. પણ ક્યાંયથી આશા જગાડે એવા ખબર ન મળ્યા.

સાંજ ઢળી ગઈ.

અંધારું ઘેરાવા લાગ્યું. શોભનાબહેનની આંખો રડી રડીને સૂઝી ગયા જેવી થઈ ગઈ. સતત અધ્ધર જીવ રહ્યો તેથી મનસુખભાઈને પણ ચૂંથારો થવા લાગ્યો. કદાચ, એમનું બ્લડપ્રેશર વધી ગયું હતું. પોલીસ સ્ટેશનેથી પણ કોઈ સમાચાર ન હતા.

રાત્રે દસ વાગ્યે નીરવતાને ચીરતી ડોરબેલ રણકી ઊઠી. મૃત શરીર જેમ પડેલાં શોભનાબહેન સળવળ્યાં. સ્થૂળ શરીર ઊંચકી એ દોડ્યાં. બારણું ઉઘાડ્યું તો સામે ખુશાલી ઊભી છે-કરમાયેલો ચહેરો અને વિખરાયેલા વાળ લઈને.

શોભાબહેન એને વળગી જ પડ્યાં-કદીયે અલગ થવા ન ઈચ્છતાં હોય તેમ.

ક્ષણ વારમાં જ વાતાવરણ બદલાઈ ગયું. મનસુખભાઈ અને શોભનાબહેનનો જીવમાં જીવ આવ્યો.

મનસુખભાઈએ પૂછ્યું, ‘ક્યાં ગઈ હતી, બેટા? અમે તો ચિંતામાં અધમૂઆ થઈ ગયાં.’

‘આયમ વેરી સોરી, પપ્પા. મેં તમને ખૂબ ચિંતા કરાવી પણ શું કરું?’

‘કેમ, શું કરું એટલે?’ શોભનાબહેને અકળાઈને પૂછ્યું.

‘મમ્મી, ફર્સ્ટ ઓફ ઓલ યુ લિસન ટુ મી, પ્લીઝ. પછી તારે મને લપડાક મારવી હોય તો હું ગાલ ધરીને ઊભી રહીશ.’

‘શોભના, તું એની વાત સાંભળ.’ કહી મનસુખભાઈએ ખુશાલી સામે જોયું, ‘કહે, શું વાત છે?’

‘સવારે હું ક્લાસીસમાં જવા નીકળી ત્યારે રસ્તામાં મને મારી એક ફ્રેન્ડ સ્વાતિ મળી ગઈ.’

‘એ કોણ?’

‘તું એને ન ઓળખે, મમ્મી. અમે વાતો કરી રહ્યાં હતાં ત્યારે સ્વાતિના સેલફોન પરથી એને ખબર મળ્યા કે એનાં મમ્મીને અકસ્માત થયો છે. આખા શરીરે દાઝી ગયાં છે.’

‘હે ભગવાન! પછી?’

‘પછી અમે સ્વાતિના ઘેર ગયાં ને ત્યાંથી હોસ્પિટલમાં.’

‘તારે અમને ફોન કરવો જોઈએ ને.’ શોભનાબહેનના અવાજમાં ફરિયાદ ભળી.

ખુશાલી હસી: ‘તારી વાત સાચી છે, મમ્મી. પણ દોડાદોડીમાં સ્વાતિએ એનો સેલફોન ક્યાંક ખોઈ નાખ્યો હતો. સ્વાતિના મમ્મી આઈ.સી.યુ.માં હતાં. સ્વાતિ મને વળગીને બેઠી હતી. એની મનઃસ્થિતિ એવી હતી કે એનાથી થોડીવાર માટે દૂર જવાનું પણ મારા માટે મુશ્કેલ હતું. ને યુ નો, મારી પાસે મોબાઈલ તો છે નહીં, નહિંતર હું તમારી સાથે વાત કરી શકી હોત.’

મનસુખભાઈને થયું, દોષ પોતાનો જ છે. ખુશાલીએ અનેકવાર માગણી કરી તો પણ પોતે એને મોબાઈલ ન લાવી આપ્યો. પોતાના ભાગીદારની દીકરી કોઈ છોકરા સાથે મોબાઈલ પર વાત કરતાં એના પ્રેમમાં પડી ગઈ હતી તે જાણ્યું પછી એ સતર્ક બની ગયા હતા.

પણ હવે મનસુખભાઈને પશ્ચાતાપ થઈ રહ્યો હતો. ક્યાં પોતાના ભાગીદારની વંઠેલ છોકરી અને ક્યાં ખુશાલી. મનસુખભાઈને શરમ પણ આવી કે પોતે ખુશાલીને લઈને- એ છોકરીએ કદીયે ન વિચાર્યું હોય એવું કશું એણે કર્યું હશે એવી આશંકામાં ડૂબેલા હતા ત્યારે એ મુશ્કેલીમાં સપડાયેલી પોતાની મિત્રની સાથે હતી. એને આશ્વસ્થ કરી રહી હતી.

સૌથી વધુ આનંદ મનસુખભાઈને એ વાતનો હતો કે કટાક્ષયુક્ત સ્મિતથી વિદ્રુપ ચહેરાઓ પર, એ લોકો હંમેશ માટે પાઠ ભણી જાય એવી લપડાક ખુશાલીએ સાવ અજાણપણે ઝીંકી દીધી છે. તેમ કરી એણે એનાં માતાપિતાનાં મસ્તક ઊંચાં કરી દીધાં છે.

બીજા દિવસે મનસુખભાઈએ ખુશાલીની હથેળીમાં નવો નકોર મોબાઈલ મૂક્યો, ‘લે, આ તારી પાસે રાખ.’

ખુશાલીનો રૂપાળો ચહેરો હસુહસુ થઈ ગયો. એ મનસુખભાઈને ભેટી પડી: ‘ઈસ્ટ એન્ડ વેસ્ટ, માય પાપા ઈઝ ધ બેસ્ટ.’

રાત્રે ખુશાલી ભરનિદ્રામાં હતી. શોભનાબહેન પણ સૂઈ ગયાં હતાં. મનસુખભાઈને ઊંઘ આવતી ન હતી. ટીવી મ્યુટ કરી, બદલાતાં જતાં દૃશ્યો એ અમસ્થું જ જોઈ રહ્યાં હતાં.

વાઈબ્રેટ મોડ પર રહેલો ખુશાલીનો મોબાઈલ ફ્લેશ થયો. મનસુખભાઈનું ધ્યાન એ તરફ ગયું. એમણે ફોન ઉપાડ્યો. એસ.એમ.એસ. હતો. ‘ગઈ કાલે મારા ફાર્મહાઉસમાં તારી સાથે મજા પડી. આ રવિવારે ફરી ત્યાં જઈશું. જરૂર પડે તો તારી કાલ્પનિક સખી સ્વાતિનાં મમ્મીની ખબર કાઢવાનું બહાનું બનાવીને આવજે... ઉમંગ.’

મનસુખભાઈના હાથમાંથી મોબાઈલ સરકી ગયો. એ સ્તબ્ધ થઈ ઊભા રહ્યાં. અચાનક જ અદૃશ્ય થઈ ગયેલા ચહેરાઓ કટાક્ષયુક્ત સ્મિત સાથે મનસુખભાઈ સામે ફરી પ્રગટ થયા. સ્મિત ધીમે ધીમે હાસ્યમાં ફેરવાયું ને પછી અટ્ટહાસ્યમાં.

અનાયાસે જ મનસુખભાઈનો હાથ એમના ગાલ પર ફરવા લાગ્યો. જાણે એમને સણસણતી લપડાક ન પડી હોય? (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ
**funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| WHISPER | નદી |
| SHIVER | તાવ |
| FEVER | જતું કરવું |
| RIVER | ધ્રુજવું |
| WAIVER | ગુસપુસ |

### ઓળખાણ પડી?



ફાસીવાદના જનક અને અરાજકતા ફેલાવનારા યુરોપના સરમુખત્યાર શાસકની ઓળખાણ પડી? વીસમી સદીના પ્રારંભમાં પત્રકાર હતો.

અ) વેરગાસ  બ) મેન્ઝીસ  ક) મુસોલિની  ડ) ફ્રેઝર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શુ | ભા | વ | ૨ હ | ■ | ૩ સા | લ | ૪ મ | ૫ પા | ૬ ક |
| ક્લ | ■ | ■ | ૭ જ | ૮ લા | લ | ■ | ૯ ભ | ર | મ |
| ૧૦ તી | સ | ૧૨ મા | ર | ખાં | ■ | ૧૩ જા | મ | ■ | ન |
| ર્થ | ■ | ૧૪ લ | ત | ■ | ૧૫ દ | મ | ■ | ૧૬ વા | સી |
| ■ | ૧૭ ખા | ■ | ■ | ૧૮ મા | ર | ફ | ૧૯ ત | ■ | બ |
| ૨૦ શ | ર | ૨૦-અ મા | ળ | ■ | ૨૧ બ | ળ | વા | ૨૨ ન | ■ |
| ક | ■ | ન | ■ | ૨૩ સા | દ | ■ | ૨૪ ઇ | શા | ૨૫ ન |
| ૨૬ ર | ણ | ■ | ૨૭ આ | મ | ર | ૨૮ સ | ■ | ૨૯ ખો | ટ |
| પા | ■ | ૩૦ સા | ફ | ■ | ■ | ૩૧ ક | ૩૨ લ | ર | વ |
| ૩૩ રો | જ | બ | રો | જ | ■ | ૩૪ ન | ટ | ■ | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ૫ |
| | ■ | | ■ | ૬ | | ■ | | ■ | |
| ૭ | ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ | ■ |
| ૧૨ | | ■ | ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | ■ | |
| ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | | | ■ | |
| ૨૪ | | ■ | ■ | ૨૫ | | ■ | ૨૬ | | |
| | ■ | ૨૭ | | | | | ■ | ■ | |
| ૨૮ | | | ■ | | ■ | ■ | ૨૯ | ૩૦ | |
| | ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. શૈશવ (૪)
૩. ખરબચડાપણું (૫)
૬. રાજમાન, રાજશ્રી (૧,૧)
૭. અનાથ (ઊ.) (૩)
૯. ત્યારે (હિ.) (૨)
૧૦. --- અભિમન્યુને બાંધે અમર રાખડી રે (૨)
૧૨. છોડો (૨)
૧૩. ભરપૂરતા (૪)
૧૫. --- કરવું એટલે ઠેકાણે પાડવું (૨)
૧૭. વ્યવસ્થિત રીતે (૪)
૧૯. ઉનાળામાં પાણી --- આવે (૨)
૨૨. ગંદું, ગોબરું (૨)
૨૩. કિન્નર (૩)
૨૪. ટોણો, મહેણું (૨)
૨૫. સાંજે માણસ --- આવે (૨)
૨૬. મદદ (૩)
૨૭. મહેમાનગીરી (૫)
૨૮. ધાતુનો તાર (૩) (અં.)
૨૯. ગમગીન, ખિન્ન, બેફિકર (૩)
૩૧. મોટેભાગે (૩)
૩૨. અણિયાળું (૪)

**ઊભી ચાવી**

૧. બગીચામાં થતી ખેતી (૪)
૨. ઉત્તમ (૩)
૩. સરખું, વાજબી, ખરું (૪)
૪. દાવપેચ, જાળ (૩)
૫. તડકો, તેજ (૨)
૬. આખી રાત (૪)
૮. કિંમતી જણસ રાખો (૩)
૧૧. --- જવો એટલે સાજા થવું (૨)
૧૩. ગભરુ સફેદ પ્રાણી (૩)
૧૪. બળ, શક્તિ (૩)
૧૬. કાયદા પ્રમાણે ના હોય એવું (૭)
૧૮. તને હું માન આપું (૨)
૨૦. પાસેનું ઘર, નજીક (૩)
૨૧. વેરાયેલું, આછું, અલગ અલગ (૫)
૨૩. છૂટું, મુક્ત (૩)
૨૫. મોટા ભાગના (૪)
૨૭. ઉનાળામાં પાણીની--- માંડો (૩)
૨૯. હૃદય (૨)
૩૦. માતાના પતિના પિતા (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવવાની ઉત્કંઠા’ પંક્તિમાં તાદાત્મ્ય શબ્દનો અર્થ જણાવો.

અ) તજવીજ  બ) એકરૂપતા  ક) સ્નેહમિલન  ડ) પ્રવૃત્તિ

### માતૃભાષાની મહેક

સ્ત્રી અને પુરુષ જીવ વચ્ચેનો પ્રેમ પરસ્પરનો સ્નેહ, મોહબ્બત, પ્રીત કે સ્નેહ તરીકે ઓળખાય છે. પ્રેમ મોટેભાગે રૂપ,ગુણ, સ્વભાવ, સાનિધ્ય અથવા કામવાસનાને કારણે થાય છે. પ્રેમ એ વીજળી જેવો છે. સ્ત્રી અને પુરુષમાં પણ છૂપી વીજળી છે અને તેથી તેઓ એકબીજા તરફ આકર્ષાય છે. આ આકર્ષણનું નામ પ્રેમ છે.

### સુડોકુ-૮૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૫ | ૨ | | ૭ | ૬ | | ૯ |
| ૭ | | | ૩ | | ૮ | | | ૫ |
| | | ૨ | | | | ૮ | | |
| ૯ | | | | ૩ | | | | ૪ |
| | ૮ | | ૫ | | ૪ | | ૧ | |
| ૪ | | | | ૭ | | | | ૩ |
| | | ૮ | | | | ૯ | | |
| ૨ | | | ૯ | | ૬ | | | ૧ |
| ૬ | | ૩ | ૧ | | ૫ | ૪ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ | ૭ | ૯ |
| ૧ | ૭ | ૫ | ૨ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૬ | ૯ | ૩ | ૫ | ૭ | ૮ | ૧ | ૪ | ૨ |
| ૭ | ૫ | ૯ | ૬ | ૩ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ | ૫ | ૧ |
| ૮ | ૪ | ૧ | ૯ | ૨ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૩ | ૧ | ૮ | ૭ | ૫ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૨ | ૩ | ૧ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૩ | ૧ | ૪ | ૬ | ૮ | ૫ |

### ગુજરાત મોરી મોરી રે

‘સવાલ કરવાની આદત ને લખવાની ટેવ પ્રગતિ નિશ્ચિત કરે’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

થાય  પંડિત  લહિયો  પૂછતાં  ને  લખતાં

### ઈર્શાદ

જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.

મરીઝ

### માઈન્ડ ગેમ

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં માત્ર એક ક્રિકેટર જ બે વાર ૪૦૦થી વધુ રનની ઇનિંગ્સ રમવાની સિદ્ધિ ધરાવે છે. એ હોનહાર ખેલાડીનું નામ જણાવો.

અ) લારા  બ) બ્રેડમેન
ક) હેમન્ડ  ડ) પોન્સફર્ડ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| PAINT | રંગવું |
| POINT | ટપકું |
| PINT | પ્રવાહીનું માપ |
| PLAIN | મેદાન |
| PLANE | વિમાન |

ગુજરાત મોરી મોરી રે
તડકે તડકે મેહ વરસે ને ઉંદરડી ઉચાળા ભરે

ઓળખાણ પડી?
ઈદી અમીન

માઈન્ડ ગેમ
ફોસ્ટર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સુગંધ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પ્રવીણ વોરા (૧૭) પુષ્પા પટેલ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) નૂતન વિપીન શાહ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) મહેશ સંઘવી (૨૯) ભાવના કર્વે (૩૦) અલકા વાણી (૩૧) વિણા સંપટ (૩૨) અંજુ ટોલિયા (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) કિશોર બી. સંઘરાજકા (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) જયવંત પદમશી ચિખલ (૪૬) વિજય આસર (૪૭) જગદીશ ઠક્કર (૪૮) મહેશ દોશી (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

# પાંચ વર્ષ સુધીના બાળકને અનુશાસનમાંથી મુક્ત રાખો

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

ભારતની શિક્ષણ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે. ન માત્ર પ્રાચીન, તે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પણ છે. આટલી પ્રાચીન શિક્ષણ પરંપરામાં બાલ શિક્ષણના સંદર્ભમાં એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. એ છે બાળકને શાળામાં બેસાડવાની ઉંમર. ભૂતકાળમાં વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ માટે પ્રવેશની ઉંમર ક્યાંક સાત વર્ષની હતી, તો ક્યાંક છ વર્ષની હતી. કોઈપણ પરિસ્થિતિમાં પાંચ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોનો વિદ્યાલયમાં પ્રવેશ થતો ન હતો.

કોઈપણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી માતા-પિતા કે ઘરથી દૂર કરવું જોઈએ નહીં. પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં. જ્યારે આપણે અઢી ત્રણ વર્ષના બાળકને મોન્ટેસરી, નર્સરી કે કે.જી.ના નામે વિદ્યાલયમાં મોકલીએ છીએ. ત્યાં તો પાઠ્યક્રમ લાગુ કરી દેવામાં આવે છે. સ્કૂલ બેગ, પુસ્તકો, ગૃહકાર્ય, પરીક્ષા વગેરે લાગુ પડી જાય છે. એનો સીધો અર્થ એ થાય કે આપણે બાળકને સમયથી બે ત્રણ વર્ષ વહેલું ભણાવવાનું શરૂ કરાવીને એને એક પ્રકારના બંધનમાં ‘કેદ’ કરી લઈએ છીએ.

જો કે નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ મુજબ હવે છ વર્ષની ઉંમરનું બાળક જ પહેલાં ધોરણમાં પ્રવેશ પાત્ર બનવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

ઉંમરના ત્રણ તબક્કા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીનો પહેલો તબક્કો, છ થી પંદર વર્ષ સુધીનો બીજો તબક્કો અને સોળ વર્ષથી જીવનના અંત સુધીનો ત્રીજો તબક્કો. આ ત્રણેય તબક્કા જીવન વિકાસની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના આધાર પર નક્કી કરવામાં આવ્યા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીમાં સંસ્કાર ગ્રહણ ક્ષમતા સૌથી વધુ હોય છે. આ વાત સાથે ભારતીય અને પાશ્ચાત્ય તમામ મનોવૈજ્ઞાનિકો સંમત છે. ક્યાંક ક્યાંક આ ઉંમર છ વર્ષની પણ બતાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂરાં થયા પછી બુદ્ધિનો વિકાસ શરૂ થાય છે અને પંદર વર્ષ પૂરાં થતાં થતાં બુદ્ધિની ક્ષમતા




પણ પૂરી થઈ જાય છે. એનાથી આગળ બુદ્ધિ વિકાસ થતો નથી. તેના પછી જે પણ બુદ્ધિ વધે છે તે અનુભવ અને કાર્યના માધ્યમથી જ વધે છે.

પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ સંસ્કાર છે. પંદર વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ શિક્ષણ છે અને સોળ વર્ષની ઉંમરથી આગળ વિકાસનું માધ્યમ સ્વાધ્યાય છે. યોગની ભાષામાં જો કહેવામાં આવે તો પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસ પ્રક્રિયાનું અધિષ્ઠાન ‘ચિત્ત’ છે, પંદર વર્ષની ઉંમર સુધી ‘મન’ અને સોળ વર્ષથી આગળ વિકાસની પ્રક્રિયાનું અધિષ્ઠાન ‘બુદ્ધિ’ છે.

આપણે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને આ મૂળભૂત વાતો સાથે જોડવી જોઈએ. આ સંદર્ભમાં આપણે શિક્ષણ વ્યવસ્થાનું વિભાજન કરવું જોઈએ. પાંચ વર્ષની ઉંમર સુધી ઘરમાં માતા-પિતા દ્વારા સંસ્કાર મેળવે, છથી પંદર વર્ષ સુધી આચાર્ય દ્વારા વિદ્યાલયમાં શિક્ષણ મેળવે અને સોળ વર્ષથી આગળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર શિક્ષણ મેળવે.

આપણા પૂર્વજો અને મહાપુરુષો આપણા પ્રેરણા સ્ત્રોત છે, એ પણ શિશુ અવસ્થાના શિક્ષણનો એક ભાગ છે. આ જ નૈતિક શિક્ષણ છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે. બાળકને જે જે માધ્યમથી પ્રેરણા આપીએ, અનુભવ કરાવીએ છીએ એ આનંદદાયક હોવા જોઈએ. આ દૃષ્ટિએ ખેલ, ગીત, વાતો વગેરે ખૂબ જરૂરી છે. બાળકોને રમવામાં, ગાવામાં, નાચવા - કૂદવામાં, પાણીમાં પલળવામાં, ઘાસ કે રેતીમાં આળોટવામાં, વાતો સાંભળવામાં, સંગીત સાંભળવામાં અને મોટાઓનું અનુકરણ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. અલબત્ત, આ બધાં સંસ્કારનાં આડકતરાં પણ જરૂરી માધ્યમ છે.

સંસ્કાર પ્રક્રિયામાં સૌથી વધુ અનુભવ અને પ્રેરણાનું મહત્ત્વ છે. બાળકને રંગના નામ યાદ ન રહે તો ચિંતાની વાત નથી. આંખોને વિવિધ પ્રકારના રંગ, રંગની રચના, રંગનું સમાયોજન વગેરે દેખાવું જોઈએ. ગીતના શબ્દો યાદ ના રહે તો ચિંતા નથી. તથ્ય યાદ ન રહે તો પણ ચિંતા નથી, પરંતુ ગીતનો ભાવ અને સ્વર અંદર ઊતરવા જોઈએ. પાણીમાં લાકડાં તરે છે અને લોખંડ ડૂબી જાય છે, એ જોવું જરૂરી છે. અર્થાત પોતાની ચારે બાજુની સૃષ્ટિનો અનુભવ કરવો, તેમની સાથે તાદાત્મ્ય સાધવું, આનંદથી પુલકિત થઈ જવું, બધા તરફથી પ્રેમની વર્ષા થઈ રહી છે, એનો અનુભવ કરવો એ જ તેના અંતઃકરણને સમૃદ્ધ કરવાનો એક માત્ર સચોટ ઉપાય છે. ■

# કૂતરાની અસંખ્ય જાતિનો વિસ્તૃત પરિચય ને માનવ પ્રેમ!

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com









વિશ્વ આખામાં કૂતરા, કૂતરીની અસંખ્ય જાતો નિહાળવા મળે છે, કૂતરા આમ તો બે પ્રકારમાં જોવા મળે એક પાળેલ કૂતરા ને બીજા જંગલી કે શેરી =ગલીનાં બિન પાળેલા. આજે કૂતરા પાળવાનો ક્રેઝ વધતો જાય છે જોકે કૂતરા માલિકને વફાદાર હોય છે તેની સુરક્ષા કરે છે...!?. જી હા કૂતરા ખૂબજ સમજુ પ્રાણી છે તેની સમજ શક્તિ ઘણી હોય છે. આજે કૂતરાની અસંખ્ય જાતો જોવા મળે છે ચિત્ર વિચિત્ર કોઈ ડાઘિયા મોટા હોય છે, તો કોઈ ઠીંગણાં હોય છે. કલરમાં પણ ઘણી વિવિધતા હોય છે...!!!. તેનો ખોરાક પણ સ્પેશ્યલ હોય છે. અત્યારે મુખ્યત્વે રૂપિયાવાળા પોતાનાં બંગલાની શોભામાં અભિવૃદ્ધિ કરે કે પોતાની એક આગવી ઓળખ માટે ભિન્ન ભિન્ન કૂતરા પાળે છે તેની પાછળ મોટો ખર્ચ કરે છે, પણ કૂતરું એક ઘરનું સભ્ય બની જાય છે અને ફેમિલી મેમ્બર બની ગયા પછી તેની સાથે લગાવ એક જુદો જોવા મળે છે. મારાં એક મિત્રે કૂતરું પાળેલ તેનું અવસાન થતાં આખું ઘર એટલું રડતાં હતાં કે પોતાનાં ઘરનું એક સભ્યનું અવસાન થયું હોય તેવી પ્રતીતિ થતી હતી...!. અને કાયદેસર તેને સમાધિ આપેલ. તેની યાદી રહે તે માટે ઘરમાં કૂતરાનો ફોટો રાખેલ...!. અરે ઘણી વાર તો છાપામાં કૂતરું ગુજરી ગયા બાદ મોટી શ્રદ્ધાંજલિ રૂપે મોટી જાહેરાત આપી લાગણી વ્યક્ત કરે છે.

આજે તો કૂતરા જેટલા સારા ને સમજુ તેવી કિંમત થાય છે, મોટા સિટીમાં તો કૂતરાનો ડોગ શો રાખે છે તેમાં તેની વિશેષતા જોવાય છે, તેની ઓળખ પરેડ થાય છે, અને મોટા મોટા ઘર કૂતરાઓ હરીફાઈમાં આવે છે અને ડોગ શો જોવા મોટી સંખ્યામાં ડોગ પ્રેમીઓ આવે છે, હવે શેરી, ગલીનાં કૂતરા કોમન હોય છે. તેમાં જાજી વિશેષતા હોતી નથી. કલર પણ અમુક જ હોય છે અને પોતાનું સામ્રાજ્ય એક શેરી પૂરતું માર્યાદિત હોય છે,!, બીજી શેરીનાં કૂતરા ત્યાં આવે તો બાજાબાજી થાય છે, તેમજ કૂતરાની પ્રજનન ક્રિયા પણ તદ્દન ભિન્ન હોય છે,!, સામાન્ય પ્રાણીમાં આવું પ્રજનન હોતું નથી પણ કુદરતે તેમાં વિશેષતા મૂકી છે...!!!. એટલે કૂતરા વિશે આજે વધુ વિગતો જાણીએ.

સૌથી વધારે વફાદાર એવું જાણીતું સસ્તન પ્રાણી. કેનિડે કુળ ૧૪ પ્રજાતિ અને આશરે ૩૫ જાતિઓમાં વહેંચાયેલું છે. ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઇન્ડિઝને બાદ કરતાં, બધે સ્થળે જંગલી કૂતરાં વાસ કરે છે. ભારતમાં વસતાં જંગલી કૂતરાંને ઢોલ કહે છે. ઓસ્ટ્રેલિયાનાં જંગલી કૂતરાં (Canis dingo) અને ન્યૂગિનીનાં જંગલી કૂતરાંને અમુક પાળેલાં કૂતરાંના પૂર્વજો તરીકે ગણવામાં આવે છે. જંગલી કૂતરાં ઉપરાંત, વરુ અને શિયાળ જેવાંનો સમાવેશ પણ કેનિડે કુળમાં થાય છે. આ કુળનાં પ્રાણીઓ દોડવા માટે અનુકૂલન પામેલાં હોય છે અને ભક્ષ્યની પાછળ દોડતાં હોય છે. તેમના પગ લાંબા અને પાતળા, શરીર માંસલ અને મજબૂત તેમજ હાથપગ કુંઠિત નહોરયુક્ત હોય છે. જીભ અને જડબાં સારી રીતે વિકાસ પામેલાં હોય છે. ખોપરી લાંબી હોય છે અને તે દોડતા ભક્ષ્યને પકડવા તથા ફાડી ખાવા માટે ખાસ અનુકૂલન પામેલી હોય છે. દાંતની સંખ્યા ૪૨ જેટલી હોય છે. સામાન્ય દાંત લાંબા, રાક્ષી (canine) મજબૂત જ્યારે દારક (carnassial) દાંત માંસના ટુકડા કરવા માટે ટેવાયેલા હોય છે. હાડકાંવાળું શિશ્ન અને ગંઠિત સમાગમ આ કુળનાં પ્રાણીઓની વિશેષતા છે. આશરે ૯ અઠવાડિયાંના ગર્ભવિકાસ પછી માદા બચ્ચાંને જન્મ આપે છે.

વરુને કૂતરાના પૂર્વજ તરીકે ગણવામાં આવે છે. કૂતરાના દાંત વરુના જેવા હોય છે. જોકે તેની કેટલીક ખાસિયતો શિયાળના જેવી હોય છે. કૂતરામાં પાળ્યા પહેલાં ભસવાનો અને ઘૂરકવાનો વિકાસ થયો હશે એમ માનવામાં આવે છે.

દુનિયાભરમાં પાળેલાં કૂતરાંની સંકરિત જાતો લગભગ ૪,૦૦૦ જેટલી છે. સંકરણના અખતરાઓ હજુ પણ ચાલુ છે. સંકરિત જાતિઓની ઉત્પત્તિને કારણે કૂતરાંની જાતિના મૂળ નૈસર્ગિક જનીનો લુપ્ત થઈ રહ્યાં છે. કૂતરાંની ઉત્ક્રાંતિ માટે આ પરિસ્થિતિ ચિંતાજનક છે. પાળેલાં કૂતરાંના પ્રમાણમાં કુદરતમાંનાં જંગલી કૂતરાં દુર્લભ થતાં જાય છે. ‘ધોબીનો કૂતરો નહિ ઘરનો કે ઘાટનો’ એ ઉક્તિ જૈવિક ઉત્ક્રાંતિના સંદર્ભમાં અર્થસૂચક છે. જંગલી કૂતરાંની શિકારપદ્ધતિઓ અને વર્તનનો અભ્યાસ કૂતરાંની બુદ્ધિ ક્ષમતા અને તેની બદલાતા પર્યાવરણમાં ટકી રહેવાની ક્ષમતા દર્શાવે છે. વન્ય પ્રાણીઓના સંરક્ષણની સાથે સાથે વન્ય કૂતરાંની જાળવણી પણ જરૂરી છે. કૂતરાં વરુ, શિયાળ, લોંકડી વગેરેમાં જનીનસામ્યતા ઘણી હોવાથી (દરેકમાં રંગસૂત્રોની સંખ્યા ૪૮), કૂતરાંની સંકરિત જાતો વરુ ઉપરાંત અન્ય ઉપર્યુક્ત પ્રાણીઓમાંથી ઉદભવેલાં છે એવું મનાય છે. આ રખેવાળ કૂતરાં : ઓસ્ટ્રેલિયા, યુરોપ, અમેરિકા વગેરે દેશોના પશુપાલકો પોતાની ગાયોનાં કે ઘેટાંનાં મોટાં ટોળાંમાંથી એકાદ જાનવર છૂટું ન પડી જાય તે માટે રખેવાળ તરીકે કૂતરાં રાખે છે. આ ઉપરાંત ખેતરમાં પોતાનું મકાન બાંધી રહેનારા શ્રીમંત ખેડૂતો પણ રખેવાળ કૂતરાં રાખે છે. આ માટે કેલ્પી તથા કુલી નસલનાં કૂતરાંની ખાસ પસંદગી કરવામાં આવે છે. ભારતમાં રખડતી-ભટકતી વણજારા જેવી જનજાતિઓ પોતાના જાનમાલના રક્ષણ માટે રખેવાળ કૂતરાં રાખે છે. આ કૂતરાં કોઈ ચોક્કસ પ્રચલિત નસલનાં હોતાં નથી. કૂતરાં વિશાળ મસ્તક, આગળ પડતું અણીદાર મુખ, લાંબા લટકતા કાન અને શરીર પર પુષ્કળ વાળ ધરાવે છે. પૂંછડી લાંબી અને વાળયુક્ત હોય છે. આ સમૂહની નસલોમાં આકર્ષક રંગો જોવા મળે છે. આ સમૂહની અગત્યની નસલોમાં સ્પેનિયલ કોકર, બ્રિટિશ સ્પેનિયલ, ફિલ્ડ સ્પેનિયલ વગેરે મુખ્ય છે.આમ કૂતરા પણ કેટલી જાતિનાં હોય છે તેની ઘણી જાણકારી મેળવી છે કારણ કૂતરુંકે કૂતરા માનવ જાત સાથે પ્રેમાળ રીતે રહે છે. ■

# હવે ડિજિટલ ગુનેગારોનો ખાતમો બોલાવશે સાયબર કમાન્ડો

ફોકસ
મનોજ પ્રકાશ
feedback@bombaysamachar.com

દેશમાં સાયબર ગુનેગારોનો આતંક અન્ય આતંકવાદીઓની જેમ દિવસેને દિવસે વધી રહ્યો છે. ન્યાયાધીશો, આઇએએસ, એન્જિનિયરો, ડોક્ટરો, પત્રકારો અને રાજકારણીઓ જેવા પ્રબુદ્ધ લોકો પણ સરળતાથી તેનો શિકાર બની રહ્યા છે. તેમના આતંકનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેઓ ખુલ્લેઆમ ગુનાઓ આચરી રહ્યા છે અને દેશના દરેક રાજ્યમાં સાયબર ગુનાઓને રોકવા માટે પોલીસના સાયબર સેલ લાખો પ્રયાસો પછી પણ તેમને રોકવામાં સક્ષમ નથી. માનવતાનો નાશ કરનારા આતંકવાદીઓ હજુ પણ કેટલીક જગ્યાએ, ખાસ કરીને રાજ્યની રાજધાનીઓમાં અથવા દેશની સરહદો સુધી અને અમુક અંશે જંગલની હદમાં પોતાનું કામ કરે છે, પરંતુ ડિજિટલ ગુનેગારોના મૂળ ગામડાઓ સુધી પહોંચ્યાં છે.

આ આતંકવાદીઓના આતંકને ખતમ કરવા માટે કેન્દ્ર સરકારે જે સાયબર કમાન્ડો ફોર્સને તૈયાર કરવાની રણનીતિ બનાવી છે, તે હવે કાર્યરત થઈ રહી છે. આઈઆઈટી કાનપુર દ્વારા ૩૬ કમાન્ડોની બેચની તાલીમ પૂર્ણ થયા બાદ તેઓ દેશના વિવિધ ભાગોમાં સાયબર કમાન્ડો તરીકે સેવા આપશે. અહીં ઉત્તરાખંડ અને હિમાચલમાં સાયબર કમાન્ડો તેમની સેવાઓ આપવા માટે તૈયાર છે અને અન્ય રાજ્યોમાં પણ તેમની હાજરી ટૂંક સમયમાં પણ જોવા મળશે. ઉત્તરાખંડમાં, પોલીસ સબ-ઇન્સ્પેક્ટર વિનોદ વિષ્ટ અને કોન્સ્ટેબલ સુધિશ ખત્રી રાજ્યના પ્રથમ સાયબર કમાન્ડો બન્યા છે, જ્યારે હિમાચલ પ્રદેશમાં, મહિલા પોલીસ મનુ, મધુ શર્મા અને આકાશ ઠાકુર અને રામ શર્મા સાયબર કમાન્ડો તરીકે આગળ આવ્યા છે. આ તમામે સાયબર ક્રાઈમ એટલે કે ડિજિટલ આતંકવાદને ખતમ કરવા માટે દેશની આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત ઇન્સ્ટિટ્યૂટમાંથી ૬ મહિનાની ટ્રેનિંગ મેળવી છે. આ સાથે, સાયબર કૌભાંડોને રોકવા માટે કમાન્ડો તરીકે કુશળ પોલીસ કર્મચારીઓને લાવવાની પ્રક્રિયા શરૂ થઈ છે.

આતંકવાદીઓના આતંકને ખતમ કરવામાં જોડાયેલા નિષ્ણાતો આ કમાન્ડોને દેશમાં પોતાની આગવી ઓળખ ધરાવતા અન્ય કમાન્ડોની જેમ ગણી રહ્યા છે. ભારતમાં એનએસજી જેને બ્લેક કેટ કમાન્ડો કહેવામાં આવે છે તે સૌથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. વર્ષ ૧૯૮૪માં રચાયેલી આ ટુકડીને તેના કામ માટે ઓળખવામાં આવે છે. તેના મુખ્ય કાર્યોમાં મુંબઈ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો સમાવેશ થાય છે. આ સિવાય મરીન કમાન્ડો, પેરા એસએફ, કોબરા કમાન્ડો ભારતનાં હિતોની રક્ષા માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે એટલું જ નહીં આતંકવાદીઓ માટે પણ ખતરા સમાન છે. હવે તેમની જેમ જ સાયબર કમાન્ડો પણ સમગ્ર વિશ્વમાં ચાલી રહેલા સાયબર આતંકવાદને ખતમ કરવામાં તેમની ભૂમિકા ભજવશે. આ કમાન્ડો અને અન્ય કમાન્ડો વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે તેઓ ડિજિટલ માધ્યમથી આતંકવાદીઓને પકડશે અને અન્ય કમાન્ડો આ કામ વિવિધ હથિયારો દ્વારા કરે છે.

વર્ષ ૨૦૨૪ માં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના પ્રથમ સ્થાપના દિવસે કહ્યું હતું કે દેશભરમાં સાયબર ગુનેગારોને પકડવા માટે સાયબર કમાન્ડોની ફોજ તૈયાર કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં પાંચ હજાર કમાન્ડો બનાવવાનું લક્ષ્ય છે. વાસ્તવમાં, કેન્દ્ર સરકાર સાયબર દુનિયામાં દરરોજ નવા સ્કેમ સ્ટાઈલ સાથે વ્યવહાર કરવા માગે છે અને તેના માટે તેને એક સંસ્થાની જરૂર છે જે સાયબર સિક્યોર ઇન્ડિયાના માપદંડોને પૂર્ણ કરી શકે. આ હેતુ માટે પોલીસ, સીબીઆઈ, સેન્ટ્રલ પોલીસ ફોર્સ વગેરેના એસટીએફ જેવા વિશેષ કર્મચારીઓ અને અધિકારીઓને તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કમાન્ડોનું સૌથી મહત્ત્વનું લક્ષ્ય ડિજિટલ ધરપકડ, ક્રિપ્ટો કરન્સી, ડેટા ચોરી, રેન્સમવેર હુમલા વગેરેને અટકાવવાનું રહેશે.


અગાઉ સરકાર પાસે એવા પ્રોફેશનલ્સને નોકરી પર રાખવાનું સૂચન હતું જેઓ ઈન-હાઉસ ટ્રેનિંગ મેળવ્યા પછી સાયબર ક્રાઈમ સામે લડી શકે. પરંતુ વિવિધ રાજ્યોના વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ આ માટે કંઈક ખાસ કહ્યું, જેનું પરિણામ આ કમાન્ડો છે. અત્યાર સુધી વિવિધ વિભાગોમાં સાયબર એક્સપર્ટ તરીકે બહારથી જ પ્રોફેશનલ્સને હાયર કરવામાં આવ્યા છે.

હવે જ્યારે સરકારી કર્મચારીઓને જ ટ્રેનિંગ માટે તૈયાર કરવામાં આવ્યા છે ત્યારે અત્યાર સુધી પ્રચલિત એક ડઝનથી વધુ સાયબર ફ્રોડ ઉપરાંત અન્ય સો પ્રકારે વિશેષ તાલીમ લઈને સાયબર છેતરપિંડી રોકવામાં મહત્ત્વની કડી સાબિત થશે તેમાં કોઈ શંકા નથી.

સાયબર કમાન્ડો તેમના પેરેન્ટ ડિપાર્ટમેન્ટમાં રહીને સાયબર સેલને એ રીતે મજબૂત બનાવશે કે તેઓને કોઈ માહિતી મળતા જ તેઓ ઘટનાસ્થળે પહોંચી જશે અને ગુનેગારોની ધરપકડ કરશે. ■

# આનું નામ તે વેર.!

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com



‘સાબજી, તમને શરમ નથી આવતી?’ બહાદુર થાપાએ પૂછ્યું. થાપા ‘એક સ-વાય-ઝેડ’ સિક્યોરિટી કંપનીમાં પંદર હજારના પગારે ગાર્ડની નોકરી કરતો. સ્વભાવે નામ પ્રમાણે બહાદુર. ખોટું તો બિલકુલ ચલાવે નહીં. ખોટા કામનો વિરોધ કરે. એની નસોમાં લોહીની સાથે સત્ય વહેતું હતું.

‘એય, બહુ ડબડબ ન કર. શરમ જાય સરકારમાં અને લાજ જાય દરબારમાં. જેણે મૂકી લાજ એનું મગર જેવું મોટુંમસ રાજ.’ કરપ્ટ રાયે નફટાઈ દાખવી બહાદુર થાપાને ઉંચા અવાજે દબડાવ્યો.

‘સાબજી, તમીજસે પેશ આયે. અધિકારી છો એટલે ઇજ્જતથી વાત કરું છું એનો મતલબ એ નથી કે આપ મને તું-તારી કરો. મારો મગજ ગરમ થશે તો મારી કૂકરીથી છાતી ચીરી નાખીશ. મેરે અંદરકે પશુ કો મત જગાવો ઔર હદમે રહો.’ બહાદુર થાપાએ વિનમ્રતાથી કહ્યું.

‘તું મેરા ક્યાં ઉખાડ લેગા? તેરી મૈં બેન્ડ બજા દૂંગા. છોટા મુંહ બડી બાત કરતા હૈ. મેરે મુંહ લગતા હૈ. મૈં કૌન હૂં યે પતા હૈ? નોકરી સે નિકલવા દૂંગા.’ કરપ્ટરાયે ધમકી આપી.

‘સર, તમારી ગાડીમાં જે ભર્યું છે એ હું નહીં જવા દઉં’ બહાદુર થાપાએ ચેતવણી આપી.

‘અરે, મારી પાસે જે માલસામાન છે એને બિલ્ડિંગ બહાર લઇ જવાનો ગેટ પાસ છે.’ એમ કહી કરપ્ટરાયે બહાદુર થાપાના હાથમાં ગેટપાસ થમાવ્યો.

‘આ તો નકલી ગેટ પાસ છે.’ બહાદુર થાપા બોલ્યો.

‘અરે, ચા-પાણી માટે માલપાણી રાખી લે.’ કરપ્ટ રાયે બહાદુરના શર્ટના ખિસ્સામાં વીસ રૂપિયાની નોટ મૂકવાનો પ્રયાસ કર્યો.

‘સર, તમે ઘર ભૂલ્યા છો. તમે રિશ્વતખોર છો એટલે બધા લાંચિયા ન હોય જીવનમાં સિદ્ધાંત નામની કોઇ ચીજ બીજ હોય કે નહીં?’ બહાદુર કરપ્ટરાયનો હાથ ઝટકાવીને પવન જેવા સૂસવતા અવાજે કહ્યું.

‘તારે જે કરવું હોય તે કર. પણ હું ડગલું ભર્યા પછી હટવાનો નથી. હટેંગે તો કટેંગે. હું કોઇ પણ કિંમતે ગાડીમાં ભરેલ વસ્તુ મારા ઘરે લઇ જઇશ.’ કરપ્ટરાય સત્તાના તોરમાં હતા.

‘જરા તો લાજો. તમે તો લાજવાને બદલે ગાજો છો.’ બહાદુરે કરપ્ટરાયને કહ્યું.

‘હું લાંચાગ્રહી છું. ઘેટા-બકરાના મોતે મરીશ. પણ, બેડ અને ખુરશી લીધા વિના નહીં હટું.’ કરપ્ટરાયે ડુ ઓર ડાઇ જેવો જુસ્સો બતાવ્યો.

‘અરે, કેટલી ભૂખ છે? ભગવાનની દયાથી રેલવેમાં મોટા ઓફિસર છો. તગડો પગાર મળે છે. બાળબચ્ચા કે ઘરવાળીની જવાબદારી નથી. રેલવેનાં કામોનાં ટેન્ડરોમાં મલાઇ તારવો છો. કર્મચારીનું પ્રોવિડન્ટ ફંડ મંજૂર કરતી સમયે કે રજા મંજૂર કરતી સમયે કર્મચારીને ખંખેરી લો છો. તમારે ઘરે ફર્નિચર કે બેડની ક્યાં ખોટ છે? રેલવેનું રાચરચીલું તફડાવીને ઘરે ખડક્યું છે. દેશની સંપતિ તફડાવે છો. એક ઘર તો ડાકણ પણ છોડે. તમે તો ડાયનોસોર છો... મરશો ત્યારે રૂપિયા, મકાન, સોનુચાંદી વગેરે ઠાઠડીમાં બાંધીને ઉપર લઇ જશો?’ બહાદુરે કરપ્ટરાય પર જનોઇવઢ ઘા કર્યો. કરપ્ટરાય મગર જેવો હતો. એ તો રાવણની જેમ અટહાસ્ય કરતો રહ્યો...

‘મને અણહકનું ન લઉં ત્યાં સુધી ખાવાનું પચતું નથી. ભોજન અને લાંચનું બરાબર પાચન થઇ જાય છે. લાંચનું પાચન કરવા મારે ચૂર્ણ કે ગોળી ગળવી પડતી નથી.’

‘ફટ છે તમને. તમને મર્યા પછી પ્લાસ્ટિકના જીવડા પડશે‘ ગુસ્સે થઇ બહાદુર બોલ્યો.

‘મર્યા પછી જીવડા મને પડશે ને? મર્યા પછી મારે ક્યાં જોવું છે? જીવતો છું ત્યાં લગી ભુંડની જેમ લાંચ ખાતો રહીશ.’ કરપ્ટરાયે જીવનનો આદર્શ રજૂ કર્યો.

બહાદુર થાપાનું ગજું કેટલું ? શરીરે મજબૂત હોય, એ વાત દીવા જેવી સાચી, પરંતુ, રહ્યો તો નાનો માણસ. નાના માણસો હારાકીરી કરે તો લોકોના પેટનું પાણી હલે નહીં. રાવણ સીતામાતાનું અપહરણ કરી રહ્યો હતો ત્યારે જટાયુએ સીતામાતાને બચાવવા રાવણ સાથે ખરાખરીનો લાઇવ જંગ કરેલ. બહાદુર થાપાએ રેલવેના ગેસ્ટહાઉસની રાષ્ટ્રીય સંપત્તિ બચાવવા જટાયુ જેમ ભરપૂર પ્રયત્ન કર્યો. અંતે અસત્યમેવ જયતે અને સત્યમેવ પરાજયતે જેવું બન્યું.

કરપ્ટરાય ધરાર ગેસ્ટ હાઉસની ખુરશી અને બેડ લઇ ગયા. મોટા માણસે કરેલી હલકાઈ સામે બહાદુર થાપાનો બળવો નિષ્ફળ ગયો કે શું?

જોકે, મામલો અહીં ખત્મ નથી થઇ ગયો. બહાદુર થાપાએ થાપાનો નહીં પરંતુ, ભેજાનો ઉપયોગ કર્યો.

‘રેલવેની માલિકીના ગેસ્ટહાઉસની જૂજ વપરાયેલ એવી તદન નવી જેવી જ ખુરશી અને બેડ મિનરલ પાણીના ભાવે ખરીદવાની અમૂલ્ય તક. વહેલા તે પહેલાના ધોરણે. અકલ્પ્ય ડિસ્કાઉન્ટ સાથે ખરીદી કરવાની તક. પછી કહેતા નહીં કે ચૂકી ગયા. દોડો. દોડોદોડો. સંપર્ક કરો. કરપ્ટરાય, મોબાઇલ xx xxx xx420, રેલવે અધિકારી કમ તસ્કર, મકાન નંબર ૪૨૦, લૂંટ શેરી, ડામિસનગર, તફડંચી એન્કલેવની બાજુમાં.’

અખબારમાં આવી જાહેરાત પ્રસિદ્ધ થઇ કે તરત જ કરપ્ટ રાયનો મોબાઇલ અઠવાડિયું રણકતો રહ્યો. કરપ્ટરાય જવાબ આપતાં થાકી ગયા. એના પર આવતા ફોનકોલના મારાથી કંટાળીને ચાર ખુરશી અને બેડ બા-કાયદા પાછા રેલવે ગેસ્ટ હાઉસમાં મૂકી આવ્યા.! ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## મૂછેં હો તો સરકાર ચાહે ઐસી હો, વરના ના હો



અમિતાભ બચ્ચનના ઝળહળાટમાં એંગ્રી યંગ મેનની સાથે એમણે હીરોના પાઠમાં કરેલી કોમેડીનું પણ અચ્છું યોગદાન રહ્યું છે. ફિલ્મ 'શરાબી'નો અજરામર ડાયલોગ 'મૂછેં હો તો નથ્થુલાલ જૈસી હો વરના ના હો' જોઈ - સાંભળી અનેક સિને પ્રેમીઓએ તાળીઓનો ગડગડાટ કર્યો હશે. આ સંવાદ અફઘાનિસ્તાનમાં અલગ રીતે ગાજી રહ્યો છે. કલાકારીગીરીના ઉત્તમ નમૂના જેવી જાજમ બનાવવા માટે ખ્યાતનામ અફઘાનિસ્તાનની જનતાના પગ નીચેથી જાજમ સરકી ગઈ છે. એની સ્વતંત્રતા જાજમ નીચે ધકેલવામાં આવી રહી છે. ૧૯૯૫ પછી કટ્ટરવાદનું સમર્થન કરી રહેલા તાલિબાનો આજે અફઘાનિસ્તાન પર શાસન કરે છે. આ તાલિબાનોએ ઈસ્લામના પ્રચાર અને રક્ષણ માટે Ministry for Propagation of Virtue and Prevention of Vice - સદ્ગુણનો પ્રચાર અને બુરાઈ અટકાવવાના મંત્રાલયની ફરીથી સ્થાપના કરી છે. યુનાઈટેડ નેશન્સના અહેવાલ અનુસાર નૈતિકતાનો ચીપિયો પછાડતા તાલિબાનોએ અફઘાનિસ્તાનમાં જે પુરુષોએ સરકારે નક્કી કર્યા અનુસાર દાઢી - મૂછ નહોતા રાખ્યા તેમજ જે વાળંદોએ વાળ કાપવામાં કે દાઢી કરવામાં ધારા ધોરણનું પાલન નહોતું કર્યું એ બધાની ધરપકડ કરી જેલભેગા કરી દીધા છે. વાત આટલેથી નથી અટકતી. રમઝાનના પવિત્ર મહિનામાં ફરજિયાત સામૂહિક નમાજ પઢવા નહીં આવેલા પુરુષોની પણ મનફાવે એમ અટકાયત કરવામાં આવી છે. ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટેના આ તાલિબાની તરંગને કારણે અનેક લોકો નોકરી ગુમાવશે અને જનતાની આવકમાં ઘટાડો થશે. જોકે, એનાથી તાલિબાનોના પેટનું પાણીય નથી હલવાનું.

## કહાંસે તૂ આયા ઔર કહાં તુજે જાના હૈ



ક્યાંથી આવ્યા છો અને ક્યાં જવાના છો એ બે અંતિમો વચ્ચે જિંદગી ઝોલા ખાતી હોય છે. અલબત્ત ક્યાંથી ઉપડ્યા છો એની ખબર હોય પણ ક્યાં જઈ રહ્યા છો એની જાણ ન હોય એવા રોમાંચમાં રસ ધરાવતી પ્રજા માટે એક યુરોપિયન એરલાઈને એક ગજબનો તુક્કો લડાવ્યો જેને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. કહે છે ને કે મંજિલ પર પહોંચવાના આનંદ કરતા સફર વધુ આહલાદક હોય છે અને અહીં તો ક્યાં જઈ રહ્યા છે એની જ જાણ વિમાનના ઉતારુઓને નહોતી. ચોથી અને સાતમી એપ્રિલ એમ બે દિવસ માટે અજાણી જગ્યાએ જતી ફ્લાઈટનું બુકિંગ ફેબ્રુઆરીમાં ખૂલ્યું અને તમે ચોંકી જશો જાણીને કે માત્ર ચાર મિનિટમાં બંને વિમાનની ટિકિટ ચપોચપ વેચાઈ ગઈ. દુનિયામાં એવા લોકો છે જે થ્રિલ માટે - રોમાંચ માટે કાયમ તરવરાટ અનુભવતા હોય છે. નિશ્ચિત તારીખોએ ફ્લાઈટ ઉપડી અને લેન્ડ થયા પછી ખબર પડી કે સ્પેનના સેવિલ શહેર પહોંચ્યા છીએ. યુરોપિયન નાગરિકો શેનગેન ઝોન તરીકે ઓળખાતા 29 દેશમાં વિઝા વગર હરફર કરી શકે છે. આ અખતરાને મળેલા પ્રતિભાવથી હરખાયેલી એરલાઈન આવી બીજી ઉડ્ડયન સફરનું પ્લાનિંગ કરી રહી છે. અલબત્ત વિઝાની કડાકૂટ ન હોય એવા સ્થળને જ પ્રાધાન્ય આપવું પડશે.

## અગ્નિદાહમાં ભાગ માગ્યો, હોય નહીં!



જમીન જાયદાદ માટે ભાઈ-ભાઈ વચ્ચે ઝઘડા - વિવાદ - હથિયાર ઉગામવા કોઈ નવી વાત નથી. જર, જમીન ને જોરુ એ ત્રણેય કજિયાનાં છોરું કહેવત અનેક પેઢીઓ પછી પણ શાશ્વત ગણાય છે. સમાજે કમને એ સ્વીકારી પણ લીધી છે. જોકે, મધ્ય પ્રદેશના ટીકમગઢ શહેરમાં માના જણ્યાં વચ્ચે એવી વાતે વિવાદ થયો કે એ જાણ્યા પછી સીતામૈયાની માફક ધરતી મારગ આપે તો સમાઈ જઈએ એવો વિચાર આવી શકે છે. પિતાના અવસાન પછી અલગ રહેતા ભાઈએ આવીને બીજા ભાઈ પાસે પ્રોપર્ટીમાં ભાગ માગ્યો હોય તો સમજી શકાય પણ તેણે એવી માંગણી કરી કે ગામ આખામાં અરેરાટી ફેલાઈ ગઈ. બન્યું એવું કે 85 વર્ષના પિતાશ્રી ધ્યાની સિંહના અવસાન પછી એમના નાના પુત્ર દામોદરએ અંતિમ સંસ્કારની તૈયારી શરૂ કરી. ઠાઠડી બાંધવાની તૈયારી શરૂ કરી ત્યાં મોટો ભાઈ કિશનસિંહ પરિવાર સાથે ઘરે પહોંચી ગયો અને પિતાને અગ્નિદાહ પોતે દેશે એવી જીદ લઈને બેઠો. પિતાની સેવા ચાકરી પોતે કરી છે એવી દલીલ કરી દામોદરે મોટાભાઈને સાફ ના પાડી દીધી. બહુ વાદ વિવાદ થયો, ઉગ્ર બોલાચાલી થઈ અને વાત વણસી એટલા હલકા સ્તરે પહોંચી જ્યારે મોટાભાઈએ પિતાના શબના બે ટુકડા કરી બંને ભાઈ અલગ અલગ અંતિમસંસ્કાર કરે એવી પાશવી માંગણી કરી. મોટાભાઈની ડિમાન્ડ સાંભળી હાજર બધા લોકો સ્તબ્ધ થઈ ગયા અને કોઈએ અક્કલ વાપરી પોલીસને બોલાવી. વાતની ગંભીરતા જાણી પોલીસ તાત્કાલિક પહોંચી અને હકીકત જાણ્યા પછી પોલીસે નાના ભાઈ દામોદરને અનુમતિ આપી અને પિતાનો દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો. આ કળજુગ નથી, હળાહળ કળજુગ પણ નથી, આ તો ... તમે જ નક્કી કરી લો.

## ૧૦૦ વર્ષની ઉંમરે ફર્સ્ટ ટાઈમ મમ્મી



માતૃત્વને ભાવનિક મર્યાદા નથી નડતી, પણ શારીરિક મર્યાદા ચોક્કસ નડે છે. માતા બનવાના અભરખા સ્ત્રીમાં અખંડ દીવા જેવા હોય છે. સામાન્યપણે પચાસેકની ઉંમર પછી શારીરિક ફેરફાર માતૃત્વની સંભાવના શૂન્ય બનાવી દે છે. જોકે, સરેરાશ 125 વર્ષનું આયુષ્ય ધરાવતી કાચબાની ગાલાપાગોસ નામની પ્રજાતિની એક માદાએ યુએસના ફિલાડેલ્ફિયાના પ્રાણીસંગ્રહાલયમાં 100 વર્ષની ઉંમરે માતૃત્વ ધારણ કર્યું છે અને હેરત પમાડનારી વાત એ છે કે મોમી નામની માદા પહેલી વાર માતા બની છે. અને હા, એ જ પ્રાણીસંગ્રહાલયમાં વસતા સોએક વર્ષના અબરાઝો નામના નર કાચબાએ મેડમને બનતી મદદ કરી છે. છેક 1932થી ફિલાડેલ્ફિયામાં રહેતી મોમી માદાએ 16 ઈંડાં મૂક્યા હતા જેમાંથી ચારમાંથી બચ્ચા બહાર આવ્યા છે. ચારેયની તબિયત સારી હોવાની જાણકારી ઝૂ તરફથી આપવામાં આવી છે. જોકે, એમને એક ડર સતાવી રહ્યો છે કે 125 કિલો વજનની માતા અને 185 કિલો વજનના પિતાની ભારેખમ કાયા હેઠળ આ બચ્ચા કચડાઈને છૂંદો ન થઈ જાય તો સારું. 1874માં સંગ્રહાલય શરૂ થયા પછી પહેલી વાર આ પ્રજાતિના બચ્ચા જન્મ્યા હોવાથી વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.

## લ્યો કરો વાત!

સૌથી હલકું એટલે કેટલું હલકું? એક ચોખવટ. અહીં હલકું એટલે વજનમાં હલકું, ફોરું એવો અર્થ અભિપ્રેત છે. હલકું એટલે નીચ પ્રકૃતિનું અધમ એ અર્થ ધ્યાન પર નથી લેવાનો. વિહંગ વિશ્વ યાને કે પક્ષીઓની દુનિયા હેરત પમાડનારી હોય છે. એક તરફ પાંચ ફુટ ઊંચું અને 150 કિલો વજન ધરાવતું શાહમૃગ નામનું પંખી છે તો બીજી તરફ સાડા પાંચ સેન્ટિમીટર (આશરે સવા બે ઈંચ) લંબાઈનું અને માત્ર 1.95 ગ્રામ વજન ધરાવતું હમિંગ બર્ડ પણ અસ્તિત્વ ધરાવે છે. 4200 ટાપુના સમૂહ તરીકે જાણીતા ક્યુબામાં જ આ સૌથી નાનકડું હમિંગ બર્ડ જોવા મળે છે. ખોરાકમાં માત્ર ફૂલના રસનું સેવન કરતા આ નાનકડા જીવને લોકો ક્યારેક મોટો ભમરો સમજવાની ભૂલ કરી બેસે છે. માદા વજનમાં નર કરતા ભારેખમ હોય છે. જીવનમાં કોનું વજન વધારે પડે છે એનું સંશોધન નથી થયું. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**સ્ત્રીઓ વંદા અને ગરોળીથી કેમ ડરતી હશે?**
* એ કહ્યાગરા હોતા નથી એટલે.

**રાત્રે સ્વપ્નું ક્લિયર દેખાતું નથી.**
* તો, મોતિયો આવ્યો હશે. આંખ ચેક કરાવો....

**આડા પડખે સુવાય તો ઊભા પડખે કેમ નહીં?.**
* એ માટે ઊંઘમાં ચાલતા શીખવું પડે.

**વહેલાં ઉઠે વીર. તો મોડા ઉઠે એ?**
* ભડ વીર.

**છૂટાછેડા ક્યારે લેવાય?**
* લગ્ન કર્યા પછી!

**સૂરજદાદા અને ચાંદામામાની જેમ તારાને શું કહેવાય?**
* તારાકાકી - તારાભાભી ને તારામાસી...

**હવે કૂકડો સવારે કેમ બોલતો નથી?**
* સવારની શિફ્ટમાં પગાર ઓછો મળે છે એટલે એ નાઈટ શિફ્ટ કરે છે.

**સામાન્ય જ્ઞાનની જેમ સામાન્યઅજ્ઞાનની પરીક્ષા લેવાય તો?**
* ફુલ્લી ફેલના રેકોર્ડ થવા માંડે.

**નસીબની બલિહારી હોય તો કમનસીબી માટે શું?**
* કમ ચારી.

**વરને એની મા વખાણે એવું કેમ?**
* મમ્મી માટે છેલ્લો ચાન્સ. પછી વહુનો વારો!

**બાધા- માનતા ના ફળે તો?**
* વીમો ઊતરાવો..!

**દિલ સાથે બિલની વાત થાય?**
*ગર્લ ફ્રેન્ડને પૂછી જોજો.

**પ્રેમ સંબંધ- પ્રેમ પ્રકરણ- પ્રેમ રોગ, પ્રેમ રંગ- પ્રેમ રાગ, ઈત્યાદિ પછી શું?**
* સાસુ સસરા- સાળા સાળી, સાઢુભાઈ, ઈત્યાદિ ઈત્યાદિ.

**મનોરથનું સરનામું શું?**
* મનોવિશ્વ.

**હીરો- હીરોઈનની જેમ વિલનની જોડી કેમ ના હોય?**
* હોયને. વિલન સાથે વેમ્પ ને એ બન્નેનું કામ જોડવાનું નહીં, તોડવાનું !

**ઘંટ કોને કહેવાય ?**
* એવી વ્યક્તિને, જે સૌથી પહેલાં પોતાની જાહેરાત કરે ને પછી મંદિરની !

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બાળકોને લોકકથા કહેતા રહો, કારણ કે...



**લોકકથા** કહેવાના અનેક ફાયદા થાય છે, કારણ કે આ વાર્તાઓ સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોનું વાહક છે. લોકકથાઓ એક પેઢીથી બીજી પેઢી સુધી સંસ્કૃતિ, રીતરિવાજો અને ઇતિહાસનું વહન કરે છે. લોકકથાઓ એ માત્ર મનોરંજનનું સાધન નથી, એમાં ઘણીવાર પડકાર અને તેના ઉકેલોનું વર્ણન હોય છે. બાળકોને વિવિધ પરિસ્થિતિઓમાં વિચારવાની અને નિર્ણય લેવાની ક્ષમતા શીખવે છે. એવી કથાઓ સાંભળવાથી બાળકોનું શબ્દભંડોળ વધે છે . આ વાર્તાઓ કહેવાની અને સાંભળવાની કળાને પણ પ્રોત્સાહન આપે છે.

ઉદાહરણ સ્વરૂપે મધ્ય પ્રદેશની એક લોકકથાની વાત કરીએ. આધુનિક યુગમાં માનવસમાજની સૌથી મોટી જરૂરિયાત છે, માનવીય સંવેદના. માણસજાત એના જીદ્દીપણા થકી ગોણ પરિવારની વાતને સાંભળવાની નહીં જેવો બોધપાઠ કેટલા સરળ શબ્દોમાં શીખવા મળે છે.

ઉજ્જૈનના રાજા ભોજની સૌંદર્યવાન પુત્રી રાજમતી એની વિદ્વતા માટે પ્રદેશમાં જાણીતી હતી. રાજા ભોજને ચિંતા રહેતી કે અપ્રતિમ સુંદર કન્યા માટે યોગ્ય જમાઇની શોધવો. અનેક રાજાઓના પ્રસ્તાવ આવવા છતાં જામતું ન હતું. એકવાર રાજમતી સખીઓ સાથે નદી કિનારે ફરવા ગઇ. કેટલાક યાત્રાળુઓએ અવંતીપુરના રાજા વિશાલદેવની પ્રશસ્તિમાં ગીતો ગાયાં, વિશાલદેવની વીરતા અને પ્રજાવાત્સલ્યના વખાણ સાંભળીને રાજમતી એકતરફી પ્રેમમાં પડી ગઇ. રાજમતીએ પોતાની પસંદગી પિતાને જણાવી.

અહીં એક આડ વાત : કન્યા એ યુગમાં પણ પોતાની પસંદગીની વાત પિતા સાથે કરી શક્તી હતી. પિતાને વાંધો ન હતો. એમણે વિશાલદેવની સમક્ષ માંગું નાખ્યું. વિશાલદેવને રાજમતી વિશે જાણ હોવાથી એણે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. રંગેચંગે બંનેના લગ્ન થયાં. દરેક કથાઓની જેમ ખાધું, પીધું ને મજા કરીનો અંત આવી શકે છે, પણ આપણી ખરી લોકકથા અહીંથી શરૂ થાય છે..

લગ્ન પછી બંને મજાથી જીવવા લાગ્યાં પણ રાજમતીને એક વાત ખટકતી હતી કે જે વીરતાની વાતથી પ્રેમમાં પડી એ વીરતાની રાઇ વિશાલદેવના મગજમાં વધારે પડતી હતી. નાનાં - મોટાં રાજ્ય સાથે અચાનક અને અકારણ

લડાઈ કરતાં રહેવાનું અને ચોવીસ કલાક બહાદુરીના નશામાં રહેવાનું અને એનાં આખો દિવસ દરબારીઓ પાસે વખાણ સાંભળ્યા જ કરવાનું જાણે વિશાલદેવને વ્યસન થઈ ગયું હતું.

બીજી બાજુ બુદ્ધિશાળી અને રાજપરિવારની પરિપક્વ દીકરીને આ બધું વધારે પડતું લાગતું હતું.

વિશાલદેવની તુમાખી રાજમતી સાથે પણ રહેતી, રાજમતી ક્યારેય વિશાલદેવના બહાદુરીના બિનજરૂરી વખાણ કરતી નહીં અને થોડી નારાજ રહેતી. ધીમે ધીમે બંને વચ્ચે અહમ્‌ની અંટસ વધવા લાગી.

વિશાલદેવ રોજ એક સવાલ રાજમતીને પૂછતો કે મારાથી તાકાતવાન બીજો કોઈ રાજા છે? વાતનો વિષય ગમે તે હોય પણ વિશાલદેવ એ વાતને પોતાની બહાદુરી સાથે જોડી દે.

એક દિવસ ચાંદની રાત્રે દંપતી પ્રેમની વાતો કરતું હતું, રાજમતીએ સહજ કહ્યું કે ચાંદની કેટલી સુંદર પથરાયેલી છે, વાતાવરણને મોહિત કરીને સુખનો અનુભવ કરાવે છે. વિશાલદેવ આદત મુજબ પ્રેમની વાત આગળ વધારવાને બદલે પોતાની બહાદુરીની વાત જોડતા બોલ્યો કે ચાંદની તો મારી બહાદુરીની ગાથાઓની જેમ પૃથ્વી પર ફેલાયેલી લાગે છે..

રાજમતી નિરાશ થઈ ગઇ કે આટલો મોટો રાજા છતાં સમયની નજાકત સમજી શક્તો નથી. એણે સ્ત્રી સહજ મૌન ધારણ કર્યું. અચાનક મૌન ધારણ કરતાં વિશાલદેવના અહમ્ ઘવાયો. એણે વારંવાર એક જ સવાલ પૂછવાનો શરૂ કર્યો કે 'મારાથી અધિક શક્તિશાળી કોઈ છે ખરું? તારું મૌન કહે છે કે તારા મનમાં અન્ય રાજવીનું નામ છે...'

હવે તો હદ થઈ ગઇ, રાજમતીએ કહી દીધું કે 'રાજન, ખરાબ ન લગાડો. પૃથ્વી પર અસંખ્ય વીરો હોય છે, કોઇક તો તમારા કરતાં વધારે વીર હશે '

વિશાલદેવને ઉશ્કેરાટ આવ્યો ને પૂછવાનું ફરી શરૂ કર્યું કે 'કોણ? એક નામ તો કહે'. રાજમતી માટે હદ થઈ ગઇ, એણે કહ્યું કે એના પિતા દક્ષિણના મલ્લિપુરના રાજા મુકુંદપાલની વીરતા અને ધનવૈભવના ખૂબ વખાણ કરતા. મુકુંદપાલની તલવાર દશ જણા માંડ ઊંચકી શકે છે, પૃથ્વી પર સૌથી વીર અને સમૃદ્ધ કોઈ રાજા હોય તો એ મુકુંદપાલ છે.

વિશાલદેવનો અહમ્ ઘવાયો ને લાવલશ્કર લઇને રસ્તામાં નાના- મોટા રાજાઓને હરાવીને મુકુંદપાલના રાજ્ય પર ઘેરો નાખ્યો. મુકુંદપાલને પહેલેથી સૂચના મળી હતી એટલે એની સેના સજ્જ હતી. બંને વચ્ચે યુદ્ધ શરૂ થયું. મહિનાઓ સુધી લડવા છતાં વિશાલદેવ એક ઇંચ આગળ વધી ન શક્યો.

વિશાલદેવના સૈનિકો થાક્યા, અનાજ પાણી ઘટવા લાગ્યું, પણ જેમતેમ કરીને વિશાલદેવે ઉત્સાહ જાળવી રાખ્યો. કોઈ પણ કારણ વગરની લડાઈ ચાલુ રહી, ધીમે ધીમે વિશાલદેવને સમજાયું કે ફક્ત મારી જીદ માટે આ સૈનિકો તકલીફો ભોગવી રહ્યા છે અને પ્રાણ ન્યોછાવર કરી રહ્યા છે. ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો કે આ મુસીબત દૂર કરો.

અચાનક એક વ્યક્તિ એને મળવા આવી અને કહ્યું કે રાજા મુકુંદપાલ મળવા માગે છે, તમે હથિયાર અને સૈનિકો વિના એમને નિશ્ચિત સ્થળ પર મળો. પહેલાં તો કોઈ કાવતરાનો ડર લાગ્યો. શક્ય છે કે કોઈ સન્માનજનક ઉપાય મળશે એ વિચારથી હિંમત કરીને વિશાલદેવ મળવા ગયો.

રાજા મુકુંદપાલ આવીને કહ્યું : 'રાજન, અમે જાણીએ છીએ કે તમારી સેના પાસે પૂરતું ભોજન નથી, થોડા દિવસ યુદ્ધવિરામ કરો. અમે અનાજપાણી અને દવાની સગવડ કરી છે. તમે બધા તાજામાજા થાઓ પછી લડવાની મજા આવશે, આ તો લડાઈ એકતરફી થઈ જશે. આવી જીત અમને યોગ્ય લાગતી નથી.'

વિશાલદેવને ભૂલ સમજાઈ ગઈ અને સાચી વીરતા કોને કહેવાય એનું જ્ઞાન થતાં લડાઈ ખતમ થઇ.

આજ તો ભારતનો સોફ્ટપાવર છે, લોકકથાઓમાં શીખવાનું મૂલ્ય આધારિત શિક્ષણ હોય છે, સત્ય, ન્યાય, દયા, હિંમત અને સહકાર જેવા ગુણો સાથે બાળકોને સારા-ખરાબનો ભેદ સમજાવે છે અને તેમને સારા નાગરિક બનાવવામાં મદદ કરે છે.■

**ધ એન્ડ :**

*વડીલો લોકકથાઓ કહે છે ત્યારે તે બાળકો સાથે ભાવનાત્મક અને સાંસ્કૃતિક જોડાણ સ્થાપિત કરે છે, જે પરિવારના બંધનને મજબૂત કરે છે.*

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# જીવનમાં એ જ્ઞાનનું મહત્ત્વ બતાવે છે



ચોવક છેઃ **'સિજ છાબડે ઢક્યો ન રે'** એવા જ અર્થવાળી ગુજરાતીમાં પણ કહેવત છેઃ સૂરજ છાબડે ઢાંક્યો ન રહે! ચોવકમાં પહેલો શબ્દ છેઃ 'સિજ'. જેનો અર્થ થાય છેઃ સૂરજ અને 'છાબડે' એટલે છાબડીએ. 'ઢક્યો'નો અર્થ થાય છેઃ ઢાંક્યો અને 'ન રે' એ બે એકાક્ષરી શબ્દનો અર્થ છેઃ ન રહે. જેમ સૂરજ છાબડીએ ઢાંક્યો ન રહે તેમ ઘણી બાબતો એવી હોય છે જે છુપાવી શકાતી નથી! એવો શબ્દાર્થ છે આ ચોવકનો પણ ગર્ભિત અર્થ ઘણા થઈ શકે છે. જેમ કેઃ શૂરવીર પુરુષ, જ્ઞાની વ્યક્તિ કે સુંદર નારી ઓળખાયા વગર ન રહે!

એક બહુ સરસ ચોવક છેઃ **'સિકલ ચૂડેલજી, મિજાજ પરી જો'** સિકલ શબ્દનો અર્થ છેઃ દેખાવ કે ચહેરો અને 'ચૂડેલજી' એટલે ચૂડેલની. મિજાજનો અર્થ થાય છેઃ મિજાજ, સ્વભાવ કે વર્તણુક! શબ્દાર્થ સ્પષ્ટ છે કે, દેખાવ ચૂડેલ જેવો અને મિજાજ પરી જેવો! પણ હકીકતમાં ઘણો ફેર હોવો! જેમ કે દેખાવે તો રૂપાળાં 'ત્રુ' (એક કડવું ફળ) પણ હોય પરંતુ સ્વાદ તેનો ખૂબ જ કડવો હોય છે. ગુજરાતીમાં આપણે ઘણીવાર કોઈને કહેતાં હોઈએ કે, રૂપાળું તો ગધેડાનું બચ્ચું પણ હોય... મતલબ કે રૂપાળા હોવું એ દેખાવ જરૂર છે, પરંતુ સ્વભાવે ગધેડા જેવા ડફોળ હોઈએ તો, એ રૂપની કિંમત શું? ખરું ને?

આજે સારપનો જમાનો નથી આવું આપણે બોલતાં કે સાંભળતાં હોઈએ છીએ. કચ્છીમાં ચોવક પણ એવો જ અર્થ બતાવે છે કે, **'સાર માંસાઈ જો જ્યાનું નાંય.'** અહીં 'સાર' શબ્દો અર્થ છેઃ સારાપણું કે સારપ 'માંસાઈ'નો અર્થ થાય છેઃ માણસાઈ. 'જો' એટલે 'નો' 'જમાનૂં'નો અર્થ થાય છે જમાનો અને 'નાંય' એટલે નથી. મતલબ કે, સારમાણસાઈનો જમાનો નથી, પરંતુ આટલો જ અર્થ ચોવકનો નથી થતો. જ્યારે કોઈના ગુણ ધ્યાનમાં ન લેવાય ત્યારે આવો નિરાશાવાદી સૂર સાંભળવા મળે છે.

સારપને સમાવી લેતી બીજી પણ એવી ચોવક પ્રચલિત છેઃ **'સારો સૂડીયેં ચડે'** 'સારો' શબ્દનો અર્થ થાય છેઃ સજ્જન. 'સૂડીયેં' એટલે ફાંસીએ અને 'ચડે'નો અર્થ છેઃ ચડે. શબ્દાર્થ છેઃ સજ્જન વ્યક્તિ જ ફાંસીએ ચડે અને ભાવાર્થ છેઃ સારપનો બદલો ખરાબ... મતલબ કે સજ્જનતા દાખવવા જતાં બદનામ થવું પડે તેવી સ્થિતિ.

ગુણ, જ્ઞાન અને સાધનાને પ્રમાણિત કરતી એક ચોવક છેઃ **'સાધે સે વાધે'** 'સાધે' એટલે કે જે સાધના કરે તે અને 'વાધે' એટલે આગળ વધે. ભણતરને મહત્ત્વ આપતી આ ચોવકનો સ્પષ્ટ અર્થ છેઃ જે સાધના કરે તે આગળ વધે. સાધવુંનો અર્થ જ એ છે કે, લક્ષ્યને વેધવું! એટલે જ તે અર્થની બીજી ચોવકમાં કહ્યું છેઃ **'સામીં વે સે સિધિ વે'** 'સામીં' એટલે સ્વામી કે ગુરુ, 'વે સે' આ પણ એકાક્ષરી બે શબ્દ છે, જેનો અર્થ થાય છેઃ હોય તે. 'સિધ' એટલે જ્ઞાની. અને જો કોઈ વ્યક્તિ માટે તેનો ઉપયોગ થતો હોય તો તેનો અર્થ થાય છેઃ જાણકાર. શબ્દાર્થ છેઃ જે સ્વામી હોય તે જ્ઞાન સાધક જ હોય. ચોવક જે કહેવા માગે છે તે એટલું જ છે કે, જ્ઞાનનું ખૂબ જ મહત્ત્વ હોય છે.

એક કહેવત છેઃ સમજને માર હોય. એ જ વાત ચોવક પણ કહે છે: **'સમજ કે માર આય'** અર્થ સ્પષ્ટ છે એટલે શબ્દાર્થ ન કરતાં ભાવાર્થ માણીએ. 'સમજ' હોવી એ ગુણ છે, જે સફળતા અપાવે છે અને 'સમજ' હોવી એ ઘણીવાર, દુઃખ પણ પેદા કરાવે છે! ■

# ઈલેક્ટ્રોનિક્સ પર ટૅરિફ હળવો થવાથી વૈશ્વિક બજારોની તેજીમાં સેન્સેક્સ, નિફ્ટીમાં બે ટકાથી વધુનો જોરદાર ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પરની કેટલીક ટેરિફમાં રાહત આપ્યાની જાહેરાત અને ઓટોમોબાઇલ્સ માટે ડ્યૂટીમાં સુધારો કરવાના સંકેત આપ્યા પછી વૈશ્વિક બજારોમાં આવેલી તેજી સાથે મંગળવારે બેન્ચમાર્ક ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં બે ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. સતત બીજા સત્રમાં તેજી આવતા, ૩૦ શેરોવાળા સેન્સેક્સ ૧,૫૭૭.૬૩ પોઈન્ટ અથવા ૨.૧૦ ટકા ઉછળીને ૭૬,૭૩૪.૮૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૭૫૦.૩૭ પોઈન્ટ અથવા ૨.૩૨ ટકા વધીને ૭૬,૯૦૭.૬૩ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો.

એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૫૦૦ પોઈન્ટ અથવા ૨.૧૯ ટકા વધીને ૨૩,૩૨૮.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૫૩૯.૮ પોઈન્ટ અથવા ૨.૩૬ ટકા વધીને ૨૩,૩૬૮.૩૫ પોઇન્ટના ઊંચા સ્તરે પહોંચ્યો હતો. આ રીતે, બીજી એપ્રિલના રોજ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા પારસ્પરિક ટેરિફથી થયેલા લગભગ તમામ નુકસાનને મુખ્ય શેરઆંકોએ પાછું મેળવી લીધું છે. બીએસઇના તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા. બીએસઇ રિયલ્ટી, ઓટો, કેપિટલ ગુડ્સ અને ઇન્ડસ્ટ્રિયલ્સ ૫ ટકા સુધી ઉછળીને મુખ્ય વધ્યા હતા. સેન્સેક્સના શેરોમાં ઇન્ડસઇન્ડ બેંક ૬.૮૪ ટકા વધ્યા હતા. ટાટા મોટર્સ ૪.૫૦ ટકા વધ્યા હતા. લાર્સન એન્ડ ટુબ્રો, એક્સિસ બેંક, અદાણી પોર્ટ્સ, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક અને એચસીએલ ટેક પણ વધ્યા હતા. માત્ર આઇટીસી અને હિન્દુસ્તાન યુનિલિવરના શેરમાં જ ઘટાડો હતો. બજારની નજર હવે કોર્પોરેટ પરિણામ પર મંડાયેલી છે. બ્લો મોલ્ડેડ અને ઇન્જેક્શન મોલ્ડેડ ઉત્પાદનોની ગ્લોબલ પ્રોડ્યૂસર્સ અને હોસ્પિટલ ફર્નિચર કોમ્પોનન્ટ સ્પેશિયાલિસ્ટ મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ ૨૦૨૮ સુધીમાં વાર્ષિક આવક રૂ. ૧,૦૦૦ સુધી લઇ જવાનો લક્ષ્યાંક જાહેર કર્યો૪ છે. કંપની હેલ્થકેર ફર્નિચર પ્રોડક્ટ વર્ટિકલ અને પેકેજિંગ પ્રોડક્ટ વર્ટિકલમાં વ્યૂહાત્મક વિસ્તરણ યોજના ધરાવે છે. એર ઇન્ડિયાએ સેલ્સફોર્સ એજેન્ટફોર્સ સાથે સહયોગ સાધીને એજેન્ટિક એઆઇ એડોપ્શન કર્યું છે. એજેન્ટફોર્સ એર ઇન્ડિયાને કસ્ટમર સર્વિસ પ્રોસેસના ઓટોમેશન, એજન્ટ પ્રોડક્ટિવિટીમાં વધારો અને ઝડપી સમાધાનમાં મદદરૂપ બનશે.

ક્રાફ્ટ પેપરના અગ્રણી ઉત્પાદક અને સપ્લાયર બાણગંગા પેપર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બાણગંગા પેપર મિલ્સ દ્વારા મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી સત્તાવાર પર્યાવરણીય પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે, જે તેના ક્રાફ્ટ પેપર યુનિટને ૩૧ માર્ચ, ૨૦૨૯ સુધી



કાર્યરત રહેવા માટે અધિકૃત કરે છે. એઆરટી ફર્ટિલિટી ક્લિનિક્સે મુંબઇ ખાતે મુંબઇ ઓબ્સટ્રેટિક એન્ડ ગાયનેકોલોજી સોસાયટીના સહયોગ સાથે લેબ ટુ લાઇફ થીમ હેઠળ રિપ્રોડક્ટિવ સાયન્સ પર વાર્ષિક પરિચર્ચાનું આયોજન કર્યું હતું.

ટ્રમ્પે સૂચવ્યું છે કે તેઓ ઓટો ઉદ્યોગને અગાઉ લાદવામાં આવેલા ટેરિફમાંથી અસ્થાયી રૂપે મુક્તિ આપી શકે છે. ઇલેક્ટ્રોનિક્સ ગુડ્સ પર મુક્તિને કારણે આજે પણ પારસ્પરિક ટેરિફમાં આશ્ચર્યજનક વિરામથી આ તેજીને વેગ મળ્યો છે. સંભવિત ટેરિફ રાહત પર ઓટો શેરોમાં વધારો થયો અને ડિપોઝિટ રેટમાં ઘટાડાથી બેંકિંગ શેરોમાં ફાયદો થયો હતો.

સ્થાનિક સ્તરે, ધ્યાન કોર્પોરેટ કમાણીની મોસમ પર કેન્દ્રિત છે, જ્યારે વૈશ્વિક રિકવરી અને આરબીઆઇનું અનુકૂળ વલણ સેન્ટિમેન્ટને ટેકો આપી રહ્યું છે,ત્ર્યત્ર જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. સ્મોલકેપ ગેજ ૩.૨૧ ટકા અને મિડકેપ ઇન્ડેક્સ ૩.૦૨ ટકા વધ્યો હતો. બધા ક્ષેત્રીય સૂચકાંકો ઊંચા સ્તરે બંધ થયા. રિયલ્ટી ૫.૮૧ ટકા, ઇન્ડસ્ટ્રિયલ્સ ૩.૭૬ ટકા, કેપિટલ ગુડ્સ (૩.૬૭ ટકા), ઓટો (૩.૩૯ ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી (૩.૧૨ ટકા), ફાઇનાન્શિયલ સર્વિસિસ (૨.૯૪ ટકા) અને મેટલ (૨.૭૫ ટકા) વધ્યો હતો. કુલ ૩,૩૦૨ જેટલા શેરોમાં ઉછાળો આવ્યો જ્યારે ૭૮૫ ઘટ્યા અને ૧૬૯ યથાવત રહ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, ટોક્યોનો નિક્કી ૨૨૫, શાંઘાઈ એસએસઈ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગ સેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો. યુરોપના બજારો વધારા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. ટ્રમ્પે કહ્યું કે તેઓ સ્માર્ટફોન, કમ્પ્યુટર અને અન્ય ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓને તેમના ટેરિફમાંથી અસ્થાયી રૂપે મુક્તિ આપી રહ્યા છે. અનિશ્ચિતતા ચાલુ રહી હોવા છતાં ટેરિફમાંથી વધુ મુક્તિ જાહેર થતાં ઇક્વિટી માર્કેટને કરંટ મળ્યો હતો.

ટ્રમ્પે એમ પણ સૂચવ્યું કે તેઓ પહેલાથી જ અમલમાં રહેલા ઓટોમોબાઇલ્સ માટે ૨૫ ટકા લેવી પર મુક્તિ આપી શકે છે, જેના કારણે ઓટો શેરોમાં તીવ્ર તેજી આવી છે. તાજેતરની ટેરિફ ગોઠવણો સૂચવે છે કે વ્હાઇટ હાઉસ અમેરિકન ગ્રાહકો અને વ્યાપક અર્થતંત્ર પરના દબાણને ઓળખી રહ્યું છે.

આ દરમિયાન, સરકારી ડેટા મંગળવારે દર્શાવે છે કે માર્ચમાં જથ્થાબંધ ભાવ ફુગાવો ઘટીને ૨.૦૫ ટકા થયો હતો, જે ફેબ્રુઆરીમાં ૨.૩૮ ટકા હતો. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૨,૫૧૯.૦૩ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૨ ટકા ઘટીને ૭૪૭ઉ ૬૪.૫૪ પ્રતિ બેરલ પર પહોંચ્યું. શુક્રવારે સેન્સેક્સ ૧,૩૧૦.૧૧ પોઈન્ટ અથવા ૧.૭૭ ટકા વધીને ૭૫,૧૫૭.૨૬ પર સ્થિર થયો. નિફ્ટી ૪૨૯.૪૦ પોઈન્ટ અથવા ૧.૯૨ ટકા વધીને ૨૨,૮૨૮.૫૫ પર બંધ થયો. સોમવારે ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ નિમિત્તે ઇક્વિટી બજારો બંધ રહ્યા હતા.

# ડૉલરમાં નબળાઈ અને ઈક્વિટી માર્કેટમાં તેજીથી રૂપિયો 30 પૈસા ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે તેજીનું વલણ અને વૈશ્વિક વિનિમય બજારમાં આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે ૩૦ પૈસા ઊછળીને ૮૫.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તથા ગત માર્ચ મહિનાનો હોલસેલ ફુગાવો ઘટીને છ મહિનાની નીચી ૨.૦૫ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશ તેમ જ તાજેતરમાં અમેરિકાએ ભારત પર લાદેલી ૨૬ ટકા રેસિપ્રોકલ ટૅરિફ ૯૦ દિવસ મોકૂફ રાખતા રૂપિયાના સુધારાને વધુ ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. ગઈકાલે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે બજાર બંધ રહ્યા બાદ આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૧૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૮૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૫ અને ઉપરમાં ૮૫.૫૯ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૩૦ પૈસા વધીને ૮૬.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૫૮ પૈસા ઊછળીને ૮૬.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, ઈક્વિટી માર્કેટમાં સુધારો તથા ક્રૂડતેલના ભાવમાં ઘટાડાને કારણે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં સતત બાહ્યપ્રવાહ જળવાઈ રહ્યો હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૪૦થી ૮૬ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ૯૯.૩૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# રૂપિયો મજબૂત થતાં સોનામાં ₹ ૨૫૧નો ઘસરકો, ચાંદીમાં સટ્ટાકીય લેવાલીએ ₹ ૨૧૦૧નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યા બાદ આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧૦૧નો ઉછાળો આવ્યો હતો. જોકે, સોનામાં દરિયાપારની બજારોના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૩૦ પૈસાનો ઉછાળો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થયો હતો તેમ જ ઊંચા મથાળેથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦થી ૨૫૧નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નરમાઈતરફી વલણ છતાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી



ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૦૧ના સુધારા સાથે રૂ. ૯૫,૦૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ખાસ કરીને રૂપિયામાં મજબૂત વલણ અને ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વિશ્વ બજારથી વિપરીત ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦ ઘટીને રૂ. ૯૨,૭૨૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૧ ઘટીને રૂ. ૯૩,૧૦૨ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ યોજનાઓની અનિશ્ચિતતા, વૈશ્વિક ટ્રેડ વૉરની આશંકા અને તેને કારણે આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ભીતિ હેઠળ હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૨૧૯.૯૯ ડૉલર અને ૩૨૩૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૨૪૫.૭૨ ડૉલરની નવી ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે સોનામાં તેજીને ટેકો આપતા તમામ પરિબળો છે, પરંતુ એકતરફી તેજી જોવા ન મળતાં આંચકાઓ પચાવતી તેજી જોવા મળે તેવી શક્યતા યુબીએસનાં વિશ્લેષક ગિઓવન્ની સ્ટુઓનોએ જણાવ્યું હતું. વધુમાં અમેરિકી ફેડરલે રજિસ્ટર્ડ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે અમેરિકી વહીવટીતંત્ર આયાત ટૅરિફ લાદવા માટે ફાર્માસ્યુટિકલ અને સેમિકન્ડક્ટરની આયાતની સઘન તપાસ હાથ ધરી રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત સોમવારે જણાવ્યું હતું કે આગામી સપ્તાહે ફાર્માસ્યુટિકલ અને સેમિકન્ડક્ટરની આયાત સામેના ટેરિફની જાહેરાત કરવામાં આવશે.

# નિકલ અને કોપર વાયરબાર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરની માઠી અસરોને કારણે ચીનની આર્થિક વૃદ્ધિ મંદ પડે તેવી ભીતિ હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે વિવિધ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫ અને રૂ. ૧૬નો અને નિરસ માગે કોપર આર્મિચર, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે રૂ. પાંચનો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

અમેરિકા સાથેનાં ટ્રેડ વૉરને કારણે ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની આર્થિક વૃદ્ધિ મંદ પડે તેવી શક્યતા ઘણાં બ્રોકરેજ હાઉસો તેમ જ વિશ્લેષકો વ્યક્ત



કરી રહ્યા હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ટનદીઠ ૯૧૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગત માર્ચ મહિનામાં ચીનની કોપરની આયાતમાં ૧.૪ ટકાનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ સાથે અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. દરમિયાન આજે સ્થાનિક ધાતુ બજારમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૨૭૬૨ અને રૂ. ૧૬ ઘટીને રૂ. ૮૫૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ માગ પણ ખપપૂરતી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૫૫, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૯૦ અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૧૭ અને રૂ. ૨૪૦ના મથાળે રહ્યાં હતાં. જોકે, આજે માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૫૫ અને અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૫૪૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું.

# આયર્ન ઑરના ઉત્પાદનમાં બ્રાઝિલ અને ચીનને ઓવરટેક કરવાની ભારતમાં ક્ષમતા

નવી દિલ્હીઃ ભારતમાં આયર્ન ઑરના ઉત્પાદનમાં બ્રાઝિલ અને ચીનને ઓવરટેક કરીને વૈશ્વિક ઉત્પાદનમાં બીજો ક્રમાંક હાંસલ કરવાની ક્ષમતા હોવાનું વેદાન્તા જૂથનાં ચેરમેન અનીલ અગરવાલે તાજેતરમાં જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન દેશમાં આયર્ન ઑરનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૨૨.૮ કરોડ ટન સામે ૩.૫ ટકા વધીને ૨૩.૬ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું. ભારત કઈ રીતે આયર્ન ઑરના ઉત્પાદનમાં બ્રાઝિલ અને ચીનને ઓવરટેક કરી શકે છે તે સમજાવતા તેમણે કહ્યું હતું કે દેશમાં આયર્ન ઑરની પુષ્કળ અનામત છે, આપણે વર્ષે ૭૦ કરોડ ટન ઉત્પાદન કરી શકીએ તેમ છીએ અને ઓસ્ટ્રેલિયા પછી બીજો ક્રમાંક સરળતાથી હાંસલ કરી શકીએ છે અને આર્થિક વૃદ્ધિની સાથે રોજગાર વૃદ્ધિ અને સરકારની આવકમાં પણ વધારો થઈ શકે છે.

વૈશ્વિક આયર્ન ઑરની બજારમાં ભારતની વૃદ્ધિની ક્ષમતાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે આયર્ન ઑર અને સ્ટીલ વિનાના જીવનની તમે કલ્પના જ ન કરી શકો. આપણાં ઘર, આપણાં વાહનો, આપણાં ઉપકરણો તમામને આયર્ન તથા સ્ટીલની આવશ્યકતા હોય છે. આજે ભારત આયર્ન ઑરના વૈશ્વિક ઉત્પાદનમાં ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ અને ચીન પછી ચોથો ક્રમાંક ધરાવે છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આયર્ન ઑરનું ઉત્પાદન ૭.૫ ટકાના વૃદ્ધિદર સાથે ૨૭.૫ કરોડ ટન રહેવાનો પ્રાથમિક અંદાજ મૂકવામાં આવે છે.

આ સમયગાળામાં દેશમાં આયર્ન ઑરના મુખ્ય ઉત્પાદકોમાં એનએમડીસી, સેઈલ, ઓડિશા માઈનિંગ કોર્પોરેશન અને ટાટા સ્ટીલનો સમાવેશ થાય છે. તેમ જ દેશમાં કુલ ઉત્પાદન પૈકી ૫૪ ટકાના હિસ્સા સાથે ઓરિસ્સા અગ્રેસરનું રાજ્ય છે. ત્યાર બાદ અનુક્રમે કર્ણાટક ૧૬ ટકા અને છત્તીસગઢ ૧૫ ટકા હિસ્સો ધરાવો છે.

ભારત પાસે આયર્ન ઑરની અંદાજે ૩૩ અબજ ટનની અનામત છે જે દેશની ગ્લોબલ માઈનિંગની મહત્ત્વકાંક્ષાનું મુખ્ય પરિબળ બની શકે છે, એમ જણાવતા અગરવાલે ઉમેર્યું હતું કે ખનનની વૃદ્ધિ સાથે રાજ્યોનો વિકાસ પણ થઈ શકે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આયર્ન ઑરથી સમૃદ્ધ એવાં છત્તીસગઢ, જારખંડ અને ઓરિસ્સાનો વિકાસ થઈ શકે છે. હાલમાં આ રાજ્યોમાં માથાદીઠ આવક ભારતની સરેરાશ આવક ક્ષમતા કરતાં કરતાં ઓછી છે, પરંતુ તે ભારતની સરેરાશ આવક કરતાં બમણી થવાની ક્ષમતા ધરાવે છે આથી તેનાં પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

# મથકો પાછળ ખાંડમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં થયાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૪૨થી ૩૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૨૨થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૪૦૦૦માં થયા હોવાના અહેવાલ હતા.

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં પીછેહઠ

## એપ્રિલના પહેલા પખવાડિયામાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૭ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૬૩ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વિશ્વ બજારના નિરુત્સાહી અહેવાલ તેમ જ ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે ભાવ વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર ખપપૂરતા રહ્યા હતા અને ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, સિંગતેલમાં રૂ. ૧૦ અને સરસવ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૫ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા માર્ચ મહિનાના સમાન સમયગાળાના ૪,૨૦,૬૭૭ ટન સામે ૧૬.૯૫ ટકા વધીને ૪,૯૧,૯૮૪ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૫થી ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૫ તથા ગોલ્ડન એગ્રી તથા એએનએના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૨૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૫, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૨૧૫૦ના મથાળે અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ઉનાળામાં દરેકને પીવાનું પાણી મળી રહેશે, ઉચ્ચસ્તરીય બેઠકમાં પાણીપુરવઠા વિભાગને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળો શરૂ થતાની સાથે અત્યારે રાજ્યમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે, જેના કારણે લોકો ત્રાહીમામ પોકારી રહ્યાં છે. જેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉનાળા દરમિયાન નાગરિકોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજન માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. મુખ્ય પ્રધાન દ્વારા પાણીપુરવઠા વિભાગ, જળસંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા નિર્દેશો પણ આપ્યા હતા.

નોંધનીય છે કે, ગુજરાતમાં અત્યારે ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત રાખવામાં આવ્યું છે. જ્યારે સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી સંગ્રહિત કરવામાં આવેલું છે. આથી ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

ગુજરાત રાજયના કુલ ૧૮,૧૫૨ ગામો, ૨૯૨ શહેરો પૈકી ૧૫,૭૨૦ ગામો અને ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જુથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦,૬૫૯ ગામો, ૧૯૦ શહેરોને નર્મદા આધારીત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ આધારિત યોજનાથી પાણી પુરૂ પાડવામાં આવે છે. આ ઉપરાંત પાણી પુરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા માટે ગાંધીનગરમાં ૨૪૩૭ કંટ્રોલ રૂમ અને ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. તેની અને હેન્ડ પંપ રિપેરીંગ માટે ૧૧૯ જેટલી ટીમો નિયુક્ત કરવામાં આવી છે તેની વિગતો અગ્ર સચિવ શાહમીના હુસેન દ્વારા આ બેઠકમાં આપવામાં આવી હતી. ■



પવિત્ર અમરનાથ યાત્રા માટે રાજકોટમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ પ્રથમ દિવસે જ શ્રદ્ધાળુઓને તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજયનાં ૮ શહેરનું તાપમાન ૪૦ને પહોંચ્યું, ૪૨.૮ ડિગ્રી સાથે રાજકોટ અગનભઠ્ઠી બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૫થી ૧૭ એપ્રિલ સુધી હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી હતી. ચાર જિલ્લામાં યલો એલર્ટ પણ જાહેર કરાયું હતું. ૮ શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. રાજકોટમાં ૪૨.૮ ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચી જતાં લોકો અકળાયા હતા અને બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બન્યા હતા. બીજી તરફ સાબરકાંઠામાં આકરી ગરમી વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં.

આગામી ત્રણ દિવસ માટે કચ્છ, રાજકોટ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં હિટવેવની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં હિટવેવની આગાહી વચ્ચે કમોસમી વરસાદી ઝાપટું વરસ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના ખેડાસણ કંપામાં કમોસમી વરસાદી ઝાપટું પડ્યું હતું. ત્યાર બાદ ખેડબ્રહ્માના દામાવાસ,તાંદલિયા, કલોલ,નાકા, લક્ષ્મીપુરા સહિતના ગ્રામ્ય પંથકમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. માત્ર પાંચથી સાત મિનિટ ઝાપટું પડ્યું હતું. ■

# રાજકોટમાં શરદી-ઉધરસ અને ઝાડા-ઊલટી સહિત વિવિધ રોગનાં કુલ ૧૩૬૨ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ઉનાળાની ભારે ગરમીના કારણે રોગચાળો વકર્યો છે. સતત નવમાં સપ્તાહે રાજકોટ મનપાના ચોપડે ટાઇફોઇડ અને કમળાના ૪-૪ દર્દીઓ જ્યારે ઝાડા-ઊલટી અને સામાન્ય તાવ, શરદી-ઉધરસના કુલ ૧,૩૬૨ કેસ છેલ્લા સપ્તાહમાં નોંધાયા હતા. જેને પગલે આરોગ્ય વિભાગ વધુ સતર્ક બન્યું છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે ક્લોરીનેશન વધારવા તેમજ પીવાનું અને ગટરનું પાણી મિક્સ ન થાય તે માટે પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

મળતી વિગત મુજબ છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. અને મનપાનાં ચોપડે વિવિધ રોગોના ગત સપ્તાહે ૧,૪૪૯ સામે ચાલુ સપ્તાહે ૧,૩૬૨ કેસ નોંધાયા હતા. જેમાં શરદી-ઉધરસના ૫૩૦ કેસ, ઝાડા-ઊલટીના ૧૯૬, સામાન્ય તાવના ૬૨૮ કેસ નોંધાયા છે.

ઉપરાંત સતત નવમાં સપ્તાહે પણ જોખમી ગણાતા ટાઇફોઇડ તાવના ૪ કેસ અને કમળાના પણ વધુ ૪ કેસ નોંધાયા છે.

મચ્છરજન્ય રોગચાળામાં મલેરિયાનો અને ચિકનગુનિયાનો કોઈ કેસ નોંધાયો નથી. જોકે, આ આંકડાઓ સરકારી આરોગ્ય કેન્દ્રોના છે. નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં લઈએ તો દર્દીનો કુલ આંકડો ૭,૦૦૦ કરતા વધુ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ■

# મિલકતવેરા વળતર યોજનામાં ૭ દિવસમાં ૪૪,૪૦૯ કરદાતાએ રૂ.૨૩.૧૯ કરોડ ભર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલકતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે તા.૯-૪-૨૦૨૫થી વેરા વળતર યોજના હેઠળ વસૂલાત શરૂ કરાઇ હતી. દરમિયાન આજે તા.૧૫ના રોજ બપોરે રિશેષ સુધીમાં કુલ ૪૪,૪૦૯ કરદાતાઓ દ્વારા રૂ.૨૩.૧૯ કરોડનો વેરો ભરપાઇ કરાયો છે, જેમાં ૩૬,૧૩૮ કરદાતા દ્વારા ઓનલાઇન રૂ.૧૮.૭૯ કરોડ તથા ૮,૨૭૧ કરદાતા દ્વારા ચેક તથા રોકડાથી રૂ.૪.૪૦ કરોડની આવક થઇ છે. ઉપરોક્ત કુલ વેરામાં ૨.૮૭ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડ્વાન્સ વેરો ભરપાઇ કરનારને આપવામાં આવે છે.

વિશેષમાં રાજકોટ મહાનગરપાલિકાની ટૅક્સ બ્રાન્ચના અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત મિલકતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે તમામ ઝોન ઑફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઑફિસ ખાતે વેરો સ્વીકારવામાં આવે છે. ઝોન ઑફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસમાં છાંયડા,પીવાના પાણી તથા જરૂરી બેઠક વ્યવસ્થાની સુવિધા કરવામાં આવી છે.

તા.૩૧ મે સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઇ કરવા ઉપર ચાલુ વર્ષના માંગણા પર ૧૦ ટકા વળતર આપવામાં આવશે. ફક્ત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ પાંચ ટકા વળતર આપવામાં આવશે. ઉપરોકત વળતર ઉપરાંત ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલકત ધારકને આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ એક ટકા વળતર આપવામાં આવશે. તદ્ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજનાઓ દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાને લોયાલિટી બોનસ પેટે વિશેષ એક ટકા વળતર આપવામાં આવશે, જ્યારે ૪૦ ટકાથી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ પાંચ ટકા વળતર આપવામાં આવશે. વહેલી તકે એડ્વાન્સ વેરો ભરપાઇ કરી યોજનાનો લાભ લેવા કરદાતાઓને અપીલ કરવામાં આવી છે.

જ્યારે તા.૧ જૂનથી ૩૦ જૂન સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઇ કરવા પર ચાલુ વર્ષના માંગણા ઉપર પાંચ ટકા વળતર આપવામાં આવશે. ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ પાંચ ટકા વળતર આપવામાં આવશે.

ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલ્કત ધારકને આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ એક ટકા આપવામાં આવશે. સતત ત્રણ વર્ષથી આવી યોજનાઓ દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલિટી બોનસ પેટે વિશેષ એક ટકા આપવામાં આવશે, જ્યારે ૪૦ ટકાથી વધારે ડિસેબિલિટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ પાંચ ટકા વળતર આપવામાં આવશે. ■

# રાજકોટના કુવાડવામાં પચીસ કાચા, આઠ પાકા અને એક ગેરેજ પર બૂલડોઝર ફરી વળ્યું, ચાર હજાર ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચનાને પગલે જિલ્લામાં ગેરકાયદેસર સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આજે તાલુકા મામલતદારની ટીમ દ્વારા રાજકોટ નજીક આવેલા કુવાડવા ગામ ખાતે ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં આશરે ૪૦૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી હતી.



(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

મળતી માહિતી અનુસાર, કુવાડવા ગામના સર્વે નંબર ૫૫૭ પૈકીની સરકારી જમીન પર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર દબાણ હતું. તાલુકા મામલતદાર દ્વારા દબાણકર્તાઓને વારંવાર નોટિસ આપવામાં આવી હોવા છતાં, તેમણે દબાણ દૂર ન કર્યું. આથી, આજે વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા. ડિમોલિશનની આ કાર્યવાહી દરમિયાન, આશરે ૨૫ જેટલા કાચા મકાનો, આઠ પાકા મકાનો અને એક ગેરેજ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. અંદાજિત બે કરોડ રૂપિયાથી વધુ કિંમતની આ સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ કામગીરીમાં કુવાડવા ગામના તલાટીમંત્રી તેમજ કુવાડવા પોલીસ તાલુકા મામલતદાર સર્કલ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. ■

# ભુજની જૂની જેલમાં પડેલાં વાહનોમાં બ્લાસ્ટ થતા લાગી ભીષણ આગ, વાહનો બળીને ખાખ



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજઃ કચ્છના ભુજ શહેરના કોટ અંદરના સરપટ નાકા વિસ્તાર પાસે આવેલી જૂની જેલના કમ્પાઉન્ડમાં પોલીસ દ્વારા જપ્ત કરેલાં અંદાજિત એક હજારથી વધારે વાહનોમાં મંગળવારની તપતી બપોરે વિકરાળ આગ ફાટી નીકળતાં આસપાસના વિસ્તારોમાં ફફડાટ ફેલાયો હતો. ભયાનક આગની ચપેટમાં આવી ગયેલાં વાહનોમાં રહેલાં ઇંધણમાં બ્લાસ્ટના અવાજોથી આ વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. દાવાનળને કારણે ઊભા થયેલા કાળા ડિબાંગ ધુમાડા સાત કિલોમીટર દૂરથી પણ જોવા મળ્યા હતા.

બનાવ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, આગજનીની ઘટના ભુજના સરપટ નાકા વિસ્તારમાં આવેલા બી ડિવિઝન પોલીસ મથકની નજીક બની હતી, જેમાં ભૂકંપમાં ધ્વસ્ત થઇ ગયેલી અને હાલ બંધ હાલતની જૂની જેલના વિશાળ કમ્પાઉન્ડમાં પોલીસ દ્વારા જપ્ત કરીને પાર્ક કરવામાં આવેલાં અંદાજે એક હજાર જેટલા વાહનોમાં કોઈ કારણોસર આગ ફેલાઈ હતી. ટાંકીમાં પેટ્રોલ અને ડીઝલ હોવાના કારણે આગ અને ગરમીના કારણે વિસ્ફોટ થવા લાગ્યા હતા.

પોલીસ અને ત્રણ ફાયરબ્રિગેડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર વિભાગે ઝડપી કામગીરી કરીને લગભગ દોઢથી બે કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. ભારે ગરમી વચ્ચે અચાનક આગ ફાટી નીકળવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. વિવિધ વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી રહ્યા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આગના કારણો અને નુકસાનની વિગતવાર તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છના કુરન પાસેથી ઝડપાયેલા બાંગ્લાદેશી યુવક વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આજથી આઠ મહિના અગાઉ કચ્છના સરહદી વિસ્તાર એવા કુરન ગામના બસ સ્ટેશન પાસેથી પોલીસે નકલી ઓળખપત્રો સાથે પકડેલા બાંગ્લાદેશી ઘૂસણખોર વિરુદ્ધ ખાવડાના પોલીસ મથકે વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ગત ૭મી ઓગસ્ટ,૨૦૨૪ના રોજ કચ્છમાંથી પકડેલા આ બાંગ્લાદેશી પાસેથી મળી આવેલું આધારકાર્ડ નકલી હોવાનું જાણવા મળ્યું હતું અને પ્રવાસી વિઝા દ્વારા ભારતમાં આવી હતી, રાજધાની દિલ્હીના શખ્સ પાસેથી નકલી આધારકાર્ડ બનાવ્યો હોવાનું સુરક્ષા એજન્સીઓને જાણવા મળતાં બન્ને આરોપી વિરુદ્ધ ખાવડા પોલીસ મથકે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પોલીસ ઇન્સ્પેકટરએ ફરિયાદ નોંધાવી હતી. ગઢવીએ આ પ્રકરણ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે ખાવડા પોલીસે કુરનના બસ સ્ટેશન પાસેથી મહંમદુલ્લા મોહંમદ અતિયાર રહમાન ખાન નામના ૩૫ વર્ષના યુવકને અટકમાં લીધો હતો. તેની પૂછપરછ કરતાં તે બાંગ્લાદેશનો હોવાનું જણાવ્યું હતું. આ શખ્સની બેગ તપાસતાં તેમાં બે મોબાઈલ ફોન, ટ્રેન-બસ ટિકિટ, એટીએમ, બાંગ્લાદેશી ચલણ ટકા, અમેરિકન ડોલર તથા ભારત સરકારનું આધારકાર્ડ જેમાં આરોપીનો ફોટો હતો તે મળ્યા હતા. ફોન તપાસતાં ડેટા ડિલિટ થયેલા હતા. અહીં પોતે હેરોઈન લેવા આવ્યો હોવાનું જણાવી ગોળ-ગોળ વાતો કરતો હતો. એટીએસ અને એસઓજીની સઘન પૂછપરછમાં તેણે હેરોઈનની દાણચોરી અંગે કહેલી વાતોની ખરાઈ કરતાં તે ખોટી નીકળી હતી. આરોપી મહંમદુલ્લા ખાન (રહે. બાંગ્લાદેશ)એ પાસપોર્ટથી ભારતીય ટૂરિસ્ટ વિઝા મેળવી ભારતમાં આવ્યો હતો. દિલ્હીના પોતાના જાણીતા સંજીવ ગંભીર નામના શખ્સની મદદથી અજાણ્યા દુકાનદાર પાસેથી બનાવટી આધારકાર્ડ બનાવ્યાની કેફિયત આપી છે. પરવાનગી વિના સરહદી પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસી પેતે બાંગ્લાદેશી હોવા છતાં ભારતમાં ગેરકાયદે વસવાટ કરવા અથવા પોતાના આર્થિક ફાયદા અર્થે બનાવટી આધારકાર્ડ બનાવી અને તેની મદદ કરનાર સંજીવ ગંભીર વિરુદ્ધ ખાવડા પોલીસે ખોટા દસ્તાવેજો તથા વિદેશી સંબંધી અધિનિયમ તળે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરના કલેક્ટર તરીકે ડૉ. મનીષકુમાર બંસલે ચાર્જ સંભાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના નવા કલેક્ટર તરીકે ડો. મનીષકુમાર બંસલે આજે ચાર્જ સંભાળ્યો હતો. તેમના સ્વાગત સમારંભમાં એક અનોખી પહેલ કરવામાં આવી હતી. પરંપરાગત પુષ્પગુચ્છને બદલે ''ખિલોના ખુશીયો કા'' અભિયાન અંતર્ગત રમકડાં આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેક્ટર એન.ડી.ગોવાણી સહિત કલેક્ટર કચેરીના વિવિધ વિભાગના અધિકારીઓએ નવા કલેક્ટરને આવકાર્યા હતા. ડૉ. બંસલે જણાવ્યું હતું કે, રમકડાંથી કરાયેલું સ્વાગત જરૂરિયાતમંદ બાળકોના જીવનમાં ખુશી લાવી શકશે.

૨૦૧૩ની બેચના આઈએએસ અધિકારી ડૉ. મનીષકુમાર બંસલ રાજસ્થાનના વતની છે. તેઓ એમબીબીએસની પદવી ધરાવે છે. તેમણે અગાઉ ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ, ગાંધીનગરમાં મેનેજિંગ ડાયરેક્ટર તરીકે સેવા આપી છે. મહીસાગર જિલ્લાના કલેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. છેલ્લા ૧૨ વર્ષથી સનદી અધિકારી તરીકે કાર્યરત ડૉ. બંસલ પાસે વહીવટી ક્ષેત્રનો સમૃદ્ધ અનુભવ છે.

કલેક્ટર તરીકે ચાર્જ સંભાળયા બાદ ડોક્ટર મનીષકુમારે ભાવનગરના પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજીને યાદ કર્યા હતા. કલેક્ટર કચેરીના દરવાજા તમામ લોકો માટે ખુલ્લા છે તેમ જણાવી વધુમાં કહ્યું હતું કે ભાવનગર માટે તેઓ બેસ્ટ કામ કરશે. ■

# રાજકોટના રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં વંડામાંથી ૨૫ પેટી દારૂનો જથ્થો ઝડપાયો

અમદાવાદઃ રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફને નવાગામ આણંદપર પાસે રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં વંડામાંથી રૂપિયા ૧.૦૧ લાખની કિંમતનો ૨૫ પેટી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. દારૂનો આ જથ્થો અહીં મૂકી જનાર શખસને ઝડપી લેવા પોલીસે તપાસ હાથ ધરી છે. દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, કુવાડવા રોડ પોલીસ મથકના એએસઆઈ કે.વી. જાડેજાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ માલકીયા, કોન્સ્ટેબલ મેહુલભાઈ મુંધવા સહિતનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં કોકોકોલાના ફ્રીજના ગોડાઉન પાસે ખાલી પ્લોટમાં વિદેશી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે.

આ બાતમીના આધારે પોલીસની ટીમે અહીં કોકોકોલાના ફ્રીજના ગોડાઉન પાસે આવેલા એક ખાલી વંડામાં તપાસ કરતા ખૂણામાં કપડું ઢાંકેલું હોય જે કપડું ઊંચકાવી જોતા તેની અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અહીંથી ઇંગ્લિશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૫ પેટી કિંમત રૂ.૧,૦૧,૩૭૬ નો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. ■

# ભાવનગરમાં પોલીસના નિવેદનના નામે કરાતી હેરાનગતિ સામે હીરાના વેપારીઓમાં રોષ

## હીરાબજાર બંધ કરવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના હીરાના વેપારીને પોલીસ નિવેદન માટે હેરાન કરતી હોવાનું જણાવી ભાવનગર જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા આ હેરાનગતિ બંધ નહીં થાય તો હીરા ઉદ્યોગ બંધ થવાની ચીમકી આપવામાં આવી હતી.

ભાવનગરમાં છેલ્લા કેટલાક સમયથી હીરાના છેતરપિંડીના કેસંદર્ભે ચાલતા પ્રકરણમાં એક આરોપીએ આપેલ અરજીને આધારે હીરાના ત્રણ વેપારીઓને નિવેદન માટે પોલીસ દ્વારા બોલાવીને હેરાન કરવામાં આવતા હોવાથી હીરાના વેપારીઓમાં રોષની લાગણી ફેલાય છે. આ અંગે ભાવનગર જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ઘનસશ્યામભાઈ કુરેશીયાએ વેપારીઓને સાથે રાખી જણાવ્યું હતું કે નિવેદનના નામે કરાતી હેરાનગતિથી વેપારીઓમાં નારાજગી ફેલાય છે અને આ બંધ નહીં થાય તો હીરાબજાર બંધ કરવામાં આવશે.

હીરાના વેપારીઓની મિટિંગ બાદ વેપારીઓએ અરજીના આધારે હીરાના વેપારીઓને પોલીસ દ્વારા અપાયેલ નોટિસ મામલે ઇન્ચાર્જ એસ. પી. ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ઘનશ્યામભાઈએ જણાવ્યું હતું કે કેન્દ્રીય પ્રધાન તેમજ રેન્જ આઈ.જી. તેમજ ડીએસપીને પણ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. ■